بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧-નવેમ્બર-૨૦૧૯**

સફરુલ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ હિજરી સન : ૧૪૪૧

વર્ષ : ૧૬, અંક : ૧૧, સળંગ અંક : ૧૯૧

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | હઝરત આઈશા رضی اللہ عنہا નો મર્તબો અને આપના ગુસ્તાખનો અંજામ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 04 | આપણા નબી صلی اللہ علیہ وسلم સરાપા મોજિઝો બનીને આવ્યા ! | 14 |
| 05 | બાલ મુબારકની બરકતો હદીષો તથા બુઝુર્ગોના કથનોની રોશનીમાં | 21 |
| 06 | કાનૂને શરીઅત | 26 |
| 07 | ગુનાહોનો ઈલાજ | 28 |
| 08 | لَیۡسَ مِنَّا 'તે અમારો નથી' | 30 |
| 09 | ભારતના મુસ્લિમો સ્પેનના ઈતિહાસથી બોધ લે | 35 |
| 10 | ઈસ્લામમાં માનવ હક્કો હિંદુ લેખકોની દૃષ્ટિએ | 40 |
| 11 | બરકાતે ખ્વાજાની ટપાલ | 45 |


## દિલ કો ઉનસે ખુદા જુદા ન કરે

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

દિલ કો ઉનસે ખુદા જુદા ન કરે
બેકસી લૂટ લે ખુદા ન કરે
યહ વહી હૈં કે બખ્શ દેતે હૈં
કૌન ઈસ જુર્મોં પર સઝા ન કરે
દિલ કહાં લે ચલા હરમસે મુઝે
અરે તેરા બુરા ખુદા ન કરે
હશ્રમેં હમ ભી સૈર દેખેંગે
મુન્કિર આજ ઉનસે ઈલ્તેઝા ન કરે
ઝો'ફ માના મગર યે ઝાલિમ દિલ
ઉનકે રસ્તે મેં તો થકા ન કરે
જબ તેરી ખૂ હૈ સબકા જી રખના
વહી અચ્છા જો દિલ બુરા ન કરે
દિલ સે એક ઝૌકે મય કા તાલિબ હૂં
કૌન કહતા હૈ ઈત્તેકા ન કરે
લે "રઝા" સબ ચલે મદીને કો
મૈં ન જાઉં અરે ખુદા ન કરે

# હઝરત આઈશા رضی اللہ عنہا નો મર્તબો
## અને
# આપના ગુસ્તાખનો અંજામ

તંત્રી લેખ...

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا નો મક઼ામ તથા મર્તબો કેટલો મહાન છે કે અલ્લાહના પ્યારા મહબૂબ ﷺનાં પત્ની સાહેબા છે અને સર્વ મુસલમાનો જેમને પોતાની મા ગણે છે. નબીઓ બાદ સર્વ ઉમ્મતીઓમાં સૌથી અફઝલ ઈન્સાન, હુઝૂર નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ના જાહેરી હયાત તથા વિસાલ પછીના પણ સાથી, જેમની ક઼બર હુઝૂર નબી કરીમ ﷺની સાથે છે તે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ નાં નેક પવિત્ર પુત્રી છે. સર્વ સહાબીઓ તથા અત્યાર સુધીના મુસલમાનો હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ને "ઉમ્મુલ મો'મિનીન"થી સંબોધીને આપની તા'ઝીમ કરતા રહ્યા તેમજ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ઈસ્લામના બીજા ખલીફા જેમનો મર્તબો એ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "મારા બાદ જો કોઈ નબી હોત તે ઉમર હોત." હુઝૂર ﷺની સાથે આપ પણ ગુંબદે ખદરા નીચે આરામ ફર્માવી રહ્યા છે, તે ઉમર رضی اللہ عنہ પણ હઝરત આઈશા رضی اللہ عنہا ની તા'ઝીમ કરતા રહ્યા. એ જ પ્રમાણે હઝરત ઉષ્માન ગની તથા હઝરત અલી, હસ્નૈન કરીમૈન, હઝરત ફાતિમા رضوان اللہ تعالیٰ علیہم اجمعین સર્વએ આપની તા'ઝીમ કરી. હદીષમાં છે : "સહાબીનું એક મુદ જવ ખૈરાત કરવું તમારા ઓહદ પહાડ બરાબર સોનુ ખૈરાત કરવા કરતાં બેહતર છે." *(સિહાહ સિત્તહ)* તો હઝરત આઈશા સહાબિયહ તો છે જ ઉપરથી હુઝૂર ﷺનાં પત્ની પણ છે. તો આપના મર્તબાનું શું કહેવું ?! એવી મહાન હસ્તી હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ની શાનમાં બેઅદબી કરતી એક ફિલ્મ હિંદુસ્તાનનો એક બદ્‌બખ્ત વસીમ રઝવી (શીઆ) નામનો શખ્સ બનાવીને નબી પાક علیہ الصلوٰۃ والسلام ની ચહીતી બીવીની ગુસ્તાખી કરીને દુનિયા આખેરતની તબાહીને નોતરી ચૂક્યો છે. હિંદુસ્તાનની ઘણી મુસ્લિમ સંસ્થાઓ જેમ કે રઝા એકેડમી–મુંબઈ તથા ભરૂચના તેમજ અન્ય સ્થળોના મુસ્લિમોએ એનો વિરોધ દર્શાવ્યો છે. અમો પણ કડક શબ્દોમાં એને વખોડીને એ બદ્‌બખ્તનો વિરોધ કરીએ છીએ અને એની ફિલ્મ પર પ્રતિબંધ સત્વરે મૂકવામાં આવે અને મુસ્લિમોની લાગણી દુભાવનાર આ શખ્સ પર સખત રીતે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે એવી માગણી ગવર્નમેન્ટથી કરીએ છીએ.

### ★ શું કોઈ પોતાની માના માટે આવી ફિલ્મ બનાવશે ?! ★

દુનિયાનો કોઈ ઈજ્જતદાર તથા ગૈરતમંદ ઈન્સાન કદાપિ એવું ઈચ્છશે નહીં કે પોતાની મા બહેનની ફિલ્મો બને અને તેને લોકો જોઈને મનોરંજન માણે. તો પછી સર્વ મો'મિનોની મા, ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا ની ફિલ્મ બને અને કોઈ ફાહિશા, બેહયા સ્ત્રી તેમનો રોલ ભજવે, પોતે પોતાને હઝરત આઈશા દર્શાવી, સ્નાનનાં દશ્યો તથા એવો જ બેહયા રોલ ભજવીને આપની શાનમાં ગુસ્તાખી કરે, આ વાત એક ઈમાનવાળો બંદો કઈ રીતે સહન કરી શકે છે ?! આ એક મહાન ગુસ્તાખી તથા બેઅદબી નબી પાક ﷺનાં બીવીની એ ખુદ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની શાનમાં જ બેઅદબી છે, જેને રોકવા માટે સર્વ ઈમાનવાળાઓએ વિરોધ દર્શાવી એના પર પાબંદીની માગણી કરવી જોઈએ. આવો ! હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا નો મક઼ામ તથા મર્તબો અલ્લાહ વ રસૂલ

ﷺના દરબારમાં શું છે તેને સમજો અને આ બદ્‌બખ્ત વસીમ રઝવીનું કૃત્ય કેટલુ ધૃણાજનક છે તે વિચારો અને એનો ભરપુર વિરોધ દર્શાવો.

## ★ હઝરત આઈશા رضی اللہ عنہاના નિકાહ ખુદ અલ્લાહે હુઝૂર ﷺથી કર્યા ★

ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજા رضی اللہ عنہاના વિસાલ બાદ હુઝૂર ﷺએ અફઝલુલ બશર બઅદલ અંબિયા હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہનાં પુત્રી હઝરત આઈશા رضی اللہ عنہا સાથે નિકાહ કર્યા. હુઝૂર ﷺએ એકવાર હઝરત આઈશા رضی اللہ عنہاને ફર્માવ્યું, હે આઈશા ! નિકાહથી પહેલાં એક ફરિશ્તો ત્રણ રાતો સતત ખ્વાબમાં તમારી સૂરત એક રેશમી કપડામાં લપેટીને મને દેખાડતો રહ્યો અને કહેતો રહ્યો કે આ આપનાં પત્ની છે. અને હવે જ્યારે મેં તને જોઈ તો તમે તે જ છો. અને ફર્માવ્યું કે એક દિવસે જિબ્રઈલ علیہ السلام મારી પાસે તમારી તસ્વીર એક લીલા રંગના રેશમી કપડામાં લપેટીને લાવ્યા અને કહેવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ આ આપનાં દુનિયા તથા આખેરતમાં પત્ની છે. અલ્લાહ તબારક વ તઆલાએ આપનો નિકાહ એમનાથી કરી આપ્યો છે. *(મિશ્કાત શરીફ, પેજ : ૫૬૫, મવાહિબે લદુન્નિયહ, ૧/૨૦૪)*

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاની શાન ઘણી જ મહાન છે. આપ ﷺનાં બંને જહાનમાં રફીક઼ા છે અને આપના નિકાહ ખુદ અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યા છે. પછી જો કોઈ બદ્‌બખ્ત આપની શાનમાં બેઅદબી કરે તો પોતાની જ તબાહી નોંતરી રહ્યો છે.

## ★ હઝરત આઈશા رضی اللہ عنہاની બેઅદબી કરનારને રબની ચેતવણી ★

હિ.સ. ૫માં ગઝવતુન્નબી અલમુસ્તલકથી પરત થતી વખતે કાફલો મદીના પાક નજીક એક પડાવ પર રોકાયો, તો ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا જરૂરતના માટે એક ખૂણામાં તશરીફ લઈ ગયાં. ત્યાં આપનો હાર તૂટી ગયો અને આપ એની તલાશમાં વ્યસ્ત થઈ ગયાં. પેલી બાજુ કાફલાએ કૂચ કરી અને આપની પાલકી ઊંટ પર કસી દીધી. કાફલાવાળાઓએ એ જ ગુમાન કર્યું કે ઉમ્મુલ મો'મિનીન એમાં છે. કાફલો ચાલી નીકળ્યો અને જ્યારે આપ પરત આવ્યાં તો જોયું કે કાફલો જઈ ચૂક્યો છે. આપ કાફલાની જગાએ બેસી ગયાં. આપે વિચાર્યું કે મારી તલાશમાં કાફલો જરૂરત પરત આવશે. કાફલાની પાછળ રહી ગયેલી ચીજો ઉઠાવવામાં માટે એક સાહબ રહ્યા કરતા હતા. એ મોક઼ા પર હઝરત સફવાન એ કામ પર નિયુક્ત હતા. જ્યારે તે આવ્યા તો ઉમ્મુલ મો'મિનીનને જોયાં તો બુલંદ અવાજથી اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ પઢયા. ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاએ કપડાથી પર્દો કરી લીધો. તેમણે પોતાની ઊંટણી બેસાડી. આપ એના પર સવાર થઈને લશ્કરમાં પહોંચ્યાં. કાળા દિલવાળા મુનાફિક઼ોને મોકો મળી ગયો અને તેઓએ ખરાબ વહેમો ફેલાવવા શરૂ કરી દીધા અને આપની શાનમાં બદગોઈ શરૂ કરી દીધી. ઉમ્મુલ મો'મિનીન આ આક્ષેપોને સાંભળીને બીમાર થઈ ગયાં, અને એક મહિના સુધી બીમાર રહ્યાં. આ અરસામાં આપને એ જાણ ન થઈ કે મુનાફિક઼ો આપના વિશે શું શું અફવાઓ ફેલાવી રહ્યા છે. એક દિવસે ઉમ્મે મસ્તહથી તેમને એ ખબર મળી અને એનાથી આપ અધિક બીમાર પડી ગયાં. અને આ સદમાથી એટલા પ્રમાણમાં રડયાં કે આપનાં આંસૂ રોકાતાં ન હતાં, અને ન ક્ષણભર માટે ઊંઘ આવી હતી. આ હાલમાં હુઝૂર ﷺ પર વહી નાઝિલ થઈ અને હઝરત ઉમ્મુલ મો'મિનીન

હઝરત મા આઈશા رضی اللہ عنہاની પાકીઝગી તથા પવિત્રતાની ખુદ અલ્લાહ તબારક વ તઆલાએ ગવાહી આપી, અને કેટલીયે આયતો સૂરએ નૂરની આપની પાકીઝગી તથા પવિત્રતામાં નાઝિલ થઈ. અને ફર્માવ્યું :–

لِكُلِّ امْرِئٍ مِّنْهُمْ مَّا اكْتَسَبَ مِنَ الْإِثْمِ ۚ وَالَّذِي تَوَلَّىٰ كِبْرَهُ مِنْهُمْ لَهُ عَذَابٌ عَظِيمٌ ''એમનામાં દરેક શખ્સના માટે તે ગુનોહ છે જે તેણે કમાયો, અને એમનામાં તે જેણે સૌથી મોટો હિસ્સો લીધો તેના માટે **મહાન અઝાબ** છે.'' *(સૂરએ નૂર, ૨૪/૧૧)*

એટલે કે, ''ઉમ્મુલ મો'મિનના બારામાં આક્ષેપ લગાડવામાં જેણે જેટલા પ્રમાણમાં પણ ભાગ લીધો, કોઈએ તોફાન ઉઠાવ્યું, કોઈએ આક્ષેપ મૂકનારની મૌખિક રીતે મુવાફિક઼ત કરી, કોઈ હસી પડયો, કોઈએ ખામોશીની સાથે જ સાંભળી લીધુ. જેણે જે કાંઈ પણ કર્યું એ ગુનાહનો તેને બદલો મળશે, અને જેણે સૌથી મોટો હિસ્સો લીધો તેના માટે **સૌથી મહાન અઝાબ** છે.'' *(કુર્આને કરીમ, ૧૮/૮, ખઝાઈનુલ ઈર્ફાન, પેજ : ૪૭૯)*

હઝરત આઈશા رضی اللہ عنہاના ગુસ્તાખ મુનાફિક઼ોને માટે જ્યારે અલ્લાહ ફર્માવે છે કે તેમના માટે ''સૌથી મહાન અઝાબ'' છે, તો વિચારો તે કેટલો ભયાનક અઝાબ હશે. તો વર્તમાનકાળના ગુસ્તાખને પણ એવો જ મહાન અઝાબ થવાનો છે એ વાતનું યક઼ીન રાખવું જોઈએ.

## ★ હઝરત આઈશા رضی اللہ عنہاની પાકીઝગીમાં સહાબીની ગવાહીઓ ★

ઉમ્મુલ મો'મિનીન હઝરત મા આઈશા رضی اللہ عنہا પર મુનાફિક઼ોએ જ્યારે આક્ષેપ લગાડયો તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને ફર્માવ્યું કે તેણીના તરફથી કોણ મારી સમક્ષ મઅઝેરત પેશ કરી શકે છે ? હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મુનાફિક઼ો યક઼ીનન ! જૂઠા છે અને ઉમ્મુલ મો'મિનીન યક઼ીનન ! પાક છે. અલ્લાહ તબારક વ તઆલાએ આપના શરીર પાકને માખી બેસવાથી મહેફૂઝ રાખેલ છે કે તે નાપાકીઓ પર બેસે છે, પછી કેવી રીતે બની શકે છે કે તે આપને બુરી સ્ત્રીની સોહબતથી મહેફૂઝ ન રાખે !

હઝરત ઉષ્માન رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અલ્લાહ તબારક વ તઆલાએ આપનો સાયો જમીન પર નથી પડવા દીધો કે જેથી તેના પર કોઈનો ક઼દમ ન પડે. તો જે પરવરદિગાર આપના સાયાને મહેફુઝ રાખે છે કે તો કેવી રીતે શક્ય છે કે તે આપનાં પત્નીને મહેફૂઝ ન રાખે !

હઝરત અલી کرم اللہ وجہہ الکریمએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એક જૂ (જવ)નું લોહી લાગવાથી અલ્લાહ તબારક વ તઆલાએ આપને નાલૈન ઉતારી દેવાનો હુકમ આપ્યો, તો જે પરવરદિગાર આપના નાલૈન શરીફ (જૂતા મુબારક)ની આટલી ખરાબી પસંદ નથી કરતો તો શક્ય જ નથી કે તે આપનાં પત્નીની ખરાબી પસંદ કરે.

એ જ પ્રમાણે અન્ય ઘણા સહાબા તથા સહાબિયાએ ઉમ્મુલ મો'મિનીનના હક્ક઼માં તહારત તથા પાકીઝગી વિશે બયાન આપ્યાં અને ક઼સમો ખાધી. પાકીની આયત નાઝિલ થતા પહેલાં જ ઉમ્મુલ મો'મિનીનની ઈજ્જત તથા બુઝુર્ગીમાં ઔર વધારી કરી આપ્યો.

*(ખઝાઈનુલ ઈર્ફાન, પેજ : ૪૯૭, રૂહુલ બયાન, પેજ : ૨/૭૫૧, મદારિજુન્નબુવ્વત, પેજ : ૧૦૧)*

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہાની પાકીઝગી તથા સચરિત્રતાનો ખુદ હુઝૂર ﷺને પણ ઈલ્મ હતો. જેમ કે હુઝૂર ﷺએ અલલ એલાન ફર્માવી આપ્યું હતું કે : وَاللّٰہِ مَا عَلِمْتُ عَلٰی اَھْلِیْ اِلَّا خَیْرًا ''ક઼સમ અલ્લાહની ! હું જાણું છું કે મારી પત્ની નેક જ છે.'' *(બુખારી શરીફ, પેજ : ૫૯૫)*

પરંતુ કેમ કે ક઼ાઝી ફૈંસલો પોતાના ઈલ્મના આધારે નથી કરતો બલ્કે ગવાહોની ગવાહી પર કરે છે, એટલા માટે હુઝૂર ﷺએ બાક઼ાયદા તેહક઼ીક઼ કરી અને ગવાહીઓ લીધી. અને જો ગવાહોની ગવાહીઓ લેવાથી એવું સાબિત થાય છે કે ક઼ાઝીને ઈલ્મ ન હતો, તો પછી ખુદાના વિશે શું કહેવામાં આવશે જે ક઼યામતના દિવસે لِتَکُوْنُوْا شُھَدَاءَ عَلَی النَّاسِ તથા وَجِئْنَا بِکَ عَلٰی ھٰؤُلَاءِ شَھِیْدًاના પ્રમાણે મુસલમાનોથી, હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી ગવાહીઓ લઈને ફૈંસલો કરશે ?! તેમજ જો હુઝૂર ﷺ જાતે પોતે જ ફૈંસલો આપી દેત તો જે મહાનતા ઉમ્મુલ મો'મિનીનને સૂરએ નૂરના નુઝૂલથી તથા અલ્લાહ તબારક વ તઆલાના આપ رضی اللہ عنہا આક્ષેપથી મુક્ત હોવાના એલાનથી હાંસલ થઈ કે ક઼યામત સુધી આપની પાકીનું એલાન (કુર્આન થકી) થતુ રહેશે, આ શરફ (મહાનતા) આપને હાંસલ ન થાત.

આ ઉપરાંત હઝરત આઈશા رضی اللہ عنہاની ફઝીલતો તથા વિશિષ્ટતાઓ અસંખ્ય છે : આપનાં માતા પિતા બંનેવ મુહાજિરોમાંથી છે. આપ હુઝૂર ﷺની સાથે બિસ્તરમાં એક ચાદરમાં સૂતેલાં હોતાં અને આપ ﷺ પર ખુદાની વહી નાઝિલ થતી રહેતી હતી. આ મહાનતા કોઈ અન્ય પત્ની સાહેબાને નથી નસીબ થઈ. હુઝૂર ﷺની વફાતના સમયે હુઝૂર ﷺના સર મુબારકને આપ ગોદમાં લઈને બેઠેલાં હતાં. હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ક઼બ્ર મુબારક ખાસ હઝરત આઈશા رضی اللہ عنہاના ઘરમાં બની. આપ તહજ્જુદગુઝાર મોટાભાગે રોઝાદાર રહેતાં, સખાવત તથા સદક઼ા કરવામાં પણ આપ સર્વ પાક બીવીઓથી આગળ રહેતાં. ફિક઼્હ તથા હદીષના ઈલ્મોમાં અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)માં આપનો દરજો ઘણો જ બુલંદ છે. ૨૨૧૦ હદીષો તેમણે હુઝૂર ﷺથી રિવાયત કરી છે. તેમની રિવાયત કરેલી હદીષોમાંથી ૧૭૪ હદીષો એવી છે જે બુખારી તથા મુસ્લિમ બંનેવ કિતાબોમાં છે અને ૫૪ હદીષો એવી છે જે કેવળ બુખારી શરીફમાં છે અને ૬૮ હદીષો તે છે જેને કેવળ ઈમામ મુસ્લિમે પોતાની કિતાબ સહીહ મુસ્લિમમાં લખી છે. એ સિવાયની બાકી હદીષો અન્ય કિતાબોમાં છે.

હિંદુસ્તાનની સંસ્કૃતિ પણ કોઈની મા બહેનની બેઈજ્જતીની ઈજાઝત નથી આપતી જેથી નિષ્પક્ષ વિચારી શકતી સર્વ ક઼ૌમની વ્યક્તિઓને અમો અપીલ કરીએ છીએ અને ખાસ કરીને મુસલમાનીનો દાવો કરનારાઓ દરેકને તમારી બહેન, પુત્રી, મા કે પત્નીની કોઈ બેઈજ્જતી કરે તો તમે કેટલા ગુસ્સે ભરાઈ જાવ છો તો અલ્લાહના રસૂલ ﷺની સૌથી ચહીતી પાક બીવી હઝરત મા આઈશા رضی اللہ عنہا જેમનો મર્તબો લેખમાં વર્ણવ્યો તેમ એટલો મહાન છે કે આપણા સૌની માઓ એમના પર કુર્બાન છે ! તેમની શાનમાં બેઅદબી કરનારને તેના અંજામ સુધી જરૂર પહોંચાડવો જોઈએ, પણ કાયદાની હદમાં રહીને તેની સામે વિરોધ પ્રદર્શિત કરવો જોઈએ. આપણે આપણી હૈસિયત મુજબ એ બદ્બખ્ત વસીમ રઝવી શીઆને સજા આપવા માટે ગવર્નમેન્ટમાં આવેદન પત્રો આપીને કે કલમ થકી વિરોધ દર્શાવીશું, પણ જો કે અલ્લાહની બારગાહમાં તો એ બદ્બખ્તને અંજામ રૂપે બંને જહાનની બેઈજ્જતી સિવાય અન્ય કાંઈ મયસ્સર થશે નહીં.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.**

اِنَّمَا التَّوْبَةُ عَلَى اللّٰهِ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ السُّوْٓءَ بِجَهَالَةٍ ثُمَّ
يَتُوْبُوْنَ مِنْ قَرِيْبٍ فَاُولٰٓئِكَ يَتُوْبُ اللّٰهُ عَلَيْهِمْ ؕ وَ كَانَ
اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿۱۷﴾ وَ لَيْسَتِ التَّوْبَةُ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ
السَّيِّاٰتِ ۚ حَتّٰٓى اِذَا حَضَرَ اَحَدَهُمُ الْمَوْتُ قَالَ اِنِّيْ تُبْتُ
الْـٰٔنَ وَ لَا الَّذِيْنَ يَمُوْتُوْنَ وَ هُمْ كُفَّارٌ ؕ اُولٰٓئِكَ اَعْتَدْنَا
لَهُمْ عَذَابًا اَلِيْمًا ﴿۱۸﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَحِلُّ لَكُمْ اَنْ
تَرِثُوا النِّسَآءَ كَرْهًا ؕ وَ لَا تَعْضُلُوْهُنَّ لِتَذْهَبُوْا بِبَعْضِ
مَآ اٰتَيْتُمُوْهُنَّ اِلَّآ اَنْ يَّاْتِيْنَ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ ۚ وَ
عَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ ۚ فَاِنْ كَرِهْتُمُوْهُنَّ فَعَسٰٓى اَنْ
تَكْرَهُوْا شَيْـًٔا وَّ يَجْعَلَ اللّٰهُ فِيْهِ خَيْرًا كَثِيْرًا ﴿۱۹﴾ وَ اِنْ
اَرَدْتُّمُ اسْتِبْدَالَ زَوْجٍ مَّكَانَ زَوْجٍ ۙ وَّ اٰتَيْتُمْ اِحْدٰىهُنَّ

## સૂરએ નિસાઅ્ની તફસીર

તે તૌબા જેને ક઼બૂલવાનું અલ્લાહે પોતાની કૃપાથી અનિવાર્ય કર્યું છે તે એવા લોકોની જ (તૌબા) છે જેઓ નાદાનીથી ખરાબ કાર્ય કરી બેસે પછી થોડીવારે તૌબા કરી લે[૨૬૪] એવાઓ પર અલ્લાહ પોતાની રહમત દ્વારા રુજૂઅ (તવજ્જોહ) કરે છે, અને અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે (૧૭) અને એ તૌબા એવાઓની નથી જેઓ ગુનાહોમાં મંડેલા રહે છે[૨૬૫] એટલે સુધી કે જ્યારે એમનામાં કોઈને મૌત આવે તો કહે, હવે મેં તૌબા કરી[૨૬૬] અને ન તેઓની જે કાફિર મરે, એમના માટે અમે દુઃખદાયક અઝાબ તૈયાર કરી રાખ્યો છે[૨૬૭] (૧૮) હે ઈમાનવાળાઓ ! તમને હલાલ નથી કે જબરદસ્તી સ્ત્રીઓના વારસદાર બની જાવ[૨૬૮] અને સ્ત્રીઓને રોકી ન રાખો એવી નિય્યતે કે જે મહેર તેણીઓને આપી હતી તેમાંથી અમુક લઈ લો[૨૬૯] પણ એવી પરિસ્થિતિમાં જ કે જ્યારે સ્પષ્ટ નિર્લજ્જતાનું કાર્ય કરે[૨૭૦] અને તેણીઓથી સારો વર્તાવ રાખો[૨૭૧] પછી જો તેણીઓ તમને ન ગમે[૨૭૨] તો નજીક છે કે કોઈ વસ્તુ તમને ગમતી ન હોય અને અલ્લાહ તેમાં (જ) ઘણી ભલાઈ મૂકે[૨૭૩] (૧૯) અને જો તમે એક પત્નીની

قِنْطَارًا فَلَا تَاْخُذُوْا مِنْهُ شَيْـًٔا ؕ اَتَاْخُذُوْنَهٗ بُهْتَانًا وَّ اِثْمًا
مُّبِيْنًا ۝ وَ كَيْفَ تَاْخُذُوْنَهٗ وَ قَدْ اَفْضٰى بَعْضُكُمْ اِلٰى
بَعْضٍ وَّ اَخَذْنَ مِنْكُمْ مِّيْثَاقًا غَلِيْظًا ۝ وَ لَا تَنْكِحُوْا مَا
نَكَحَ اٰبَآؤُكُمْ مِّنَ النِّسَآءِ اِلَّا مَا قَدْ سَلَفَ ؕ اِنَّهٗ كَانَ
فَاحِشَةً وَّ مَقْتًا ؕ وَ سَآءَ سَبِيْلًا ۝ حُرِّمَتْ عَلَيْكُمْ
اُمَّهٰتُكُمْ وَ بَنٰتُكُمْ وَ اَخَوٰتُكُمْ وَ عَمّٰتُكُمْ وَ خٰلٰتُكُمْ وَ
بَنٰتُ الْاَخِ وَ بَنٰتُ الْاُخْتِ وَ اُمَّهٰتُكُمُ الّٰتِیْۤ اَرْضَعْنَكُمْ وَ
اَخَوٰتُكُمْ مِّنَ الرَّضَاعَةِ وَ اُمَّهٰتُ نِسَآئِكُمْ وَ رَبَآئِبُكُمُ
الّٰتِیْ فِیْ حُجُوْرِكُمْ مِّنْ نِّسَآئِكُمُ الّٰتِیْ دَخَلْتُمْ بِهِنَّ ؗ فَاِنْ
لَّمْ تَكُوْنُوْا دَخَلْتُمْ بِهِنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ ؗ وَ حَلَآئِلُ
اَبْنَآئِكُمُ الَّذِيْنَ مِنْ اَصْلَابِكُمْ ۙ وَ اَنْ تَجْمَعُوْا بَيْنَ
الْاُخْتَيْنِ اِلَّا مَا قَدْ سَلَفَ ؕ اِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا رَّحِيْمًا ۝

*જગ્યાએ બીજી બદલવા ઈચ્છો[૨૭૪] અને પેલીને ઢગલેબંધ માલ આપી ચૂક્યા હોવ[૨૭૫] તો (પણ) તેમાંથી કશું પરત ન લો[૨૭૬] શું તેને પરત લેશો જૂઠ ઠોકીને અને ખુલ્લા ગુનાહથી ?[૨૭૭] (૨૦) અને કેમ કરીને તેને પાછુ લેશો ? પરિસ્થિતિ એ છે કે તમારામાં એક બીજા સામે બેપરવાહ થઈ ચૂક્યા. અને તેણીઓ તમારા પાસેથી પાકુ વચન મેળવી ચૂકી[૨૭૯] (૨૧) અને બાપ દાદાની પત્ની સાથે નિકાહ ન કરો[૨૭૯] પરંતુ જે થઈ ચૂક્યું, બેશક ! તે નિર્લજ્જતા[૨૮૦] અને ગઝબનું કાર્ય છે. અને ઘણો જ ખરાબ માર્ગ[૨૮૧] (૨૨) હરામ થઈ તમારા પર તમારી માઓ[૨૮૨] અને દીકરીઓ[૨૮૩] અને બહેનો અને ફોઈઓ અને માસીઓ અને ભત્રીજીઓ અને ભાણકીઓ[૨૮૪] અને તમારી (તે) માઓ જેમણે (તમને) દૂધ ધવડાવ્યું[૨૮૫] ને દૂધ બહેનો અને સાસુઓ[૨૮૬] અને તમે સંભોગી ચૂક્યા હોવ એવી સ્ત્રીઓની દીકરીઓ જે તમારા ખોળામાં (રમી ચૂકી) છે[૨૮૭], પછી જો તેણીઓને સંભોગી ન હોય, તો એમની દીકરીઓમાં વાંધો નથી[૨૮૮] અને તમારા વંશની દીકરીઓની પત્નીઓ[૨૮૯] અને બે બહેનોને એકઠી કરવી[૨૯૦] પણ જે થઈ ગુજર્યું, બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૨૩)*

## :: સમજૂતી ::

**૨૬૪ :** ઝહ્હાકનું કહેવું છે કે જે તૌબા મૃત્યુ પહેલાં હોય તે કરીબ (એટલે કે જાણે ગુનોહ કર્યા પછી તરત જ કરી લીધી હોય તેવી) છે.

**૨૬૫ :** અને તૌબામાં વાર લગાડે છે.

**૨૬૬ :** તૌબા કબૂલ કરવાનો જે વાયદો ઉપર બયાન થયો તે એવા લોકો માટે નથી. અલ્લાહ માલિક છે, જે ઈચ્છે તે કરે. તેમની તૌબા કબૂલ કરે કે ન કરે, માફ કરે કે અઝાબ કરે તેની મરજી.

**૨૬૭ :** આથી જણાયું કે મૃત્યુ સમયે કાફિરની તૌબા અને તેનું ઈમાન મકબૂલ (સ્વીકાર્ય) નથી.

**૨૬૮ : શાને નુઝૂલ :** જહાલતના સમયમાં લોકો મિલ્કતની જેમ પોતાના સગાઓની પત્નીઓના પણ વારસદાર બની જતા હતા, પછી જો તેમની ઈચ્છા હોય તો મહેર વગર જ તેણીઓને પોતાના

સ્વામિત્વમાં (પત્નીની જેમ) રાખી લેતા હતા, અથવા અન્ય કોઈની સાથે પરણાવી દેતા હતા, અને મહેર પોતે લઈ લેતા, અથવા તેણીઓને ગોંધી રાખતા જેથી તેણીઓને વારસામાં જે માલ મળ્યો હોય તે આપીને છૂટકારો મેળવે, અથવા મરી જાય, જેથી તે લોકો તેણીઓના વારસદાર બને. મતલબ કે તે સ્ત્રીઓ તેમના હાથમાં તદ્દન લાચાર રહેતી અને પોતાના અધિકારથી કાંઈ પણ કરી શકતી નહીં, એ રિવાજને મટાડવા આ આયત ઉતારવામાં આવી.

**૨૬૯** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, આ એવો માણસ માટે છે જે પોતાની પત્નીથી ધૃણા કરતો હોય, અને એટલા માટે ખરાબ વર્તણૂંક રાખતો હોય કે તેણી કંટાળીને મહેર પાછી આપી દે અથવા છોડી દે, અલ્લાહ તઆલાએ મનાઈ ફર્માવી;

એક મંતવ્ય એવું છે કે લોકો સ્ત્રીઓને તલાક઼ આપતા પછી રજઅત કરી લેતા (લોટાવી લેતા) ફરી પાછા તલાક આપતા, એ રીતે તેણીને અદ્ધર લટકેલી રાખતા હતા, જેથી તેણી ન તો એમની સાથે આરામ મેળવી શકતી, ન બીજી જગ્યાએ ઠેકાણુ કરી શકતી, એને મના કરવામાં આવ્યું.

**૨૭૦** : પતિની નાફર્માની અથવા તેની કે તેના ઘરનાં માણસોની સતામણી અથવા બદ્ઝબાની અથવા હરામકારી અથવા એવી અન્ય કોઈ પરિસ્થિતિ હોય તો વિખૂટા પાડવામાં વાંધો નથી.

**૨૭૧** : ખવડાવવા, પીવડાવવામાં, વાતચીતમાં અને દાંપત્ય જીવનની બીજી બાબતોમાં.

**૨૭૨** : ખરાબ ટેવો અથવા કદરૂપ હોવાના કારણે, તો સબ્ર કરો અને છુટાછેડા ન ઈચ્છો.

**૨૭૩** : નેક પુત્ર, વિગેરે.

**૨૭૪** : અર્થાત એકને તલાક઼ આપીને બીજી સાથે નિકાહ કરવો.

**૨૭૫** : આ આયતથી આકરી મહેર નક્કી કરવાની દલીલ કરવામાં આવી છે. હઝરત ઉમર رضی اللہ عنہ એ મિમ્બર પર સરેઆમ કહ્યું, "સ્ત્રીઓની મહેર આકરી (ઘણી વધારે) નક્કી ન કરો." એક સ્ત્રી એ આ આયત પઢીને કહ્યું, "હે ઈબ્ને ખત્તાબ ! અલ્લાહ અમને આપે છે અને તમે રોકો છો ?" ત્યારે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ એ કહ્યું, "હે ઉમર ! દરેક માણસ તારાથી વધુ સમજદાર છે. જે ઈચ્છો તે નક્કી કરો." સુબ્હાનલ્લાહ ! શું રસૂલના ખલીફાની શાન અને નફસની પાકી છે, અલ્લાહ આપણને એમનું અનુકરણ નસીબ કરે.

**૨૭૬** : કારણ કે જુદાઈ તમારા તરફથી છે.

**૨૭૭** : આ જહાલતના સમયની તે ટેવનો રદિયો છે, જ્યારે તેમને કોઈ બીજી સ્ત્રી ગમતી ત્યારે તે પોતાની પત્નીઓ પર આક્ષેપ મૂકતા હતા, જેથી તેણીએ જે કંઈ તેના પાસેથી (મહેરમાં) લીધું હોય તે ગભરાઈને પાછું આપી દે, એ રિવાજને આ આયતમાં મના કરવામાં આવ્યો. અને તેને જૂઠ તેમજ ગુનોહ જાહેર કરવામાં આવ્યો.

**૨૭૮** : તે વચન અલ્લાહ પાકનું ફર્માન છે. فَاِمْسَاكٌۢ بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌۢ بِاِحْسَانٍ "ભલાઈથી રાખો અથવા ભલાઈથી છૂટી કરો." *(સૂ. બક઼રહ, ૨/૨૨૯)*

**મસ્અલો** : આ આયત એ વાતની દલીલ છે કે ખિલ્વતે સહીહ (નિર્વિઘ્ન એકાંત)થી મહેર જરૂરી બની જાય છે.

**૨૭૯** : જેમ કે જહાલતના સમયમાં રિવાજ હતો કે પોતાની માં સિવાય પોતાના બાપની અન્ય પત્ની સાથે (તેના મૃત્યુ પછી) તેનો પુત્ર પરણી જતો હતો.

**૨૮૦ :** કારણ કે બાપની પત્ની માં ની જગ્યાએ છે. કહેવામાં આવ્યું છે કે (આયતમાંના) નિકાહ (શબ્દ)થી સંભોગ મુરાદ છે. એનાથી સાબિત થયું કે પોતાની સંભોગીતા સાથે (પુત્રનો) નિકાહ હરામ છે, ભલે પછી પિતાએ તેથી સાથે નિકાહ કરીને સંભોગ કર્યો હોય કે પછી ઝિનાની રીતે કર્યો હોય, કે પછી તેણી તેની બાંદી હોય ત્યારે કર્યો હોય, અને પુત્ર પાછળ થી તેનો માલિક બન્યો હોય, (દરેક રીતે હરામ છે.)

**૨૮૧ :** હવે પછી જેટલી સ્ત્રીઓ હરામ છે, તેનું બયાન થાય છે. સાત તો એમાંથી નસબ (વંશ)ના કારણે હરામ છે.

**૨૮૨ :** અને દરેક (એવી) સ્ત્રી જેના તરફ બાપ કે મા તરફથી વંશાવલી પહોંચતી હોય, એટલે કે દાદીઓ અને નાનીઓ, નજીકની હોય કે દૂરની એ બધી માંઓ જ છે. અને પોતાની માં ના હુકમમાં છે.

**૨૮૩ :** પોત્રીઓ અને નવાસીઓ ગમે તેટલા દૂરની હોય દીકરીઓમાં ગણાય છે.

**૨૮૪ :** આ બધી સગી હોય કે મત્રાઈ (હરામ છે) એમના પછી એવી સ્ત્રીઓનું બયાન છે જેઓ (કોઈ) કારણસર હરામ છે.

**૨૮૫ :** દૂધની સગાઈના કારણે, દૂધ પીવાની મુદ્દત દરમ્યાન થોડુ દૂધ પીવામાં આવે કે વધારે એનાથી હુરમત (હરામ થવું) લાગુ થાય છે. દૂધ પીવાની મુદ્દત હઝરત ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ અનુસાર ૩૦ મહિના અને ઈમામ અબૂ યૂસુફ અને ઈમામ મુહમ્મદ મુજબ બે વર્ષ છે. દૂધ પીવાની મુદ્દત પછી જે દૂધ પીવામાં આવે તેનાથી હુર્મત લાગુ થતી નથી. રબ તઆલાએ રઝાઅત (દૂધના સંબંધ)ને વંશની જગ્યાએ રાખ્યો. અને દૂધ પીવડારનારીને પીનારની માં અને તેણીની દીકરીને પીનારની બહેન કહી, એવી જ રીતે દૂધ પીવાડનારીનો પતિ પીનારનો બાપ અને તેનો બાપ દૂધ પીનારનો દાદા તેમજ તેની બહેન દૂધ પીનારની ફોઈ અને તેનાં બધાં છોકરા ભલે પછી તે જેનું દૂધ પીધું છે તે સ્ત્રીનાં પેટનાં હોય કે તેની બીજી ઔરતોનાં અને તે બધા દૂધ પીવાની દરમ્યાન જનમ્યા હોય કે તે પછી તે બધાં દૂધ પીનારના મત્રાઈ ભાઈ બહેન છે. એ જ રીતે દૂધ પીવાડનાર સ્ત્રીની માં, પીનારની નાની અને તેણીની બહેન, તેની માસી અને તે પતિથી તેણીને જે બાળકો જન્મે તે દૂધ પીનારના દૂધભાઈ બહેનો છે, અને તેણીને તે પતિ સિવાય બીજા પતિથી બાળકો જન્મે તો પીનારનાં મત્રાઈ ભાઈ બહેનો ગણાશે. આ વિષયનું મૂળ તે હદીષે પાક છે જેમાં હુઝૂરે ફર્માવ્યું કે "દૂધથી તે સગાંઓ હરામ થઈ જાય છે જે નસબ (વંશ)થી હરામ થાય છે." માટે દૂધ પીનાર માટે તેના દૂધનાં ઉપરનાં અને નીચેના બધાં સગાં હરામ થઈ જાય છે.

**૨૮૬ :** અહીંથી એવી સ્ત્રીઓનું બયાન છે જેઓ સોહબત થયાના કારણસર હરામ છે. તે ત્રણ પ્રકારની ગણાવાએલી છે : (૧) સાસુઓ (૨) પત્નીની પુત્રીઓ (૩) દીકરાઓની પત્નીઓ. સાસુઓ માત્ર પત્નીઓ સાથે નિકાહ થવાથી જ હરામ થઈ જશે, ભલે પછી તે પત્નીઓ સાથે સંભોગ થયો હોય કે ન થયો હોય.

**૨૮૭ :** ખોળામાં રમી ચૂકવાની વાત એવું ઘણુ ખરૂ બનતું હોવાના કારણે છે, એ વાત હરામ ઠરવા માટે શરત (અનિવાર્ય) નથી.

**૨૮૮ :** તેણીઓની માંઓ સાથે તલાક અથવા મોત વગેરેની હાલતમાં સંભોગ પહેલાં જુદાઈ થઈ ગઈ હોય તો તેવી પરિસ્થિતિમાં તેણીઓ સાથે નિકાહ જાઈઝ છે.

**૨૮૯ :** વંશના દીકરાઓની શરતના કારણે દત્તક પુત્રોની પત્નીઓનો એમાં સમાવેશ થતો નથી, વધુ પેજ 44 પર..

## દર્સે હદીષે પાક એટલે
## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

*એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે અમને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમો એ જ પ્રમાણે નમાઝ પઢો જેવી રીતે મને પઢતાં જુઓ[૧]. જ્યારે હાજર થાવ તો તમારામાંનો કોઈ અઝાન આપે અને તમારામાંનો મોટો ઈમામત કરી લે[૨]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** સુબ્હાનલ્લાહ ! કેવો ઈમાન અફરોઝ કલમો છે. એટલે હું અને મારાં કામો કુર્આનની બોલતી તફસીર છે. રબે કેવળ નમાઝનો હુકમ આપ્યો પણ અદાનો તરીકો નથી બતાવ્યો. ફર્માવવામાં આવી રહ્યું છે : اَقِیْمُوا الصَّلٰوۃَ ''નમાઝ કાયમ કરો'' ની તફસીર હું છું અને મારા અમલ. પૂરા કુર્આનની આ જ સ્થિતિ છે.

(શેઅર) *તેરી સીરત કો હમ કુર્આન કહતે હૈં*

**૨.** એટલે કે અઝાન તથા નમાઝ બંને સમય પ્રમાણે થાય. જેથી કોઈ અઝાન સમયથી પહેલાં જાઈઝ નથી. (હનફી) અકબરની તફસીર હમણા વર્ણન થઈ ચૂકી.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે નબી કરીમ ﷺ ગઝવએ ખયબરથી પરત થયા[૧]. તો રાત ભર ચાલતા રહ્યા. જ્યારે આપને ઊંઘ આવવા લાગી તો રાતના છેવટમાં ઉતર્યા અને બિલાલને ફર્માવ્યું કે રાતમાં અમારી હિફાઝત કરો[૨] બિલાલથી જેટલા પ્રમાણમાં થઈ શક્યું નમાઝ પઢતા રહ્યા[૩]. નબી કરીમ ﷺ અને આપના સહાબીઓ સૂતા. પછી જ્યારે સવાર નજીક થઈ તો હઝરત બિલાલે પૂર્વ તરફ મોં કરીને પોતાની સવારીથી ટેક લગાડેલ સ્થિતિમાં તેમની આંખ લાગી ગઈ[૪]. પછી ન હુઝૂર ﷺ જાગ્યા ન હઝરત બિલાલ ન કોઈ અન્ય સહાબી, ત્યાં સુધી કે તેમને તડકો લાગ્યો[૫]. તે સૌના પહેલાં હુઝૂરે અન્વર ﷺ જાગ્યા. નબી અકરમ ﷺ ગભરાય ગયા અને ફર્માવ્યું, હે બિલાલ ![૬]. ત્યારે હઝરત બિલાલ બોલ્યા કે મારા નફસને તે જ લઈ ગયો જે આપના નફસ મુબારકને લઈ ગયો[૭]. ફર્માવ્યું, હાંકો ! સહાબાએ પોતાની સવારીઓ થોડીક હાંકી[૮] પછી રસૂલુલ્લાહ ﷺ એ વુઝૂ કર્યું અને હઝરત બિલાલને હુકમ આપ્યો, તેમણે નમાઝની તકબીર કહી પછી તે સૌને ફજર પઢાવી. જ્યારે નમાઝ પૂરી કરી ચૂકયા તો ફર્માવ્યું કે જે નમાઝ ભૂલી જાય યાદ આવવા પર પઢી લે. અલ્લાહ તઆલા ફર્માવે છે કે મારી યાદ પર નમાઝ કાયમ કરો[૯]. (મુસ્લિમ)*

**૧.** મદીના મુનવ્વરાની તરફ આ ગઝવએ મુહર્રમ હિ.સ. ૭માં થયો. લગભગ ૧૭ દિવસ સુધી મુસલમાનોએ ખૈબરનો ઘેરાવ કર્યો. અલ્લાહે શાનદાર ફતહ અતા ફર્માવી. ખૈબર મદીનાપાકથી બે મંઝિલે છે.

**૨.** આ રાતનું નામ લયલતે તઅરીસ છે અને આ બનાવનું નામ વાકિઆએ તઅરીસ છે. તઅરીસનો અર્થ છે અંતિમ રાતમાં આરામના માટે ઉતરવું. એના પરથી જાણવા મળ્યું કે બુઝુર્ગોએ પોતાના ખાદિમોથી ખિદમત લેવી

જાઈઝ છે તેમજ બંદાઓથી પોતાની હિફાઝત કરાવવું તવક્કુલના વિરૂધ્ધ નથી.

**૩.** એટલે કે જેટલા નફલો આજે રાતે તેમના મુકદ્દરમાં લખ્યા હતા અને જેના માટે એ શક્તિમાન હતા તેટલા પઢયા.

**૪.** એટલે કે એમની નિય્યત સૂવાની ન હતી બલ્કે બેસીને તુલૂએ ફજરની રાહ જોવાનો ઈરાદો હતો, એટલા માટે આપ સૂતા નહીં બલ્કે બેઠેલા રહ્યા અને મોં પણ પૂર્વની તરફ રાખ્યું, પણ વાત બનવાની હશે અને આપ બેઈખ્તિયાર સૂઈ ગયા. જેથી એવું નથી કહી શકાતુ કે આપે સરકારી ફર્માનની વિરૂધ્ધ કર્યું.

**૫.** એટલે કે તડકાની ગરમીથી જાગૃત થયા. યાદ રાખશો કે હુઝૂર ﷺની આંખ સૂતી હતી પણ દિલ જાગૃત રહેતુ હતું. પણ સવાર, અંધારુ, અજવાળુ જોવાનું કામ આંખનું છે ન કે દિલનું. જેથી આ બનાવ એ હદીષની વિરૂધ્ધ નથી. યાદ રાખશો કે હુઝૂર ﷺની ઊંઘ ગફલત પેદા નથી કરતી એટલા માટે ઊંઘવાથી હુઝૂર ﷺનું વુઝૂ નથી તૂટતુ. આજે નમાઝની કઝા ગફલતથી નથી થઈ બલ્કે રબે પોતાના પ્યારાને પોતાની તરફ ધ્યાનિત કરી લીધો અને આ બાજુથી ધ્યાન હટાવી લીધું જેથી ઉમ્મતને કઝા પઢવાના હુકમો માલૂમ થઈ જાય. જેથી હદીષ પર કોઈ વાંધો નથી આવી શકતો.

**૬.** તમે આ શું કર્યું ! અમને નમાઝના સમયે જગાડયા કેમ નહીં ?! આ પરથી જાણવા મળ્યું કે **નમાઝ કઝા થવા પર ગભરાય જવું પણ સુન્નત તથા ઈબાદત છે, જેના પણ ઘણો સવાબ મળે છે.**

**૭.** એટલે કે જે હિકમતવાળા રબે આપને એ સમયે જાગવા ન દીધા એણે જ મને સૂવડાવી દીધો. આ વાતમાં આ આયતની તરફ નિર્દેશ છે : يَتَوَفَّى الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا وَ الَّتِيْ لَمْ تَمُتْ فِيْ مَنَامِهَا સુબ્હાનલ્લાહ ! શું મુબારક જવાબ છે ! એટલે કે આપણુ આ સૂવું શૈતાની કે નફસાની નથી બલ્કે રહમાની છે. જેમાં ઈસ્લામી તથા ઈમાની મસ્લેહત છે.

**૮.** એટલે કે આ જંગલથી ચાલો, નમાઝ આગળ પઢીશું. કેમ કે હજી સૂરજ તુલૂઅ થઈ રહ્યો હતો, એ સમયે નમાઝ પઢવી જાઈઝ ન હતી. થોડેક દૂર જવામાં સફર પણ કપાશે અને કરાહતનો સમય પણ નીકળી જશે. અરબમાં ઠંડા સમયે સફર કરવામાં આવે છે. યાદ રાખશો કે સૂર્ય ચમકયા પછી ૨૦ મિનિટ બાદ નમાઝ જાઈઝ થાય છે. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની મજબૂત દલીલ છે કે સૂરજ નીકળતી વખતે ન ફર્ઝ નમાઝ જાઈઝ છે ન નફલ. ઈમામ શાફઈને ત્યાં એ સમયે ફજરની કઝા જાઈઝ છે.

**૯.** એટલે કે બેઈખ્તિયારીની હાલતમાં નમાઝ કઝા થઈ જવા પર ગુનોહ નથી. યાદ રાખશો કે અહીં નમાઝની અઝાન પણ કહેવામાં આવી અને તકબીર પણ, સુન્નતો પણ પઢવામાં આવી અને જમાઅતથી નમાઝ પણ થઈ. જેથી આ હદીષથી ઘણા બધા ફિકહી મસાઈલ હલ થઈ ગયા.

*હઝરત અબૂ કતાદા رضی اللہ عنہએ રિવાયત કરી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે નમાઝની તકબીર કહેવામાં આવે તો ઉભા ન રહો ત્યાં સુધી કે મને નીકળતાં જોઈ લો[૧]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે તકબીરના વખતે સફમાં પહેલેથી ઉભા ન થઈ જાવ બલ્કે મને જ્યારે હુજરા શરીફથી બહાર નીકળતાં જુઓ ત્યારે ઉભા થાવ કે જેથી નમાઝના કયામની સાથે હુઝૂર ﷺના માટે કયામે તાઝીમી પણ થઈ જાય. હુઝૂર હય્ય અલલ ફલાહ પર હુજરાથી બહાર જલ્વાગર થતા હતા. હજી પણ સુન્નત એ જ છે કે મુકતદી સફમાં બેસીને તકબીર સાંભળે અને હય્ય અલલ ફલાહ પર ઉભા થાય. એના પરથી જાણવા મળ્યું કે ઈમામની ગૈર મૌજૂદગીમાં તકબીર જાઈઝ છે જ્યારે કે અલામતો (નિશાનીઓ) પરથી માલૂમ પડી જાય કે ઈમામ તશરીફ લાવનાર છે. એની ચર્ચા નજીકમાં અગાઉ વર્ણન થઈ ચૂકી.

# આપણા ﷺ નબી સરાપા મોજિઝો બનીને આવ્યા !

❀ અઝ ❀

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*

અલ્લાહના પ્યારા મહબૂબ, નબી કરીમ عليه الصلوة والسلامની શાનની મહાનતા મારી જેવો કમ ઈલ્મ, નાચીઝ શું લખી શકે ! જેમની શાને પાકનું વર્ણન ખુદ કુર્આને પાકમાં રબ્બે કરીમ ફાર્માવે છે :–

وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ۝ "અમે તમારા માટે તમારા ઝિક્રને બુલંદ કર્યું." *(સૂ. ઈન્શિરાહ, ૯૪/૪)* પરંતુ અફસોસ કે આટલી મહાન શાનવાળા નબી જેમની અઝમત તથા બુઝુર્ગીનું એલાન ઠેક ઠેકાણે કુર્આનમાં આવેલ છે છતાં કેટલાક બદબખ્તો હુઝૂર ﷺ માટે લખે છે કે : રસૂલના ચાહવાથી કાંઈ નથી થતુ. તથા "જેનુ નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજનો મુખ્તાર નથી." (દેવબંદી કિતાબ : તક્વિયતુલ ઈમાન લેખક : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી) આ બદબખ્તે હુઝૂર ﷺની દુશ્મનીમાં આ પ્રકારની એનક વાતોથી આ તક્વિયતુલ ઈમાન કિતાબ ભરી દીધી છે જેને દેવબંદી વહાબીઓ જાણે કુર્આનથી વિશેષ માનતા હોય તેવું તેમના લખાણો તથા બોલીઓ પરથી જણાય છે. આવા બેઈમાનોની ગુમરાહીને દૂર કરવાના હેતુથી અત્રે હુઝૂર ﷺ ના શરીર મુબારક સંબંધી મોજિઝાઓ અત્રે રજૂ કરીને અમો એ દર્શાવવા ચાહીયે છીએ કે અલ્લાહ તઆલાએ તેના નબીઓને દરેકને કાંઈ ન કાંઈ મોજિઝો આપીને મોકલ્યા હતા, જ્યારે નબીયે આખિરુઝ્ઝમાં ﷺને તો સરાપા માથાથી પગ સુધી મોજિઝો બનાવીને મોકલ્યા હતા. સુબ્હાનલ્લાહ !

## ★ સર્વ ખુશ્બુઓથી બેહતર ખુશ્બોદાર આપનો પસીના મુબારક ! ★

હઝરત ઉમ્મે સુલૈમ સહાબિયહ رضى الله عنها થી રિવાયત છે કે બપોરના સમયે નબી અકરમ ﷺ અમારા ઘરે તશરીફ લાવતા અને આરામ ફર્માવતા. હું સરકાર عليه الصلوة والسلام માટે બિસ્તર બિછાવી દેતી તેમજ રહમતે દો આલમ ﷺનો પસીનો અધિક થતો હતો તો હું પસીના મુબારકને ભેગો કરતી રહેતી. એક દિવસ હબીબે ખુદા ﷺએ ફર્માવ્યું, હે ઉમ્મે સુલૈમ ! શું કરો છો ?! અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે આ પસીના મુબારકથી બાળકો માટે બરકત હાંસલ કરીશું. અને આ પસીના મુબારક દરેક ખુશ્બુથી બેહતર ખુશ્બુ છે. આ સાંભળીને ફર્માવ્યું, તેં બરાબર કહ્યું.

*(મુસ્લિમ શરીફ, ૨/૨૫૭, મિશ્કાત શરીફ, પેજ–૫૧૭, મવાહિબે લદુન્નિયહ, ૨/૩૧૨, મસાબી હુસ્સુન્નહ, ૪/૪૮)*

સૈયદના જાબિર બિન સમુરહ رضى الله عنه રિવાયત કરે છે કે એક દિવસે મેં ફજરની નમાઝ રસૂલે અકરમ ﷺની સાથે પઢી. નમાઝથી ફારિગ થઈને સૈયદુલ આલમીન ﷺ પોતાના દૌલત કદા તરફ નીકળ્યા અને હું પણ સાથે થઈ ગયો. અચાનક સામે બાળકો આવી ગયાં. રસૂલે કરીમ عليه الصلوة والسلام દરેક બાળકના ગાલો પર હાથ ફેરવતા હતા અને મારા બંને ગાલો પર દસ્તે રહમત ફેરવ્યો તો એવી ઠંડક અને એવી ખુશ્બુ મેહસૂસ કરી જાણે કે સરકાર ﷺએ દસ્તે મુબારક અત્તારની પેટીમાંથી કાઢયો છે. બલ્કે ﷺના

શરીર મુબારકથી દરેક સમય એવી ખુશ્બુ મુબારક નીકળતી કે પૂરી ગલી મોઅત્તર થઈ જતી.

*(મસાબીહુસ્સુન્નહ, ૪૯/૪, મિશ્કાતુલ મસાબીહ, પેજ–૫૧૭, મુસ્લિમ શરીફ, ૨/૨૫૬)*

હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે, જો કોઈએ હુઝૂર ﷺને તલાશ કરવા હોતા તો પૂછવાની જરૂરત ન પડતી બલ્કે જે ગલીમાંથી તાજી તાજી ખુશ્બુ આવતી તે તરફ જતો તો આપને પામી લેતો, આપની ખુશ્બુના સબબથી. *(મસાબીહુસ્સુન્નહ, ૪/૫૧, મિશ્કાત, પેજ–૫૧૭, સુનને દારમી, ૧/૪૬)*

આ વિશે અન્ય હદીષો પણ છે, સ્થળ સંકોચને કારણે વધુ નથી લખતા. આમ લોકોનો પરસેવો દુર્ગંધ મારે છે, જ્યારે ﷺના પસીના મુબારકનો આ કમાલ છે તો આપની ઝાત મુબારકમાં રબ તઆલાએ કેવો કમાલ રાખ્યો હશે ?! તો શું હુઝૂર ﷺને પોતાના જેવા બેઈખ્તિયાર આજિઝ, લાચાર બંદા કહેનારા કાંઈક વિચારશે ?! શું કોઈ સહાબીનો આવો અકીદો હતો ? બલ્કે હદીષે પાકમાં છે કે એક સહાબીને શીશીમાં પસીના મુબારક ભરી આપ્યો તેમણે તે પોતાની પુત્રીના શરીર પર ઘસી આપ્યો તો આખુ મદીના તેની ખુશ્બુથી મહેકી ઉઠયું. પછી એ ઘરનું નામ જ "બયતુલ મુતૈયબીન" (ખુશ્બુવાળાઓનું ઘર) રાખી દેવામાં આવ્યું.

*(મદારિજુન્નબુવ્વત, ૧/૪૭, ફારસી–૧/૨૪)*

## ★ આપના લોહી મુબારકને પીનાર જન્નતી થઈ જાય ! ★

આમ લોકોનું લોહી નાપાક કહેવાય છે તેને પીવું જાઈઝ નથી. પણ આ આપણા નબી કરીમ ﷺના લોહી મુબારકનો કમાલ જુઓ ! સૈયદના માલિક બિન સિનાન رضی اللہ عنہએ ઓહદના દિવસે જાને દો આલમ મદની તાજદાર ﷺનું લોહી મુબારક (જ્યારે આપ ઝખ્મી થયા ત્યારે હાથમાં ઝીલીને) પી લીધું તો સૈયદુલ કૌનેન علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "જેણે મારું લોહી ગળી લીધુ છે તેને કદાપિ કદાપિ દોઝખની આગ સ્પર્શશે નહીં."

*(શિફા કાઝી અયાઝ, ૧/૬૪, સીરતે હલબિયહ, ૨/૨૮)*

## ★ આપ ﷺના શરીર મુબારકનો પડછાયો ન પડતો ! ★

સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે રસૂલે અકરમ નૂરે મુજસ્સમ ﷺના શરીર મુબારકનો પડછાયો ન હતો, કેમ કે જ્યારે પણ આં હુઝૂર علیہ الصلوٰۃ والسلام સૂરજની સામે ઉભા રહેતા તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું નૂર મુબારક સૂરજની રોશની પર સવાર થઈ જતુ. અને જે ચિરાગની પાસે હાજર થતા તો હુઝૂર ﷺનું નૂર તેના પર ગાલિબ આવી જતુ. *(ઝુર્કાની અલલ મવાહિબ, ૪/૨૨૦, નફીઉન્નફી, પેજ–૩)*

હાફિઝુલ હદીષ ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ ખસાઈસે કુબરામાં એક પ્રકરણ રચીને હદીષે ઝકવાન લખી તે આ પ્રમાણે છે : ઈબ્ને સબઅએ ફર્માવ્યું, આ હબીબે ખુદા ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે હુઝૂર ﷺનો સાયો જમીન પર પડતો ન હતો કેમ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام નૂર હતા. જેથી જ્યારે શાહે કૌનેન ﷺ સૂરજની સામે કે ચાંદની સામે ચાલતા તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો સાયો જોવા ન મળતો. અને આ બાબતની ગવાહી હદીષે પાકમાં છે એ હદીષે પાક છે જેમાં નબી અકરમ ﷺએ દુઆ કરી હતી, "યા અલ્લાહ ! મને માથાથી પગ સુધી નૂર કરી દે." *(નફી ઉન્નફી, પેજ–૩, ખસાઈસે કુબરા, ૧/૬૮, ઝુર્કાની અલલ મવાહિબ, ૪/૨૨૦)*

સૈયદના ઝકવાન رضی اللہ عنہથી રિવાયત છે કે

રસૂલે અકરમ ﷺનો સાયો ન ચાંદની સામે જોવામાં આવતો ન સૂરજની સામે.

*(હવાલો : ઉપર મુજબ તથા મવાહિબે લદન્નિયહ, ૨/૩૦૭)*

શયખુલ મુહદ્દિષીન શાહ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ મદારિજુન્નબુવ્વતમાં એ જ ફર્માવ્યું છે. તેમજ સૈયદના ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہએ "મકતૂબાતે મુજદ્દિદિયહ"માં ફર્માવ્યું, જાને દો આલમ રહમતે મુજસ્સમ ﷺનો સાયો ન હતો, કેમ કે આલમે શહાદત (દુનિયા)માં દરેક ચીજનો સાયો ચીજથી લતીફતર હોય છે અને જ્યારે હબીબે ખુદા ﷺ કરતાં કોઈ ચીજ અધિક લતીફ છે જ નથી તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો સાયો હોવાનો સવાલ જ નથી ઉઠતો.

*(મક્તૂબાતે ઈમામે રબ્બાની, હિસ્સા : નવ, દફતર : ૩, પેજ : ૭૫, નફીઉન્નફી, પેજ : ૭)*

હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ સૂરએ વદ્દુહાની તફસીરમાં ફર્માવે છે : સૈયદુલ અંબિયા ﷺનો જમીન પર સાયો પડયો જ નથી. *(નફીઉન્નફી, પેજ : ૭, તફસીરે અઝીઝી ઉર્દૂ, પેજ : ૩૬૧, પારા : ૩૦)*

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ એક પૂરી કિતાબ આ વિષયમાં લખીને મુસલમાનો પર એહસાન કર્યું છે જેને પઢવાથી ઈમાન મુનવ્વર તથા મજબૂત થાય છે. જેનું દિલ ચાહે તે રિસાલા મુબારક "નફી ઉન્નફી"નો અભ્યાસ કરીને ઈમાન તાજું કરી લે. આ મુબારક કિતાબમાં આ'લા હઝરતે એ હઝરાતનાં મુબારક નામો લખ્યાં છે જેમણે એ વાતને સમર્થન કર્યું છે કે રહમતે દો આલમ નૂરે મુજસ્સમ ﷺનો સાયો ન હતો. દા.ત. (૧) હાફિઝુલ હદીષ અલ્લામા ઝરીં (૨) અલ્લામા ઈબ્ને સબઅ (૩) સૈયદના કાઝી અયાઝ માલિકી (૪) આરિફ રૂમી અલ્લામા જલાલુદ્દીન (૫) સૈયદના મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી (૬) અલ્લામા હુસૈન દયાર બિક્રી (૭) સાહિબે સીરતે શામી (૮) સાહિબે સીરતે હલબિયહ (૯) અલ્લામા જલાલુદ્દીન સિયૂતી (૧૦) ઈમામ ઈબ્ને જવઝી (૧૧) અલ્લામા શહાબુદ્દીન ખફ્ફાજી (૧૨) ઈમામ ક઼સ્તલાની (૧૩) અલ્લામા ઝુર્કાની (૧૪) શાહ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી (૧૫) મૌલાના અબ્દુલ હય્ય લખનવી (૧૬) શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہم اجمعین.

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આટલા અગ્રગણ્ય ઈમામો જેમના જેવો આજે એક પણ મોલ્વી નથી, જ્યારે તેઓ સ્પષ્ટપણે ફર્માવી રહ્યા છે કે દુનિયામાં સૈયદુલ આલમીન ﷺનો સાયો ન હતો, તો હવે જે ન માને તે પોતે જ વિચારી લે કે તેનું ઠેકાણું કયાં હોવું જોઈએ. બલ્કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની દરેક શાનની વિરુદ્ધ લખનારા દેવબંદીઓના પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ પોતાની કૃતિ "ઈમ્દાદુસ્સુલક"માં લખ્યું છે કે, "હક્ક઼ તઆલાએ આં હઝરત ﷺને નૂર કરી આપ્યા અને મુતવાતિર હદીષોથી સાબિત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પડછાયો ધરાવતા ન હતા. અને ઉઘાડુ છે કે નૂરના સિવાય તમામ શરીરો પડછાયો ધરાવે છે." *(ઈમ્દાદુસ્સુલૂક, પેજ : ૧૫૬)*

## ★ થોડુક ખાવા એક હજાર લોકોએ ખાધુ છતાં જેટલું હતું એટલું જ રહ્યું ! ★

સૈયદના જાબિર رضی اللہ عنہ રિવાયત કરે છે કે અમે જ્યારે ખંદક઼ ખોદી રહ્યા હતા તો અચાનક અમારી સામે એક પથ્થરની મોટી ઘણી સખત શીલા આવી ગઈ. ઘણુ જોર સહાબાએ લગાડયું પણ તૂટી ન શકી તો ખંદક ખોદનારા સહાબાએ કિરામ નબી

કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં હાજર થયા અને પરિસ્થિતિ વર્ણવી તો હુઝૂર ﷺ ત્યાં તશરીફ લઈ ગયા. જો કે હુઝૂર ﷺના પેટ મુબારક પર ભૂખના કારણે પથ્થર બાંધેલ હતો, અને ત્રણ દિવસથી અમે કોઈ ચીજ ચાખી ન હતી. આવી હાલતમાં પણ હબીબે ખુદા ﷺએ કોદાળો પકડીને એ ચટ્ટાન પર માર્યો તો તે શીલા રેતીની જેમ વિખેરાઈ ગઈ. (આ છે આપ ﷺના બાવડાની શક્તિ ! સુબ્હાનલ્લાહ !) ત્યાર બાદ હું ઘરે મારી પત્ની પાસે આવ્યો અને મેં પૂછયું, શું ઘરમાં કોઈ ચીજ ખાવાની છે ? કેમ કે મેં નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના પેટ મુબારક પર પથ્થર બાંધેલો જોયો છે કે જે ભૂખના કારણે છે. આ સાંભળીને પત્નીએ એક થેલો કાઢયો જેમાં એક સાઅ જવ હતા. અને અમારા ત્યાં એક ઘરેલુ બકરી હતી તેને મેં ઝબહ કરી અને મારી પત્નીએ જવ પીસીને આટો બનાવ્યો. પછી અમે બકરીનો ગોશ્ત બનાવીને હાંડલીમાં રાખ્યો અને હું દરબારે રિસાલતમાં હાજર થયો અને અને કાન મુબારકમાં ધીમેથી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમે બકરી ઝબહ કરી છે અને એક સાઅ જવ પીસીને બનાવ્યા છે જેથી આપ તશરીફ લાવો, અને આપની સાથે અમુક થોડા સાથીઓ આવે. આ સાંભળીને વાલીયે ઉમ્મત નબીયે રહમત ﷺએ એલાન કરી આપ્યું, હે ખંદકવાળાઓ ! જાબિરે દા'વત પકાવી છે તો સર્વ ચાલો ! અને એલાન પછી મને ફર્માવ્યું, હે જાબિર ! જ્યાં સુધી હું ન આવું ત્યાં સુધી હાંડલીને ન ઉતારશો ન હમણા રોટી પકાવવાનું શરૂ કરશો. જ્યારે નબીએ રહમત ﷺતશરીફ લાવ્યા, તો મારી પત્નીએ તે ગુંદેલો આટો હાજર કરી દીધો. સરકાર ﷺએ તેમાં આબે દહન નાખ્યું અને બરકતની દુઆ કરી. પછી હુઝૂર ﷺ હાંડલીની પાસે આવ્યા અને એમાં પણ આબે દહન (થૂક મુબારક) નાખ્યું અને બરકતની દુઆ કરી પછી મારી પત્નીને ફર્માવ્યું, એક અન્ય રોટી પકાવનારીને સાથે બોલાવી લો જે તારી સાથે મળીને રોટી પકાવે અને હાંડલીને ચુલા પર જ રહેવા દો અને ત્યાંથી જ સાલન કાઢી કાઢીને ખવડાવતાં જાવ. સૌને ખવડાવ્યું અને ખાનારા એક હજાર હતા. તો હું કસમ ખાઈને કહું છું, સૌ ખાયને ચાલ્યા ગયા અને અમારી હાંડલીઓ એ જ પ્રમાણે જોશ મારી રહી હતી અને આટો હજી સુધી પાકી રહ્યો હતો (રોટીઓ ઉતરી રહી હતી) તે એટલો જ હતો જેટલો પકાવવાથી પહેલાં હતો. *(મુસ્લિમ શરીફ, ૨/૧૭૮, મિશ્કાત શરીફ, પેજ : ૫૩૨, બુખારી શરીફ, ૨/૫૮૮)*

આ હદીષોને ઈમાન સાથે ઈન્સાફની દષ્ટિથી વાંચનાર સમજી શકે છે કે હુઝૂર ﷺના હાથોમાં કેવી શક્તિ હતી તથા આપના થૂંક મુબારકમાં કેવી બરકતો હતી. હવે તે બદ્‌બખ્તો વિચારે જેઓ હુઝૂર علیہ الصلوٰۃ والسلامને "પોતાના જેવા બશર (માનવી)" સમજે છે કે તેમના હાથોમાં કે થૂંકમાં કોઈ આવો કમાલ છે ખરો ! અને પોતાના હલકા ખયાલોથી તૌબા કરે.

## ★ સુતૂને હન્નાના મોટા અવાજે રડવા લાગ્યો ! અને.....★

સૈયદના જાબિર رضی اللہ عنہ રિવાયત કરે છે કે શરૂમાં રસૂલે અકરમ ﷺ જ્યારે ખુત્બો આપતા તો મસ્જિદનો એક સુતૂન (થાંભલો) કે સૂકાયેલા ખજૂરનો હતો તેની સાથે ટેક લગાડીને ખુત્બો આપતા. પછી જ્યારે સૈયદુલ અંબિયા ﷺના માટે મિમ્બર તૈયાર થયો અને આપ ﷺ તેના પર ખુત્બો આપવા ઉપસ્થિત થયા તો તે સુતૂને મોટા અવાજે રડવાનું શરૂ કરી આપ્યું. એટલુ રડયો કે નજીક હતું કે તે ફાટી જતો. આ જોઈને સૈયદુલ આલમીન ﷺ મિમ્બર પરથી નીચે તશરીફ લાવ્યા અને તેને ગળેથી

લગાડી લીધો. જ્યારે ગળે લગાડયો તો તેણે બાળકોની જેમ ધ્રુસ્કાં ભરવાં શરૂ કરી આપ્યાં પછી તે ધીમે ધીમે શાંત પડી ગયો.

*(બુખારી, ૧/૫૦૬, મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૫૩૬)*

અમુક રિવાયતોમાં છે કે : તે સુતૂન શાંત થયો તો મુખ્તાર નબી ﷺએ તેને ઈખ્તિયાર આપ્યો કે હે સુતૂન (થાંભલા) ! તને ઈખ્તિયાર છે, જો તું ચાહે તો તને એ જ જગાએ ઉગાડી દઉં જ્યાં તું હતો અને જો તું ચાહે તો તને જન્નાતમાં ઉગાડી દઉં ! તું જન્નતની નહેરો તથા ઝરણાઓથી પાણી પીએ અને તારાં ફળો ખુદા તઆલાના દોસ્ત ખાય. આ સાંભળીને તે સુતૂને એને અપનાવ્યું કે જન્નતમાં મને મોકલી દેવામાં આવે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ સુતૂન હવે શું કહે છે ? તો ફર્માવ્યું, તેણે એ પસંદ કર્યું છે કે તેને જન્તમાં લગાડી દેવામાં આવે.

અલ્લામા નબહાની رضی اللہ عنہ તથા ઈમામ અહમદ رضی اللہ عنہ સુતૂને હન્નાનાવાળી હદીષ સૈયદના અનસ رضی اللہ عنہથી રિવાયત કરીને બાદમાં ફર્માવે છે કે સૈયદના હસન બસરી رضی اللہ عنہ જ્યારે પણ આ હદીષ વર્ણન કરતા ખુદ રડતા અને ફર્માવતા, હે અલ્લાહ عزوجلના બંદાઓ ! વિચાર કરો કે તે સૂકી લાકડીનો સુતૂન હુઝૂર ﷺના વિરહમાં રડયો તો તમે અધિક હક્કદાર છો કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ઈશ્કમાં રડયા કરો.

*(હુજ્જતુલ્લાહિ અલલ આલમીન, પેજ : ૪૪૯)*

## ★ બેઅદબનો હાથ મોં સુધી ન જઈ શક્યો ! ★

*વો ઝબાં જિસકો સબ કુનકી કુન્જી કહેં*
*ઉસકી નાફિઝ હુકૂમતપે લાખોં સલામ*

સૈયદના સલમા બિન અકૂઅ સહાબી رضی اللہ عنہ રિવાયત કરે છે, એક માણસ પોતાના ડાબા હાથ વડે ખાય રહ્યો હતો, જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ પણ હાજર હતા. જોઈને ફર્માવ્યું, જમણા હાથ વડે ખા ! તેણે ઘમંડમાં કહી આપ્યું, હું જમણા હાથ વડે નથી ખાય શક્તો. આ સાંભળીને સૈયદે દો આલમ ﷺની ઝબાને હક્ક તર્જુમાનથી આ શબ્દ બહાર પડયો : "તું જમણા વડે ખાય શકીશ નહીં !" રિવાયત કરનાર ફર્માવે છે કે પછી મૃત્યુના દમ સુધી તે બેઅદબનો હાથ મોં સુધી ન જઈ શક્યો."

*(મુસ્નદે અહમદ, ૪/૪૬, મુસ્લિમ શરીફ, ૨/૧૭૨, મિશ્કાત, પેજ : ૫૪૬, દારમી, ૨/૨૪)*

## ★ બેઅદબનું મોં વાંકુ થઈ ગયું ! ★

હકીમ ઈબ્ને અબુલ આસ હબીબે ખુદા ﷺની મજલિસમાં બેસ્યા કરતો હતો અને જ્યારે રસૂલે કરીમ ﷺ કાંઈ ઈર્શાદ ફર્માવતા તો તે પોતાનુ મોં વાંકુ કર્યા કરતો હતો. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ જોઈ લીધુ તો અલ્લાહ તઆલાએ આપની ઝબાન પર આ વાક્ય જારી કરી દીધું કે, "તું એવો થઈ જા !" પછી એ ગુસ્તાખનું મોં મરતા દમ સુધી સીધુ થયું જ નહીં. *(ખસાઈસે કુબરા, ૨/૭૯)*

## ★ ચાળા પાડનાર (નકલ કરનાર)નું મોં વાંકુ થઈ ગયું ★

ઈમામ બયહકીએ સૈયદના ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે એક દિવસ હબીબે ખુદા ﷺએ ખુત્બો આપ્યો અને એક બદ્નસીબ રસૂલુલ્લાહ ﷺની નકલ ઉતારી (ચાળા પાડી) રહ્યો હતો તેને અલ્લાહ તઆલાના મુખ્તાર નબી ﷺએ જોઈ લીધો અને જીભ પર આ શબ્દો આવી ગયા : "તું એવો જ થઈ જા !" તો તેણે હોશ ગુમાવી દીધા. જ્યારે બે મહિના બાદ હોશમાં આવ્યો તો તેનું મોં વાંકુ જ હતું." *(ખસાઈસે કુબરા, ૨/૭૯)*

## ★ ગુસ્તાખે રસૂલને જમીને ન સ્વીકાર્યો ! ★

સૈયદના હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, એક શખ્સ વહી લખ્યા કરતો હતો. તે મુર્તદ થઈ (ઈસ્લામથી ફરી) ગયો. અને અહલે કિતાબના દેશમાં ચાલ્યો ગયો. જતાં જતાં કહેતો ગયો કે મુહમ્મદ (علیہ الصلوٰۃ والسلام)ને એટલો જ ઈલ્મ હોય છે જેટલો લખવામાં આવે છે. (જેમ કે આજકાલ કેટલાક લોકો કહી દે છે કે નબીને એટલો જ ઈલ્મ હોય છે જેટલો જિબ્રઈલ علیہ السلام બતાવી જાય છે) તો જ્યારે તાજદારે મદીના ﷺએ આ સાંભળ્યું તો અલ્લાહ તઆલા ﷻએ આપની ઝબાન પર આ શબ્દો વહેતા કરી દીધા : "તેને જમીન સ્વીકારશે નહીં." તો જ્યારે તે મરી ગયો તો તેને તેના ધર્મવાળા લોકોએ જમીનમાં દફન કરી આપ્યો અને સવારે જ્યારે જઈને જોયું તો તે બહાર પડયો હતો. તે લોકો સમજ્યા કે આ કામ મદીનાવાળાઓનું છે કે તેઓએ આવીને તેને કાઢીને બહાર ફેંકી દીધો. પછી તેમણે ઊંડો ખાડો ખોદીને તેને દફન કરી દીધો. ત્રીજા દિવસે જોયો તો તે જમીન પર પડેલો હતો. ત્યાર બાદ તેમણે અતિશય ઊંડો ખાડો ખોદીને તેને દફન કરી દીધો, પણ સવારે જઈને જોયું કે તે ઉપર પડેલો છે, તો પછી તેમને યકીન થઈ ગયું કે આ કોઈ માણસનું કામ નથી બલ્કે જમીને તેને સ્વીકાર્યો જ નથી ! અને પછી જ્યારે હઝરત અબૂ તલ્હા સહાબી رضی اللہ عنہ કોઈ કામે તેમના દેશમાં ગયા અને જોયું કે મુડદુ જમીન પર પડયું છે તો તેઓને કહ્યું કે તમે લોકો તમારાં મુડદાંને દફન કેમ નથી કરતા ? એના પર એ લોકોએ પૂરો બનાવ સંભળાવી આપ્યો.

*(સીરતે હલબિયા, ૨/૪૧૧, મિશ્કાત શરીફ, પેજ : ૫૩૫)*

જેઓ કહે છે કે, "રસૂલના ચાહવાથી કાંઈ નથી થતું !" તેઓ આ હદીષોનો અભ્યાસ કરે અને તૌબા કરીને જહન્નમનું બળતણ બનવાથી બચે.

## ★ બકરી ફરીથી જીવતી થઈ ગઈ ! ★

હઝરત અબ્દુર્રહમાન બિન માલિક રિવાયત કરે છે કે સૈયદના જાબિર رضی اللہ عنہ દરબારે રિસાલતમાં હાજર થયા અને સૈયદે દો આલમ ﷺના ચેહરા મુબારકને જોઈને અંદાઝો લગાડયો કે રસૂલે અકરમ ﷺને ભૂખ લાગી છે. એ જોઈને તે પોતાના ઘરે આવ્યા અને પત્નીને પૂછયું કે કાંઈ ખાવાની ચીજ છે ! પત્નીએ કસમ ખાયને કહ્યું, આપણા ઘરમાં એક બકરી તથા થોડાક જવ સિવાય કાંઈ નથી. પછી તેમણે બકરી ઝબહ કરી આપી અને જવના દાણા દળીને આટો બનાવ્યો. આટાની રોટલીઓ બનાવીને શાકમાં પલાળીને ષરીદ બનાવ્યું. સૈયદના જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે મેં તે ષરીદવાળુ વાસણ ઉપાડયું અને દરબારે રિસાલતમાં લઈ જઈને હાજર કરી આપ્યું. એ જોઈને મને શાહે કૌનૈન ﷺએ ફર્માવ્યું, હે જાબિર ! જાવ લોકોને બોલાવી લાવો ! જ્યારે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હાજર થઈ ગયા તો ફર્માવ્યું, થોડા થોડા મારી પાસે મોકલતા જાવ. જેથી જેટલા અંદર હાજર થતા તે ખાયને ચાલ્યા જતા ત્યાં સુધી કે સૌએ ખાવા ખાધુ, અને જ્યારે સૌ ખાઈ ચૂક્યા તો મેં જોયું કે વાસણમાં ખાવા (ષરીદ) એટલુ જ છે જેટલું હતું. તેમજ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ખાનારાઓને ફર્માવતા રહ્યા કે કોઈ હાડકુ ન તોડવામાં આવે. બાદમાં ફર્માવ્યું, સર્વ હાડકાં એકઠાં કરી દો. જ્યારે બકરીનાં હાડકાં વાસણમાં ભેગાં થઈ ગયાં તો હબીબે ખુદા ﷺએ હાડકાં પર હાથ મુબારક રાખીને કાંઈક ઝબાન પાકથી પઢયું તો જોયું કે બકરી કાન હલાવતી હલાવતી ઉભી થઈ ગઈ, અને મારા આકા ઉમ્મતના વાલી ﷺએ ફર્માવ્યું, હે જાબિર ! તમારી બકરી લઈ જાવ ! હું એ બકરી લઈને પત્ની પાસે ગયો તો પત્ની પૂછે છે કે એ બકરી ક્યાંથી આવી ?

તો મેં કહ્યું, અલ્લાહની કસમ ! આ તે જ બકરી છે જે આપણે ઝબહ કરી હતી. આ અલ્લાહ તઆલાના પ્યારા હબીબ علیہ الصلوٰۃ والسلامની દુઆથી અલ્લાહ તઆલાએ આપણા માટે જીવતી કરી આપી છે. આ સાંભળીને પત્નીએ કહ્યું, હું ગવાહી આપુ છું કે આપણા આકા علیہ الصلوٰۃ والسلام અલ્લાહ ﷻના સાચા રસૂલ છે. *(ઝુર્કાની અલલ મવાહિબ, ૫/૧૮૪, કિતાબ : અલ બુરહાન, અઝ : મુફતી મુહમ્મદઅમીન–બરેલી)*

## ★ હુઝૂર ﷺએ જેને દોઝખી કહયો તે દોઝખી જ બન્યો ! ★

સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہએ ફર્માવ્યું કે અમે હુનૈનની જંગમાં રસૂલુલ્લાહ ﷺની સાથે હતા. એક શખ્સ કે જે ઈસ્લામનો દાવેદાર હતો તેને સરકારે દો આલમ ﷺએ જોયો તો ફર્માવ્યું, આ દોઝખી છે ! અને પછી જ્યારે જંગ શરૂ થઈ તો તે શખ્સે ઈસ્લામ તરફથી ખૂબ જૌહર દેખાડયા, ખૂબ જંગ લડયો, ત્યાં સુધી કે તે ખુદ ઝખ્મી થઈ ગયો. એ જોઈને એક સાહબ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરવા લાગ્યા કે, યા રસૂલલ્લાહ ! ﷺ જેના વિશે આપે ફર્માવ્યું કે આ દોઝખી છે, તે તો મુસલમાનોની તરફથી ખૂબ જંગ લડી રહ્યો છે ! (એમનો મક્સદ એ હતો કે આવો ઈસ્લામનો જાંનિષાર દોઝખી છે તો પછી જન્નતમાં કોણ જશે ?!) પરંતુ સૈયદે દો આલમ ﷺએ તેની આ વાત સાંભળીને ફર્માવ્યું, ખબરદાર ! તે દોઝખી છે ! આ સાંભળીને નજીક હતું કે કેટલાક લોકો શકમાં પડી જતા પરંતુ તે શખ્સ આપઘાત કરીને હરામ મોતે મરી ગયો. (પછી લોકોને યક઼ીન થયું) તો દોડયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! બેશક ! અલ્લાહ ﷻએ તમારી વાતને સાચી કરી દેખાડી છે કે તે હરામ મૌત મરીને દોઝખી સાબિત થઈ ગયો. આ સાંભળીને હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ નારએ તકબીર બુલંદ કર્યો અને ફર્માવ્યું, હું ગવાહી આપુ છું કે હું અલ્લાહનો ખાસુલ ખાસ બંદો અને રસૂલ છું. હે બિલાલ ! ઉઠો અને એલાન કરી દો કે જન્નતમાં કેવળ ઈમાનવાળા જ જશે.

*(સહીહ બુખારી, ૨/૯૭૭, મિશ્કાત શરીફ, પેજ : ૫૩૪)*

## ★ મુહમ્મદ નામની બરકતો જ જુઓ ! ★

દેવબંદી બદઅક઼ીદો છે કે, "જેનુ નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી." *(તકવિયતુલ ઈમાન)* પણ હુઝૂર ﷺના ઈખ્તિયારની વાત તો દૂર રહી ફક્ત આપના નામે પાકની જ બરકતો જુઓ ! ક઼યામતના દિવસે બે બંદાઓ જેમાં એકનુ નામ મુહમ્મદ એકનું અહમદ હશે તેમને રબ જન્નતમાં લઈ જવાનો હુકમ કરશે. તેઓ કહેશે, અમે કોઈ જન્નતીવાળો અમલ નથી કર્યો તો કયા કારણે જન્નત મળી રહી છે ? ફર્માવશે, "તમો બંનેવ જન્નતમાં જાવ કેમ કે મેં મારી જાતની ક઼સમ રાખી છે કે જેનું નામ મુહમ્મદ કે અહમદ હશે તે દોઝખમાં નહીં જાય." *(ઝુર્કાની, અલલ્ મવાહિબ, ૫/૩૦૧)* પણ ઈમાનવાળા હોવું શર્ત છે.

નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના મો'જિઝાઓ અગણિત છે જેનો આ ટૂંકા લેખમાં સમાવેશ શક્ય નથી જેથી અહીં જ અટકીએ છીએ. આ હદીષો તથા મહાન ઈમામોના લખાણો પરથી અલ્લાહના હબીબ ﷺની શાન જાહેર થાય છે તથા આપ ﷺ સરાપા મો'જિઝા બનીને તશરીફ લાવ્યા હતા એ જાણીને ઈમાનમાં તાજગી આવી જાય છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મો'જિઝાઓ વિશે સહીહ હદીષોથી હદીષની કિતાબો ભરેલી પડી છે છતાં જેમની આંખોએ ગુમરાહીનાં અંધારાં વળી ગયાં છે તેમને હુઝૂર ﷺની આ શાન નથી નજર આવતી. અલ્લાહ તબારક વ તઆલા એવા દિલના આંધળાઓથી આપણને બચાવે અને નબી કરીમ ﷺના સાચા આશિક઼ તથા શયદાઈ બનાવે. (આમીન)

# બાલ મુબારકની બરકતો

## હદીષો તથા બુઝુર્ગોના કથનોની રોશનીમાં

(કાર્યાલય)

સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن તે મુબારક હસ્તીઓ છે કે જેમની તૌહીદ, જેમના ઈશ્કે રસૂલ, જેમના તક્‌વા, દીન પર અડગતા તથા ઈમાનની મજબૂતીની બરાબરી આજે કોઈ કરી શકે તેમ નથી. રસૂલલ્લાહ ﷺના સહાબીઓ માટે રબનું ફર્માન કે رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ "અલ્લાહ તેમનાથી રાજી તેઓ અલ્લાહથી રાજી." *(સૂ. માઈદહ્, આ. ૧૧૯)* કોઈ સહાબી ફાસિક્ ન હતા. એ મુબારક હસ્તીઓ નબી કરીમ ﷺની કેવી તા'ઝીમ કરતા હતા તથા હુઝૂર ﷺના મૂએ મુબારકની કેવી અદબ કરતા હતા તથા તેનાથી કેવો ફાયદો ઉઠાવતા હતા એને નીચેના લખાણોમાં વાંચો અને તમારા ઈમાનને મજબૂત કરો. કોઈ આજકાલના મુન્કિર વહાબી દેવબંદી ગુસ્તાખે નબીની વાતો પર કાન ન ધરો બલ્કે ખુદ રસૂલે પાક ﷺની હદીષોનો અભ્યાસ કરી ઈમાનમાં તાઝગી પેદા કરો.

### તાઝીમે નબી વિશે ઉરવા બિન મસ્ઊદની ગવાહી

સૈયદુલ આલમીન ﷺની ખિદમતમાં મક્કાના કુરેશીઓએ ઉરવા બિન મસ્ઊદને મોકલ્યા. તેમણે નિરીક્ષણ કરીને મક્કા પરત જઈને પોતાનો રિવ્યુ રજૂ કર્યો કે, "હે મક્કાના કુરૈશીઓ ! હું કૈસર તથા કિસ્રાને ત્યાં ગયો છું. મેં શાહ નજ્જાશીને પણ જોયો છે કે જેવી તા'ઝીમ મુહમ્મદ (ﷺ)ની તેમના સહાબીઓ કરે છે તેવી ક્યાંય જોયી નથી. તે વુઝૂ કરે છે તો તેમના સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن વુઝૂનુ ટીપુ નીચે નથી પડવા દેતા, બલ્કે એને પામવા એવી રીતે પડાપડી કરે છે કે જાણે આપસમાં લડી પડશે. તે થૂકે છે તો આપનું થૂક મુબારક નીચે નથી પડવા દેતા બલ્કે પોતાની હથેળીઓમાં લે છે. જો આપના શરીર મુબારકથી બાલ મુબારક અલગ થાય તો નીચે પડવા નથી દેતા. અને જ્યારે તે વાતચીત કરે છે તો સૌ પોતાનાં માથાં ઝુકાવી લે છે અને એ રીતે ખામોશ થઈને સાંભળે છે જાણે તેમનાં માથાંઓ પર પક્ષીઓ છે અને એમના સહાબીઓ તેમની તા'ઝીમને લીધે નજર ઉઠાવીને પણ નથી જોતા.

આ છે નબી પાક ﷺની તા'ઝીમ તે લોકો થકી કે જેમના જન્નતી હોવામાં કોઈને શક નથી. તો સમજી લો કે આજકાલના બદ્‌મઝહબો વહાબી દેવબંદી નબી ﷺની તા'ઝીમને શિર્ક તથા બિદઅત કહે છે તેઓ કેટલી હદે ગુમરાહીમાં છે.

*શિર્ક ઠહરે જિસમેં તા'ઝીમ રસૂલ*<br>
*ઉસ બુરે મઝહબ પે લઅનત કીજિયે*

### બીમારો શિફાયાબ થઈ જતા !

હઝરત ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہاની પાસે સૈયદે દો આલમ ﷺના બાલ મુબારક હતા જે તેમણે એક ચાંદીની ડબ્બીમાં રાખેલા હતા. આપની પાસે જ્યારે કોઈ બીમાર આવતો તો આપ ફર્માવતાં પાણીનો પ્યાલો લાવો. પછી આપ તે મુબારક ડબ્બીને તે પ્યાલામાં ઘુમાવીને આપી દેતાં. તે પાણીને જે બીમાર પીતો તે શિફાયાબ (સાજો) થઈ જતો. જેમ કે મિશ્કાત શરીફમાં સહીહ બુખારીના

હવાલાથી છે :–

હઝરત ઉષ્માન બિન અબ્દુલ્લાહ બિન સવહબ رضی اللہ عنہ ફર્માવે છે કે મારા ઘરવાળાઓએ મને ઉમ્મે સલમા رضی اللہ عنہاને પાણીનો પ્યાલો લઈને મોકલ્યો. કેમ કે ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہاની પાસે એક ચાંદીની ડબ્બી હતી. એમાં આપે રહમતે દો આલમ ﷺના બાલ મુબારકને સંભાળીને રાખેલા હતા. અને જ્યારે કોઈ, કોઈ પ્રકારનો બીમાર આવતો તો આપ તે ચાંદીની ડબ્બીને પ્યાલામાં ફેરવીને આપી દેતા. તે બીમાર તે મુબારક પાણીને પી લેતો તો તેને શિફા મળી જતી. રિવાયત કરનાર ફર્માવે છે કે મેં એ ડબ્બી મુબારકમાં ધ્યાનથી જોયું તો રતાશ પડતા બાલ મુબારક જોવા મળ્યા. *(મિશ્કાત, પેજ : ૩૯૧)*

## સહાબાએ કિરામની નજીક બાલ મુબારકનું મહત્વ

સૈયદના ખાલિદ બિન વલીદ رضی اللہ عنہની ટોપીમાં સૈયદુલ આલમીન ﷺના બાલ મુબારક હતા. એક જંગના દરમિયાન જ્યારે કે આપ સિપેહ સાલાર હતા ત્યારે આપની તે ટોપી પડી ગઈ તો આપે સખત કોશિશ કરીને તે ટોપીને ઉઠાવી. બાદમાં અમુક સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ આપને સવાલ કર્યો કે આપનું આવું કરવાથી કેટલાક જાંનિષાર શહીદ થઈ ગયા તો આપે આવું કેમ કર્યું ?! તો સૈયદના ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ ફર્માવ્યું, મેં કેવળ આ ટોપીના માટે એવું નથી કર્યું બલ્કે એ મૂએ મુબારકના ખાતર એવું કર્યું છે જે આ ટોપીમાં સીવી લીધેલા છે. કેમ કે ક્યાંક એવું ન બને કે હું મૂએ મુબારકની બરકતથી મેહરૂમ થઈ જાઉં અને એ ટોપી કોઈ કાફિરના હાથે લાગી જાય.

*–(ઉમ્દતુલ કારી શરહે બુખારી, ૩/૩૩૭, શિફા શરીફ, ૨/૫૬, નસીમુર્રિયાઝ વ શરહે શિફા, ૩/૪૩૪)*

હઝરત ઈબ્ને સીરીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે સૈયદના ઓબૈદા رضی اللہ عنہને બતાવ્યું કે અમારી પાસે રહમતુલ લિલ્આલમીન ﷺના બાલ મુબારકોમાંથી એક બાલ મુબારક છે જે અમને હઝરત અનસ અથવા તેમનાં ઘરવાળાંઓથી અતા થયો છે. તો હઝરત સૈયદના ઓબૈદા رضی اللہ عنہએ ફર્માવ્યું, જો મારી પાસે એક બાલ મુબારક પણ હોય તો એ મારી દૃષ્ટિએ આ દુનિયા તથા તેમાં જે કાંઈ છે તે સર્વ કરતાં મહબૂબ છે. *(સહીહ બુખારી, ૧/૨૯)*

સૈયદના અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું, જ્યારે રસૂલુલ્લાહ ﷺએ પોતાના માથા મુબારકના બાલ ઉતરાવ્યા તો બાલ ઉતારનાર ઉતારતો હતો અને સહાબાએ કિરામ આસપાસ ઘુમતા હતા. એમની કોશિશ હતી કે જે પણ બાલ મુબારક ઉતરે તે કોઈ ન કોઈ સહાબીના હાથમાં જાય.

*–(સહીહ મુસ્લિમ, ૨/૨૫૬, શિફા, ૩૯/૨)*

## બાલ મુબારક વિશે અનસ رضی اللہ عنہની વસીયત

સૈયદના અનસ સહાબી رضی اللہ عنہની પાસે પણ શાહે કૌનેન ﷺના બાલ મુબારક હતા જેના વિશે હઝરત ષાબિત બુનાનીને વસીયત કરી હતી કે જ્યારે મારો વિસાલ થઈ જાય તો આ બાલ મુબારક મારી જીભની નીચે રાખી દેજો. જેમ કે અસાબામાં છે કે :–

સૈયદના અનસ બિન માલિક رضی اللہ عنہએ ષાબિત બુનાનીને વસીયત કરી કે જ્યારે હું મૃત્યુ પામુ તો આ બાલ મુબારક જે નબી પાક ﷺના મુબારક બાલોમાંથી છે એને મારી જીભની નીચે રાખી દે જો. તો હઝરત ષાબિત બુનાનીએ તે વસીયત પૂરી કરી અને બાલ મુબારક સહાબીની જીભની નીચે રાખી દીધો. પછી આપને દફન કરી દેવામાં આવ્યા. તો તે બાલ મુબારક આજ સુધી તે સહાબીની જીભની નીચે જ છે. *(અલ્અસાબા, ૧/૭૧)*

આ સહાબીઓનો અક઼ીદો છે કે નબી પાક ﷺના બાલ મુબારકની બરકતથી બંને જહાનમાં ફાયદો છે, તો જે બદમઝહબો નબી વલીના તબર્રુકાતને શિર્ક કહે છે તેઓ શું તૌહીદ તથા ઈમાનને સહાબાએ કિરામ કરતાં વધારે જાણે છે ?! વિચારો ! કલમો પઢનારાઓ ! અને એવા બદઅક઼ીદાઓથી પોતાને અલગ કરી લો, તેમની સાથે દોસ્તી, સગાઈ, ઉઠક બેઠકને ખત્મ કરી તમારું તથા તમારી ઔલાદનું ઈમાન બચાવો.

જામેઉસ્સગીરમાં છે : ખુદ સૈયદે દો આલમ ﷺએ પોતાના બાલ મુબારકની ક઼દર તથા મંઝિલત બાબતે આ પ્રમાણે ફર્માવ્યું છે કે, "જેણે મારા બાલ મુબારકને ઈજા આપી (બેઅદબી કરીને) તેણે મને ઈજા આપી, અને જેણે મને ઈજા આપી બેશક ! તેણે અલ્લાહ તઆલાને ઈજા આપી. (અલ્અમાન વલ્હ઼ફીઝ) વિચારો ! જે અલ્લાહને ઈજા પહોંચાડે તે અલ્લાહના કેવા ગઝબનો શિકાર બનશે ?!

## બાલ મુબારકની ક઼દર કરવાનો તથા નાક઼દરીનો અંજામ !

રોનકુલ મજાલિસમાં છે કે બલ્ખ શહેરમાં એક માલદાર વેપારી રહેતો હતો. તેના બે પુત્રો હતા. જ્યારે તે વેપારી મૃત્યુ પામ્યો તો તેની મિલ્કત બંને પુત્રોએ અડધી અડધી લઈ લીધી, પરંતું આ નસીબદાર વેપારી પાસે સૈયદે આલમ ﷺના ત્રણ બાલ મુબારક હતા. જ્યારે બાલ મુબારકની વહેંચણીની વારી આવી તો એક બાલ મુબારક મોટા પુત્રએ અને એક નાના પુત્રએ લીધો. ત્રીજા મૂએ મુબારકના વિશે મોટા ભાઈએ કહ્યું, આપણે એને કાપીને અડધો અડધો કરી લઈએ છીએ. આ સાંભળી નાના ભાઈએ કે જે ઘણો ખુશ અક઼ીદા અને ખુશ નસીબ હતો તેણે કહ્યું, અલ્લાહની ક઼સમ ! એવું કદાપિ કરવા દઈશ નહીં ! કેમ કે હુઝૂરે અકરમ ﷺની મહાન શાન એનાથી ઉચ્ચ છે કે આપના બાલ મુબારકને તોડવામાં આવે. મોટા ભાઈએ નાના ભાઈની અક઼ીદત જોયી તો તેણે કહ્યું, એવું કરીએ કે બંનેવ બાલ મુબારક તું લઈ લે અને બાપની બધી મિલ્કત મને આપી દે. નાના ભાઈએ કહ્યું, મારે બીજુ શું જોઈએ ?! અને એ ખુશ અક઼ીદા ખુશ નસીબે ફાની દુનિયાની સઘળી મિલ્કત મોટા ભાઈના હવાલે કરી આપી. અને હમેશાંની દૌલત એટલે ત્રણેવ બાલ મુબારક લઈ લીધા, અને તેને મેહફૂઝ જગાએ અદબની સાથે રાખી દીધા. જ્યારે શોખ થતો ત્યારે બાલ મુબારકની સામે દુરૂદે પાક પઢતો અને ઝિયારત કરતો.

અલ્લાહ ﷻ બેનિયાઝના દરબારમાં એવી ગૈરત આવી કે મોટાભાઈનો બધો જ માલ થોડાક દિવસોમાં ખત્મ થઈ ગયો અને તે કંગાળ થઈ ગયો. અને અલ્લાહ તઆલાએ નાના ભાઈને મૂએ મુબારકની બરકતથી દુનિયાનો માલ પણ ખૂબ જ અધિક પ્રમાણમાં આપ્યો. પછી તે નાનો ભાઈ આશિક઼ે રસૂલ મૃત્યુ પામ્યો તો કોઈ નેક માણસે ખ્વાબમાં જોયો કે વાલીયે ઉમ્મત ﷺ હાજર છે અને એ ખ્વાબ જોનારને ફર્માવ્યું, તું લોકોમાં એલાન કરી આપ કે જે કોઈ વ્યક્તિને કોઈ હાજત ઉપસ્થિત થાય તે (બાલ મુબારકવાળાની) ક઼બર પર આવીને અલ્લાહ તઆલાથી પોતાની હાજતનો સવાલ કરે. જેથી આ એલાન પછી લોકો ઈરાદો કરીને તે આશિક઼ે રસૂલની ક઼બર પર આવતા. અને પછી મામલો ત્યાં સુધી પહોંચી ગયો કે જે કોઈ એ ક઼બ્રવાળા ઈલાક઼ાથી પસાર થતો તે સવારીથી ઉતરીને અદબના કારણે પગપાળા ચાલતો !

*–(રૌનકુલ મજાલિસ, અલ્ક઼ૌલુલ બદીઅ, પેજ–૧૨૮, સઆદતુદ્દારૈન, પેજ–૧૨૨)*

## બાલ મુબારકની અદબે વલીઓના ઈમામ બનાવી દીધા !

ઈમામુલ અવલિયા સૈયદી દાતા ગંજ બખ્શ હિજવેરી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે હઝરત અબુલ અબ્બાસ મહદી સિયારી મરૂના ખાતા પીતા માલદાર ઘરાનાના ચશ્મો ચિરાગ હતા. બાપના મૃત્યુ બાદ આપને વારસામાં ઘણી જ બધી દૌલત મળી હતી. આપને ખબર મળી કે ફલાણાની પાસે રહમતે આલમ ﷺના બે બાલ મુબારક છે. આપે તેને ખરીદી લીધા. એ મૂએ મુબારકની બરકતથી અલ્લાહ તઆલા عزوجلએ આપને તૌબાની તૌફીક઼ અતા કરી અને અલ્લાહ તઆલાએ આપને પોતાના વલી બનાવી લીધા. પછી આપે (ખ્વાજા મહદી સિયારીએ) હઝરત ખ્વાજા અબૂબક્ર વાસેતીના હાથ પર બયઅત કરી લીધી અને તેમની ખિદમતમાં રહીને તે મક઼ામ મેળવ્યો કે અવલિયાએ કિરામના એક ગિરોહના ઈમામ બની ગયા. અને પછી જયારે આપના વિસાલનો સમય નજીક આવ્યો તો આપે વસીયત કરી કે આ બંનેવ બાલ મુબારક મારા મોંમા રાખી દેવામાં આવે. જેથી એ જ પ્રમાણે કરવામાં આવ્યું. અને એમનું મઝાર મુબારક મરૂમાં મશહૂર છે. જેમ કે સરકાર દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ કશ્ફુલ મહ઼જૂબમાં લખે છે : મહદી સૈયારીનો મઝાર શરીફ મરૂમાં મશહૂર છે. ત્યાં લોકો પોતાની હાજતો લઈને જાય છે અને ત્યાં જઈને હાજતો તલબ કરે છે, તેમની હાજતો પૂરી થાય છે અને એ મુજર્રબ (અનુભવાયેલ) છે.

મુસલમાનો ! વિચારો ! લાહોરમાં હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ તે મહાન બુઝુર્ગ છે જ્યાં સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہએ અજમેર આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો. તમો આવા બુઝુર્ગોની વાતો માનશો કે પછી આજકાલના બદઅક઼ીદા વહાબી દેવબંદીઓની ?! હુઝૂર ﷺએ વિવિધ સમયોમાં વિવિધ મોકાઓ પર બાલ મુબારક કતરાવ્યા અને તેને સહાબાએ કિરામમાં વહેંચ્યા પણ હતા એના માટે હદીષો ગવાહ છે. જેથી આજે પણ દુનિયાભરમાં હુઝૂર ﷺના બાલ મુબારક અસ્તિત્વ ધરાવે છે અને ખુશ અક઼ીદા સુન્ની મુસલમાનો તેનાથી ફયઝ પામતા રહે છે.

## હુઝૂર ﷺએ ખ્વાબમાં બાલ મુબારક અતા કર્યા !

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہના વાલિદે માજિદ (પિતા) શાહ અબ્દુર્રહીમ رحمۃ اللہ علیہ ફર્માવે છે : એકવાર મને તાવની બીમારી લાગુ થઈ અને બીમારી લંબાતી ગઈ, ત્યાં સુધી કે જિંદગીથી નાઉમ્મીદી થઈ ગઈ. એ દરમિયાન મને ઊંઘની જેમ ઘેન થયું તો મેં શયખ અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہને જોયા કે તે તશરીફ લાવી રહ્યા છે. ફર્માવ્યું, બેટા ! રસૂલલ્લાહ ﷺ તારી અયાદત (બીમારપુર્સી)ના માટે તશરીફ લાવી રહ્યા છે અને લગભગ એ બાજુથી તશરીફ લાવશે જે બાજુ તારા ખાટલાના પગોવાળો ભાગ છે, તારો ખાટલો ફેરવી લે જેથી તારા પગો એ તરફ ન થાય. આ સાંભળીને મને કાંઈક રાહત થઈ. પણ કેમ કે મારામાં વાતચીત કરવાની શક્તિ ન હતી, મેં હાજરજનોને ઈશારાથી સમજાવ્યું કે મારો ખાટલો ફેરવી દો. તેમણે ખાટલાની દિશા ફેરવી જ હતી કે એવામાં ઉમ્મતના વાલી ﷺ તશરીફ લઈ આવ્યા અને ફર્માવ્યું, હે મારા પ્યારા બેટા ! શું હાલ છે ?! આ ઈર્શાદે ગિરામીની લિજ્જત મારા પર એવી છવાઈ કે મને વજ્દ આવી ગયો અને બેક઼રારીની અજબ હાલત મારા પર છવાઈ ગઈ.

પછી મને મારા આકા ! રહમતે દો આલમ ﷺએ મને એ રીતે ગોદમાં લીધો કે આપની દાઢી મુબારક મારા માથા પર હતી અને પહેરણ મુબારક મારા આંસૂઓથી તર થઈ ગયું. પછી ક્રમે ક્રમે એ હાલત સુકૂનમાં ફેરવાઈ ગઈ. ત્યારબાદ મારા દિલમાં ખયાલ આવ્યો કે મુદ્દત પસાર થઈ ગઈ એ શોખમાં કે ક્યાંકથી સૈયદે દો આલમ ﷺના બાલ મુબારક નસીબ થાય. આજે કેટલો કરમ થઈ જાય જો મને મારા આકા ﷺ એ દૌલત અતા ફર્માવે. બસ ! આ ખયાલ આવતાં જ હબીબે ખુદા ﷺ મારા આ ખયાલથી માહિતગાર થઈ ગયા અને આપ ﷺએ પોતાની દાઢી મુબારક પર હાથ ફેરવ્યો અને બે બાલ મુબારક મને અતા કર્યા. પછી એ ખયાલ આવ્યો કે જાગૃત થયા બાદ આ બાલ મુબારક મારી પાસે રહેશે કે નહીં ?! તો આ ખયાલ આવતાં જ સરકારે અબદ કરાર ﷺએ ફર્માવ્યું, બેટા ! આ બંનેવ બાલ મુબારક તારી પાસે રહેશે. ત્યાર બાદ હબીબે કિબ્રિયા ﷺએ લાંબી ઉમર તથા સંપૂર્ણ સાજા થવાની બશારત આપી તો મને એ જ ઘડીએ આરામ થઈ ગયો. હું જાગ્યો અને મેં ચિરાગ મંગાવ્યો અને જોયું તો એ બંનેવ બાલ મુબારક મારા હાથમાં ન હતા જેથી હું ગમગીન થયો અને પછી ફરીથી નબી કરીમ ﷺની તરફ ધ્યાનિત થયો. પછી જોયું કે ઉમ્મતના વાલી ﷺ જલ્વા અફરોઝ છે અને ફર્માવી રહ્યા છે કે બેટા ! હોશમાં રહો ! મેં બંનેવ બાલ મુબારક તારા તકીયાની નીચે કાળજીપૂર્વક રાખી દીધા છે ત્યાંથી લઈ લે. મેં જાગતાં જ તે તાઝીમ તથા અદબ સાથે રાખી દીધા. કેમ કે તાવ પછી કમજોરી આવી ગઈ હતી એના કારણે હાજરજનો સમજ્યા કે કદાચ મૃત્યુનો સમય આવી ગયો છે, જેથી તેઓ રડવા લાગ્યા. તો મેં ઈશારાથી સમજાવ્યું કે હમણા હું મરવાનો નથી. પછી કેટલાક અરસા બાદ મને શક્તિ હાંસલ થઈ ગઈ અને હું સંપૂર્ણ તંદુરસ્ત થઈ ગયો.

*(અલ્બુરહાન, અઝ : મુફ્તી મુહમ્મદ અમીન, રઝા દારુલ ઈશાઅત–બરેલી)*

વર્ણવેલ લખાણોને મહબ્બતે રસૂલ ﷺની સાથે વાંચશો કે આ કોઈ કિસ્સા કહાનીઓ નથી બલ્કે અલ્લાહના પ્યારા રસૂલ ﷺ તથા તેમના દીવાના એવા અલ્લાહના મશહૂર વલીઓની વાતો છે, જેનો વારંવાર અભ્યાસ કરો અને દિલને નબી પાક ﷺની તથા નબી પાક ﷺના બાલ મુબારકની તાઝીમથી લબરેઝ કરી લો તેમાં જ બંને જહાનની ભલાઈ છે. અલ્લાહ પાક આપણને નબી કરીમ ﷺની તથા અવલિયાએ કિરામ તથા તેમનાં તબર્રુકાતની અદબ કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓનું સમર્થન કરતી, વહાબી, અહલે હદીષ, દેવબંદીઓની બદ્અકીદગીની રદ કરતી કુર્આન, હદીષ, અકવાલ થકી મઝહબે હક્કને રોશન કરતી કિતાબ....*

**જાઅલ્ હક્ક**

(પેજીસ : ૯૩૬) *(સંપૂર્ણ કિતાબ)*

**હદિયો : રૂા. ૩૨૦/-**

*(ટપાલ ખર્ચ રૂા. ૩૦/-)*

**લેખક :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા–૩૯૨૦૨૦**, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

***અપીલ :** પ્રસ્તુત કિતાબ છપાવવાનો ખર્ચ મોટો છે અને કિતાબોનો ઉપાડ ખાસ રહેતો નથી જેથી છાપકામમાં સહાય કરવાની નમ્ર અપીલ છે. મર્હૂમોના સવાબ અર્થે ૧૦૦-૨૦૦ કોપી અથવા જે બને તેનો ખર્ચ ઉપાડવા સખીદાતાઓને અપીલ છે. આ કિતાબનું મહત્વ સમજતા હોવ તો જરૂર સહાય કરશો. અલ્લાહ જઝાએ ખૈર આપે. –તંત્રી*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## ઈન્નીનનું બયાન
### (નામર્દનું બયાન)

ઈન્નીન તેને કહે છે કે જેને ઈન્દ્રિય મોજૂદ હોય પણ પત્ની સાથે સંભોગ ન કરી શકતો હોય અને જો અમુક ઓરતથી સંભોગ કરી શકતો હોય અને અમુકથી નહીં અથવા પરિણિત સાથે કરી શકતો હોય અને કુંવારી સાથે ન કરી શકતો હોય. તો જેનાથી ન કરી શકતો હોય તેના માટે ઈન્નીન છે (કહેવાશે) અને જેની સાથે સંભોગ કરી શકતો હોય તેના માટે ઈન્નીન કહેવાશે નહીં. ઈન્નીન હોવા માટેના કારણો જુદાં જુદાં છે. કોઈ બીમારીને કારણે, અથવા પેદાઈશી એવો છે અથવા ઘડપણના કારણે યા જાદૂ કરવાથી.

**મસ્અલા** : જો શિશ્નનો આગળનો ભાગ દાખલ કરી શકતો હોય તો ઈન્નીન ગણાશે નહીં અને જો આગળ નો ભાગ કપાઈ ગયો હોય તો બાકીના ભાગમાંથી આગળના ભાગ જેટલો અવયવ દાખલ કરી શકતો હોય તો ઈન્નીન ગણાશે નહીં અને જો ઓરતે પતિનું શિશ્ન કાપી નાખ્યું તો કપાયેલા શિશ્ન માટેનો હુકમ લાગુ પડશે નહીં. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : મર્દનું શિશ્ન જડમૂળથી કપાય ગયું હોય અથવા ખૂબ જ નાનુ હોય અને ઓરત જુદાઈ ચાહે તો જુદાઈ કરી આપવામાં આવે, જ્યારે કે ઓરત કુંવારી આઝાદ હોય અને નિકાહથી પહેલાં મરદની આ હાલતની જાણકારી ન હોય તેમજ નિકાહ બાદ જાણ્યા પછી તે રાજી ન હોય. જો ઓરત કોઈની બાંદી હોય તો ઓરતને પોતાને કોઈ અધિકાર નથી બલ્કે એના માલિકને તે અધિકાર છે. જો ઓરત નાબાલિગ હોય તો બાલિગ થતા સુધી રાહ જોવામાં આવે. જો બાલિગ થયા પછી રાજી રહે તો સારી વાત છે, નહિતર અલગ કરી દેવામાં આવે. શિશ્ન કપાય જવાની બાબતમાં પતિ બાલિગ હોય કે નાબાલિગ એનો કોઈ એ'તેબાર નથી.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : નાબાલિગ છોકરીના નિકાહ બાપે કરાવ્યા. છોકરીએ શોહરને કપાયેલા શિશ્નવાળો જોયો તો અલગ (જુદાં) કરવાનો હક્ક બાપને નથી જ્યાં સુધી કે છોકરી બાલિગ ન થઈ જાય. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઓરતે દાવો કર્યો પણ શોહર કહે છે કે મેં એનાથી સંભોગ કર્યો છે અને એ ઓરત પરિણિત છે તો શોહરને કસમ ખવડાવવામાં આવે, જો કસમ ખાય લે તો ઓરતનો હક્ક (દાવો) ખારિજ થયો. જો કસમ ખાવાથી ઈન્કાર કરે તો એક વર્ષની મોહલત આપવામાં આવે અને જો ઓરત પોતાને કુંવારી બતાવતી હોય તો કોઈ (અન્ય) ઓરતને બતાવવામાં આવે પરંતુ એહતિયાત એ છે કે (કોઈ) બે ઓરતોને દેખાડવામાં આવે. જો તે ઓરતો એને પરિણિત બતાવે તો શોહરથી કસમ ખવડાવી એની વાત માની લેવામાં આવે અને જો ઓરતો એને કુંવારી જણાવે તો કસમ ખાધા વગર ઓરતની વાત માની લેવામાં આવશે અને જો તે જોનાર ઓરતોને કોઈ શક હોય તો કોઈ અન્ય તરીકાથી તપાસ કરાવી લેવામાં આવે. જો તે જોનાર ઓરતોમાં પરસ્પર વિવાદ હોય એટલે કે કોઈ કુંવારી કહેતી હોય, કોઈ પરિણિત કહેતી હોય તો અન્યથી (બીજી કોઈ) પરખ કરાવી લે અને જ્યારે એ વાત સાબિત થઈ જાય કે પતિએ સંભોગ કરેલ નથી તો એક વર્ષની

મોહલત આપવામાં આવે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઓરતનો દાવો શહેર કાઝી પાસે (સમક્ષ) હશે, બીજા કોઈ કાઝી કે કાઝી ન હોય તેની પાસે દાવો કર્યો અને તેણે મોહલત પણ આપી તો એનો કોઈ એ'તેબાર નથી. એ રીતે ઓરતે પોતે બેસી રહેવું બેકાર છે. *(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : મુકર્રર કરેલ સમય વીતી ગયા બાદ ઓરતે દાવો કર્યો કે શોહરે સંભોગ કર્યો નથી અને શોહર કહેતો હોય કે કર્યો છે તો ઓરત જો પરિણિત (સંભોગ કરેલી) હતી તો શોહરને કસમ ખવડાવવામાં આવે. જો શોહરે કસમ ખાય લીધી તો ઓરતનો હક્ક બાતિલ થઈ ગયો અને જો કસમ ખાવાથી ઈન્કાર કરે તો ઓરતને અધિકાર છે, તે જો અલગ થવા ઈચ્છે તો અલગ કરી દેવામાં આવશે, અને જો ઓરત પોતાને કુંવારી કહેતી હોય એને માટે એ જ હાલત છે જેનું અગાઉ વર્ણન કરવામાં આવ્યું. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : કાઝીએ આપેલી જુદાઈને તલાકે બાઈન ગણવામાં આવશે અને એકાંતવાસ થઈ ચૂકયો હોય તો પૂરે પૂરી મહેર મેળવશે અને ઈદ્દતમાં બેસશે, નહિતર અડધી મહેર મેળવશે અને ઈદ્દતમાં નહીં બેસે. જો મહેર મુકર્રર ન હતી તો મોત્આ મેળવશે. (મોત્આ એટલે ટેમ્પરરી નિકાહ, શીઆ મઝહબમાં અમુક મુદ્દત માટે ઓરતથી નિકાહ કરવામાં આવે છે, આપણે ત્યાં હરામ છે.). *–(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો પતિમાં કોઈ વાતની એબ (ખામી) હોય જેમ કે પાગલપણુ, રક્તપિત્ત, કોઢની બીમારી અથવા તો તેની શર્મગાહ બંધ હોવાની એબ હોય તો રદબાતલ કરવાનો હક્ક નથી. *–(હિંદિયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : પતિ સંભોગ કરે છે પરંતુ વિર્ય નથી કે જેના કારણે સ્ખલન થઈ શકે છે તો ઓરતને દાવો કરવાનો હક્ક નથી.

*(ક્રમશઃ)*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ-૨૦૨૦



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::
હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી
અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## બુરી સોહબતથી બચો

સોહબતની અસર સિદ્ધ થયેલ બાબત છે. માણસ પોતાના સાથીની આદતો તથા અખ્લાક઼થી જરૂર અસર પામે છે. બુરી સોહબતને અપનાવનારા લોકો પોતાની ઈજ્જત તથા વક઼ાર તથા હૈસિયતને ગુમાવી દે છે. તેનું દૃષ્ટાંત એ રીતે સમજો કે એક મધમાખી છે બીજી સાદી માખી છે. મધમાખી ફૂલો પર બેસી રસ ચૂસી મધ બનાવે છે, તો એ બીજી માખીના બીજા પ્રકારની રવિશને અપનાવે છે. એટલે કે બાગ મૌજૂદ છે, આસપાસ, લીલોતરી ખુશનુમા બગીચો, ગુલો ગુલઝાર પણ છે, તેમ છતાં તે માખી ગંદકી જ પસંદ કરે છે. જેમ કે અનુભવ છે કે તે સર્વ ખૂબસૂરત શરીરને છોડીને કેવળ એ જ સ્થળને પસંદ કરે છે જે ઝખ્મી હોય છે, જેમાં લોહી કે પરુ ભરેલુ હોય છે. એટલા માટે લોકો એનાથી નફ઼રત કરતા હોય છે.

અને એ વાત કોણ નથી જાણતુ કે કે ગંદા માહોલથી સંબંધ રાખનારી માખીઓ વબા તથા બીમારીનો જ ઝરીયો બને છે, જ્યારે મધમાખી મધ બનાવે છે જે બીમારો માટે શિફ઼ાનું કામ આપે છે.

જાણવા મળ્યું કે ગંદી તથા બુરી સોહબતમાં બેસનારા માણસો પોતાના વક઼ાર (પ્રતિષ્ઠા)ને જ ઘાયલ નથી કરતા બલ્કે બીજાઓની ઈજ્જત તથા વક઼ારને પણ નુકસાન પહોંચાડવાની તાકમાં હોય છે. જેથી જરૂરી છે કે આપણે બુરા માહોલ તથા બુરી સોસાયટીથી બચીને રહીએ.

અલ્લામા જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

*સોહબતે સાલેહ તરા સાલેહ કુનદ*
*સોહબતે તાલેહ તરા તાલેહ કુનદ*

એટલે કે સારા લોકોની સોહબત તને સારો બનાવી દેશે, જ્યારે કે બુરાઓની સોહબત તને બુરો બનાવી દેશે.

સારી સોહબતની બરકતો અને તેનાં પરિણામો જાણવાના માટે આ દૃષ્ટાંત પર વિચારણા ચિંતન કરો કે એક શખ્સ ઈત્ર વેચનારની દુકાન પર પહોંચે, જો ઈત્ર નહીં તો ઈત્રની દિલને આકર્ષનારી ખુશ્બુ તો જરૂર પામશે.

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે સારા તથા બુરા સાથીનું દૃષ્ટાંત મુશ્કને ઉઠાવનાર અને ભટ્ટી સળગાવનારની જેમ છે. મુશ્ક એક બેહતરીન ખુશ્બુનું નામ છે. ઉઠાવનારો તને ક્યાંક આમ જ આપશે અથવા તું એનાથી કાંઈક ખરીદી લઈશ અથવા એનાથી સુગંધ પામીશ. અને ભટ્ટી સળગાવનાર ક્યાં તો તારાં કપડાં સળગાવી દે અથવા તું એનાથી બદબૂ પામીશ.

હઝરત મુજાહિદ رحمۃ اللہ علیہથી રિવાયત છે કે કોઈ નથી મરતુ પણ તેની મજલિસવાળા તેના સામે પેશ કરવામાં આવે છે. અને જો મરનાર નેક લોકોમાંથી છે તો એ જ નેક લોકો, અને જો બુરા લોકો સાથે સંબંધ રાખનારો છે તો એ જ તેની સમક્ષ

રજૂ કરવામાં આવે છે.

પ્યારા દીની ભાઈઓ ! બહેનો આ રિવાયતને લક્ષમાં રાખીને આપણે નેકોની સોહબત ઈખ્તિયાર કરવી જોઈએ જેથી જ્યારે આપણે મરતી વખતે ઝિક્રવાળાને જોઈએ તો આપણી જીભ પર પણ અલ્લાહ ﷻનો ઝિક્ર ચાલુ થાય.

હદીષ શરીફમાં સારા દોસ્તની પહેચાન બતાવી દેવામાં આવી છે. જેમ કે ફર્માવ્યું, સારો સાથી તે છે કે તેને જોવાથી તમને ખુદા યાદ આવી જાય, અને તેની વાતચીતથી તમારા અમલમાં વધારો થાય અને તેનો અમલ તમને આખેરતની યાદ અપાવે. *(ફયઝાને સુન્નત)*

સારા દોસ્તની સોહબત ન કેવળ દુનિયામાં ફાયદાકારક થાય છે બલ્કે કૃબ્રમાં પણ નેકોકારની સોહબત ફાયદો પહોંચાડે છે.

## ★ કૃબ્રમાં નેક પડોસીની બરકત ! ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને નાફેઅ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એક શખ્સ મદીનામાં ઈન્તેકાલ કરી ગયો. પછી કોઈએ એને ખ્વાબમાં જોયો. જાણે તે દોઝખવાસીઓમાંથી છે. તો તેને એના પર ગમ થયો. પછી સાત કે આઠ દિવસ બાદ બીજીવાર તેને જોવામાં આવ્યો તો જાણે તે જન્નતવાસીઓમાંથી છે. ખ્વાબ જોનારે તેને આ મામલો પૂછયો તો તેણે જણાવ્યું કે **અમારી સાથે એક નેક મર્દે સાલેહ દફન કરવામાં આવ્યો, તો તેણે તેના પડોસમાંથી ચાલીસ માણસો માટે સિફારિશ કરી તો એમનામાંથી એક હું પણ હતો.** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર અક્દસ ﷺએ ફર્માવ્યું, બુરા સાથીથી બચો કે તું એના સાથે ઓળખવામાં આવીશ. એટલે જેવા લોકો પાસે માણસની ઉઠક બેઠક હોય છે લોકો તેને એવો જ જાણે છે.

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! બુરી સોહબતથી દીન તથા દુનિયા બંનેવ તબાહ તથા બર્બાદ થઈ જાય છે. બુરા માહોલમાં માણસની આદતો તથા તૌર તરીકા બગડી જાય છે. અલ્લાહ ﷻની નાફર્માનીઓથી ગુનોહની અધિક્તા થવા લાગે છે. ક્રમે ક્રમે માણસ ફિસ્કો ફુજૂરનું પૂતળુ બની જાય છે અને શૈતાનને ખુશી તથા આનંદ થાય છે. જેથી આપણે દરેક સ્થિતિમાં બુરી સોહબતથી દૂર રહેવું જોઈએ અને સારા તથા નેક લોકોની સોહબતમાં બેસવું જોઈએ, જેથી દુનિયા તથા આખેરતમાં આપણને ખુશી હાંસલ થાય. *(ક્રમશઃ)*

**ભરૂચ :** "દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ"ની યાદી જણાવે છે કે સાવરકુંડલા ખાતે પીરે તરીકત હઝરત સૈયદ અલ્હાજ દાદામિયાં બાપુની નિગરાનીમાં ફૈઝે મુહમ્મદી એજયુકેશનલ વેલ્ફેર એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગુજરાત લેવલ પર હિફ્ઝ તથા કિરાઅતનો મુકાબલો તા. ૨૭–૯–૨૦૧૯ના રોજ યોજાયો જેમાં "દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ"ના તાલિબે ઈલ્મ મુહમ્મદ જાબિર–જંબુસર કિરાઅતમાં ત્રીજા ક્રમે આવ્યા તેમજ હિફ્ઝમાં મુહમ્મદ અઝીમે–ભરૂચ ત્રીજો ક્રમ હાંસલ કર્યો છે. *[(તલબા, ઉસ્તાદો સૌને મુબારકબાદ ! –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*


## નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો :–

**અંજુમને રઝાએ મુસ્તફા**, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# لَيْسَ مِنَّا
# 'તે અમારો નથી'

હપ્તો : ૦૪

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

## મુસલમાનોનું ભલુ ન ચાહવાની સજા

આજે એ જમાનો આવી ગયો છે જેમાં મનુષ્ય માત્ર પોતાની જાત, પોતાના ઘરવાળાઓ, પોતાનો કારોબાર અને પોતાની દોલતની ચિંતા કરે છે. અન્ય જે લોકોના હક્કો તેના પર રાખવામાં આવ્યા છે તેની તેને કોઈ ચિંતા નથી હોતી. મા બાપના હક્કોની વાત હોય, પડોશીઓને તેમના હક્ક આપવાની વાત હોય અથવા આમ મુસલમાનોના હક્કોનો ખયાલ અને લેહાઝ કરવાની વાત હોય આપણે દરેક જગાએ ઘણા પાછળ નજર આવીએ છીએ.

આકાએ કોનૈન ﷺએ મુસલમાનોની સાથે ખૈરખ્વાહી (શુભેચ્છા) કરવાને દીનમાં અનિવાર્ય ઠરાવ્યું છે. જેમ કે;

હઝરત તમીમદારી رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : اَلدِّیْنُ النَّصِیْحَۃُ "દીન ખૈરખ્વાહીનું નામ છે" લોકોએ સવાલ કર્યો કે કોની ખૈરખ્વાહી ?! ફર્માવ્યું :

لِلّٰہِ وَ کِتَابِہٖ وَرَسُوْلِہٖ وَاَئِمَّۃِ الْمُسْلِمِیْنَ وَعَامَّتِہِمْ۔

"અલ્લાહના માટે, તેની કિતાબ માટે, તેના રસૂલ માટે, મુસલમાનોના ઈમામો અને આમ મુસલમાનો માટે." *(અલ્મોઅ્જમુલ કબીર લિત્તબ્રાની, ૨/૫૨)*

અર્થાત દીન એ છે કે અલ્લાહના માટે ઈખ્લાસ કરે, તેના સર્વ હક્કો અદા કરે, ઈખ્લાસ અને સાચા દિલથી તેના રસૂલ પર ઈમાન લાવે, રસૂલે આ'ઝમ ﷺની ઈતાઅત કરે, આપ ﷺની સુન્નતોને અપનાવે, તેમનામાં જો લોકોની જહાલત અને નફ્સાનિયતના લીધે કોઈ ખરાબી આવી ગઈ હોય, જેમ કે બિદઅતો અને કુરિવાજો તો તેમની સુધારણા કરે, મુસલમાનોના ઈમામો એટલે ઈસ્લામી હુકમરાનોની સાથે ઈખ્લાસ કરે, તેમના હક્કો અદા કરે, તેમનો સાથ આપે, અને જો એમનામાં કોઈ ખરાબી હોય તો તેમને નરમી સાથે જણાવી તેમની ઈસ્લાહ કરે, આમ મુસલમાનોના હક્કો અદા કરે અને તેમની ઈસ્લાહની ફિક્ર કરે.

આ હદીષ જવામિઉલ કલિમમાંથી છે, તેમાં ઓછા શબ્દો વડે દીનની પૂરી હકીકત અને તેનો કમાલ બયાન કરી આપવામાં આવ્યો છે. દીને ઈસ્લામ ઈમાન અને એહસાન વગેરે બાબતોના સમૂહનું નામ છે, તો દીનના ઉસૂલ તથા ફુરૂઅ (સર્વ બાબતો) દીનનો હિસ્સો અને ઈન્સાનિયતની ભલાઈ અને સફળતાના માધ્યમો છે, જેમના પર અમલ કરીને આપણે એક સાચા અને સારા મુસલમાન બની શકીએ છીએ, દુનિયાને અમ્નો શાંતિનું પાંગણુ બનાવી શકીએ છીએ, અને આખિરતને હમેશાંની સફળતા અને સિદ્ધીથી પાવન થઈ શકીએ છીએ, મતલબ કે સમસ્ત દીન ખૈરખ્વાહીનું નામ છે.

તમીમદારી رضی اللہ عنہ ફર્માવે છે કે અમે રસૂલે આ'ઝમ ﷺથી પૂછયું કે ખૈરખ્વાહી કોના માટે (કરીએ) ? એટલે કે ખૈરખ્વાહીને પાત્ર કોણ છે ? તો આપ ﷺએ ફર્માવ્યું :–

## (૧) અલ્લાહના માટે ખૈરખ્વાહી :-

સૌ પ્રથમ ખૈરખ્વાહી પોતાના રબ તઆલા માટે છે જેણે આપણને પેદા કર્યા, દરેક પ્રકારની નેઅમતોથી નવાઝયા અને આપણી દીની તર્બિયત માટે આસ્માનથી સૌથી સંપૂર્ણ કિતાબ કુર્આન મજીદ, સૌથી બર્ગુઝીદા અને અફઝલ રસૂલ, મુહમ્મદે અરબી ﷺ પર નાઝિલ ફર્માવી. એ રબ તઆલાનો હક્ક઼ બંદાઓ પર સૌથી પહેલો છે અને તેના હક્ક઼ને નિઃસ્વાર્થ રીતે તેના માટે જ અદા કરવો રબ તઆલા માટે ખૈરખ્વાહી છે. અલ્લાહ તઆલાના મહાન હક્ક઼નો ખુલાસો એ છે કે આપણે એ જ એક અલ્લાહ વહ્દહૂ લા શરીક લહૂને પોતાનો મઅ્બૂદ (પૂજ્ય), મસ્જૂદ અને જરૂરતો પૂરી કરનાર, મુશ્કેલી દૂર કરનાર સમજીએ, તેની ઈબાદતમાં કોઈને શરીક ન કરીએ, તેનાથી જ પોતાની હાજતો પૂર્ણ થવાની દુઆ માગીએ, તેના તે સર્વે નામો અને સિફતો જે કુર્આન અને સહીહ હદીષોથી સાબિત છે, તેમને ફેરબદલ અને સરખામણી વિના માનીએ, તે નામો અને સિફતોથી અલ્લાહ તઆલાની શાનની મહાનતાને સમજીએ અને પોતાને પણ ઉચ્ચ ગુણોથી સજ્જ કરીએ, અલ્લાહ તઆલાના કોઈ નામ અથવા સિફતનો ઈન્કાર અથવા તેના જાહેર અને વાસ્તવિક અર્થમાં ફેરબદલ અથવા તેની કોઈ સિફતનો મખ્લૂક઼ સાથે સરખાવવાની અથવા અલ્લાહની કોઈ મખ્લૂક઼ દ્વારા ઉદાહરણ આપવાની કદાપિ હિંમત ન કરીએ. કારણ કે આ સર્વ હરકતો નાજાઈઝ, બલ્કે શિર્કની જેમ છે. એ જ પ્રમાણે જે ઈબાદતો અલ્લાહ પાકે આપણા ઉપર અનિવાર્ય ઠરાવી છે તેમને ખાલિસ કેવળ અલ્લાહ માટે અદા કરીએ. રિયાકારી અને દેખાડાની ઈચ્છાથી બચીએ કે એ અમલને બર્બાદ કરવાનો સબબ છે. જે બાબતો આપણા પર વાજિબ છે એમના સિવાય નફ્લો (જે કાર્યો વાજિબ કે ફર્ઝ નથી એમના) દ્વારા અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરીએ અને જે બાબતોથી અલ્લાહ તઆલાએ મના ફર્માવ્યું છે, ખાસ કરીને જે ચીજો શરીઅતમાં હરામ છે તેમનાથી તાકીદે અને સંપૂર્ણ રીતે દૂર રહીએ, સાથે જ મકરૂહ બાબતોથી પણ બચવાની કોશિશ કરીએ, કારણ કે સૌ હરામ અને મકરૂહ ચીજો આપણા દીન માટે, આપણી જાત માટે, આપણા ઘર અને ખાનદાન માટે અને સમસ્ત મનુષ્ય સમાજ માટે હાનિકારક છે, એટલા માટે તેમનાથી બચવામાં આપણો જ ફાયદો છે. જો આપણે અલ્લાહ તઆલાના હક્ક઼ોને અને ખાસ કરીને તૌહીદના હક્ક઼ને અર્થાત અલ્લાહ તઆલાની ખાલિસ બંદગીના હક્ક઼ને સર્વથી પ્રથમ કક્ષાએ અને અગ્રેસર છે તેને અદા કરીએ છીએ તો આપણે અલ્લાહ તઆલા તરફથી હિદાયત પામેલ અને દુનિયા વ આખેરતમાં બંને જગા શાંતિ અને આરામથી રહીશું.

## (૨) અલ્લાહની કિતાબ માટે ખૈરખ્વાહી :

અલ્લાહ તઆલાની કિતાબ કુર્આને મજીદ માટે ખૈરખ્વાહ બનો, કુર્આને કરીમના અલ્લાહનું કલામ હોવા પર ઈમાન રાખો. અલ્હમ્દુલિલ્લાહ ! તે દરેક ફેરબદલથી પાક છે. આ કિતાબ સર્વ આસ્માની કિતાબોની નાસિખ (તેમનામાં વર્ણવેલ હુકમોની મુદતને સમાપ્ત કરનાર) છે અને તેમની તા'લીમાતને પોતાની અંદર સમાવેલ છે. **જે કુર્આને કરીમ પર ઈમાન નથી રાખતો તે મુસલમાન નથી.** એ જ રીતે અમુક ફિર્ક઼ાવાળાઓનું એ ગુમાન છે કે કુર્આન મજીદના અમુક ભાગ અથવા અમુક સૂરતો અને આયતો હટાવી દેવામાં આવી છે અથવા હટાવી શકાય છે, (આમ માનવું) કુફ્રને લાગુ પાડે છે. આ કિતાબને દુનિયા વ આખેરતની કામ્યાબી અને નજાતનો ઝરીયો સમજીને પઢવી, તેને સહીહ હદીષો, સહાબાએ કિરામનાં કથનો, અને તેમની તફસીરની રોશનીમાં સમજવું, તેના પર અમલ કરવો, સદ્કાર્યો અને

સદ્‌વર્તનને અપનાવવું અને બુરા કામો તથા બુરા અખ્લાક઼ જેનો નિર્દેશ કુર્આને કર્યો છે તેમનાથી દામન બચાવવું, કુર્આનો સુન્નતની રોશનીમાં પોતાના મામલાઓને હલ કરવા અને કરાવવા, કુર્આનને પોતાના દિલની બીમારીઓ શિર્ક તથા બિદઅતો અને ગુનાહો તથા બુરાઈઓ જેવી ખબીષ બીમારીઓ તેમજ વિવિધ શારીરિક બીમારીઓનો ઈલાજ અને શિફાનો ઝરીયો સમજવું કુર્આને કરીમની સાથે ખૈરખ્વાહી છે. મુસલમાનોનો તેની સાથે ઘણો જ મજબૂત અને ગાઢ સંબંધ હોવો જોઈએ. આ કિતાબ પર અમલ કરીને આપણા પૂર્વજોએ દુનિયા પર રાજ કર્યું અને ઈસ્લામની મહાનતા અને શાનના ઝંડા લહેરાવ્યા.

**(3) અલ્લાહના રસૂલ ﷺ માટે ખૈરખ્વાહી:**

રસૂલુલ્લાહ ﷺએ નસીહત અને ખૈરખ્વાહીના સ્થળો પર એ પણ ફર્માવ્યું છે કે નસીહત અને ખૈરખ્વાહી અલ્લાહના રસૂલ ﷺ માટે પણ કરવામાં આવે. એટલે કે આપણે સૈયદે આલમ ﷺની નબુવ્વત અને રિસાલત પર ઈમાન લાવીએ, આપ علیہ الصلوٰۃ والسلامને અંતિમ નબી અને રસૂલ જાણીએ કે આપના બાદ કોઈ નવો નબી અથવા રસૂલ ક઼યામત સુધી નહીં આવે અને જે આ પ્રકારનો દાવો કરશે તે જૂઠો, મક્કાર, પ્રપંચી અને દજ્જાલ હશે. આપની શરીઅત જે કુર્આન મજીદ અને આપ ﷺની સહીહ હદીષોથી સંપૂર્ણ છે, તેના પર અમલ કરીએ. આપે આપેલ ખબરોને સત્ય માનીએ, આપના આદેશોનું પાલન કરીએ, આપે મના કરેલ ચીજોથી દૂર રહીએ. આપના ફર્માનો પર અન્ય કોઈના કથન અને અમલને અગ્રતા ન આપીએ. અલ્લાહની બંદગી આપના સૂચવેલ તરીક઼ા મુજબ કરીએ. આપની ફઝીલતને સ્વીકારીએ, આપના ઉપર અધિકતમ્ મસ્નૂન દુરૂદો સલામ પઢતા રહીએ અને ખાસ કરીને જુમ્આના દિવસે દુરૂદ શરીફ પુષ્કળ પ્રમાણમાં પઢીએ. આપના, આપની અઝવાજે મુતહ્‌હરાત અને આપના એહલે બૈત رضی اللہ عنہم اجمعینનો એહતેરામ અને અદબ તથા સન્માનને અનિવાર્ય સમજીએ. આપના સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી મહોબ્બતને ઈમાનનો ભાગ સમજીએ. આ સર્વ વાતો મુસ્તફા કરીમ علیہ الصلوٰۃ والسلامના હક્કો઼માં દાખલ છે. આ હક્કો઼ને અદા કરવા અને જરૂરી અદબના વિરુદ્ધ બાબતો જે બેઅદબી અને બદ્‌તમીઝી કહેવાય છે તેમનાથી હર હાલતમાં બચીએ. અને હુઝૂર સૈયદે આલમ ﷺની શાનમાં ગુસ્તાખી કરવાવાળાઓથી સખતીથી બચીએ.

**(૪) મુસલમાનોના હુકમરાનો માટે ખૈરખ્વાહી :-**

ભલાઈ અને શુભેચ્છા મુસલમાનોના હુકમરાનો માટે પણ જરૂરી છે અને તેનો તક઼ાદો છે કે તેમના માટે નેકી, અડગતા અને સર્વ બાબતોમાં સીધો માર્ગ અપનાવવાની દુઆ કરવામાં આવે. ભલાઈના કામોમાં તેમની ઈતાઅતને વાજિબ સમજીએ અને જેમના માથે જે કામ અને ડયુટી રાખવામાં આવી છે અથવા જે હોદ્દો આપવામાં આવ્યો છે તેનો લેહાઝ રાખીએ. પોતાની જવાબદારીઓને ઉત્તમ રીતે નિભાવીને પોતાના હુકમરાનોની સાથે સહયોગ કરીએ. હોદ્દા અને જવાબદારીઓને અમાનત સમજીએ. દેશની હિફાઝત અને અમ્નો અમાનને સ્થાપિત રાખવા હુકમરાનોની ભરપૂર મદદ કરીએ.

**(૫) આમ મુસલમાનો માટે ખૈરખ્વાહી :**

આમ મુસલમાન માટે પણ ખૈરખ્વાહીનો આપણાથી તકાદ઼ો છે અને તેનો મતલબ એ છે કે આપણે તેમના માટે એ પસંદ કરીએ જે પોતાના માટે પસંદ કરીએ છીએ. જે ચીજોને પોતાના માટે પસંદ નથી કરતા તેમના માટે પણ નાપસંદ કરીએ.

મોટેરાઓ સાથે ઈજ્જત અને નાના સાથે નરમીનું વર્તન કરીએ. ગુમરાહોને સીધો રસ્તો દેખાડીએ, જાહિલો અને (દીનથી) ગફલત કરનારાઓ માટે તા'લીમ અને નસીહતની ફર્ઝ બજાવીએ, ભલાઈનો હુકમ કરીએ અને બુરાઈથી રોકીએ. મશ્વરો આપવામાં ખયાનત અને ધોકાથી કદી કામ ન લઈએ. ખરીદ વેચાણ અને અન્ય બાબતોમાં શરઈ હિદાયતનો ખાસ ખયાલ રાખીએ વચનભંગ, વાદા ખિલાફી, ગીબત અને ચુગલી, બીજાઓના હક્ક઼ મારવા અને ન્યાય કરવામાં તરફદારી વગેરેથી બચીએ.

અફસોસ કે ખૈરખ્વાહી આજે મુસલમાનોમાં નહીવત છે. ચો તરફ ઘમંડીપણુ, સ્વાર્થ, છેતરપિંડી, અને વેપાર વહેવારમાં ધોકો અને જૂઠ, એ જ રીતે કોર્ટ કેસોમાં જૂઠ બોલીને અને જૂઠી ગવાહીઓ આપીને પોતાના હક્ક઼માં નાહક્ક઼ ફેંસલા કરાવી લેવાનું ચલન આમ છે. ઉચ્ચ હોદ્દેદારીથી લઈ ચપરાસી સુધીને લાંચનો ચસ્કો પડી ગયો છે. મુસ્લિમ સમાજમાં બુગ્ઝ તથા હસદ, કીનો અને તકબ્બૂર તથા ઘમંડ સામાન્યતઃ જોવા મળે છે. ખૈરખ્વાહીથી દૂર હોવાનો અંજામ શું છે તેને આ હદીષમાં વાંચો :–

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે કાઈનાત ﷺએ ફર્માવ્યું :–

مَنْ لَّمْ يَهْتَمَّ بِاَمْرِ الْمُسْلِمِيْنَ فَلَيْسَ مِنْهُمْ وَمَنْ لَّمْ يُصْبِحْ وَيُمْسِ نَاصِحًا لِّلّٰهِ وَلِرَسُوْلِهٖ وَلِكِتَابِهٖ وَلِاِمَامِهٖ وَلِعَامَّةِ الْمُسْلِمِيْنَ فَلَيْسَ مِنْهُمْ۔

"જે મુસલમાનોના મામલાઓની ચિંતા ન કરે તે એમનામાંથી નથી અને જેની સવાર અને સાંજ એ હાલમાં ન થાય કે તે અલ્લાહ, તેના રસૂલ, તેની કિતાબ, મુસલમાનોના ઈમામો (આગેવાનો, હાકિમો) અને આમ મુસલમાનોની ખૈરખ્વાહી ન કરે તે એમનામાંથી નથી."

*–(અલ્મોઅ્જમુલ અવસત, તબ્રાની, ૭/૨૭૦)*

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام ઈમાન લાવનાર સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી વિશેષ રીતે નમાઝ, ઝકાત અને દરેક મુસલમાન માટે ખૈરખ્વાહી બનવાની બયઅત લેતા હતા.

હઝરત જરીર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે. કહે છે :–

بَايَعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلٰى اِقَامِ الصَّلٰوةِ وَاِيْتَاءِ الزَّكَاةِ وَالنُّصْحِ لِكُلِّ مُسْلِمٍ۔

"મેં રસૂલુલ્લાહ ﷺથી નમાઝ ક઼ાયમ રાખવા, ઝકાત આપવા અને તમામ મુસલમાનોના માટે ખૈરખ્વાહી કરવાની બયઅત કરી."

*–(સહીહ બુખારી, ૧/૨૧)*

આ સિવાય પણ ઘણી બધી હદીષોમાં આમ મુસલમાનો માટે સામાન્યતઃ અને હુકમરાનો (સત્તાવાળાઓ) માટે વિશેષતઃ અને હુકમરાનો તરફથી પોતાની પ્રજા માટે ખૈરખ્વાહીની તાક઼ીદપૂર્વક આગ્રહ અને નસીહત આવી છે. ખાસ કરીને દરેક મુસલમાન માટે ખૈરખ્વાહી કરવા પર બયઅત લેવી એ વાતનો નિર્દેશ કરી રહ્યું છે કે પોતાની ક઼ૌમની ખૈરખ્વાહી અગત્યનો દીની ફર્ઝ છે, જેનો ખાસ ખયાલ રાખવો દરેક મુસલમાનની જવાબદારી છે. એટલા માટે જે એનાથી ગાફિલ છે તે ઈસ્લામના એક મહત્વના કાર્યથી ગાફિલ (વંચિત) છે.

## ★ મુખ્લિસ મો'મિનની પહેચાન ★

નુસહુન અથવા નસીહતનો અર્થ સામાન્ય રીતે આપણી ઉર્દૂ ભાષામાં ખૈરખ્વાહી (શુભેચ્છા) કરવામાં આવે છે. આ એક ઘણો જ સમૃદ્ધ શબ્દ છે જે ઝબાને રિસાલત મઆબ ﷺથી અદા થયો છે. તેનો અર્થ ખાલિસ, Pure, દરેક પ્રકારની મિલાવટથી પાક અને સાફ ચીજ છે. તેનાથી મુરાદ એ છે કે આપણા દિલમાં દરેક તે વ્યક્તિ માટે જેના આપણે ખૈરખ્વાહ (શુભેચ્છક) છીએ, કોઈ પ્રકારનો કોઈ મેલ, ધોકો

અને પ્રપંચ ન હોય અને આપણે તેના માટે દરેક ભલાઈ ઈચ્છતા હોય. જે રીતે આપણે પોતે દરેક બુરાઈ અને ખરાબીથી બચવા ચાહીએ છીએ, એ જ રીતે તેને પણ દરેક ફિત્ના અને બુરાઈથી બચાવવાની ઈચ્છા ધરાવતા હોય. આ જ એક મુખ્લિસ મો'મિનની પહેચાન છે.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે આકાએ રહમત ﷺ ફર્માવે છે :–

لَا يُؤْمِنُ اَحَدُكُمْ حَتّٰى يُحِبَّ لِاَخِيْهِ مَا يُحِبُّ لِنَفْسِهٖ

"તમારામાંથી કોઈ વ્યક્તિ ત્યાં સુધી કામિલ મો'મિન નથી થઈ શક્તો જ્યાં સુધી પોતાના ભાઈ માટે પણ તે જ વસ્તુ પસંદ ન કરે જે પોતાના માટે પસંદ કરે છે." *(સહીહ બુખારી શરીફ, ૧/૧૨)*

## ★ અંબિયાએ કિરામની સિફત (ગુણ) ★

કુર્આને કરીમે ઘણા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامની સિફતોમાં એક ખાસ સિફત તેમની પોતાની ઉમ્મત માટે ખૈરખ્વાહી બતાવી છે. અંબિયાએ કિરામ જે મનુષ્યોમાં સૌથી અફઝલ છે પોતાની કૌમ માટે ઘણા જ શુભેચ્છક અને અમાનતદાર હોતા. કારણ કે તેમની નબુવ્વત અને રિસાલતનો હેતુ જ મનુષ્યોને અલ્લાહ તઆલા અને બંદાઓના હક્કોથી માહિતગાર કરવા, ભલાઈ તરફ આમંત્રિત કરવા અને દરેક બુરાઈથી ડરાવવા અને (બુરાઈઓથી) બચવાનો આગ્રહ કરવાનો હતો. અંબિયાએ કિરામે આ સંદર્ભે પોતાની કૌમોને જે ફર્માવ્યું હતું તેનુ વર્ણન કુર્આને મુકદ્દસે વિવિધ સ્થળો પર કર્યું છે :

હઝરત નૂહ علیہ السلامએ પોતાની કૌમને આ પ્રમાણે ફર્માવ્યું હતું :–

اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّيْ وَاَنْصَحُ لَكُمْ وَاَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ۝

"(હું) તમને તમારા રબના પૈગામ પહોંચાડું છે અને તમારું ભલુ ચાહું છું અને હું અલ્લાહ તરફથી તે ઈલ્મ ધરાવું છું જે તમે નથી ધરાવતા."

*–(સૂરએ અઅ્રાફ, આ. ૬૨)*

હઝરત હૂદ علیہ السلامએ કૌમે આદથી ફર્માવ્યું હતું :

اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّيْ وَاَنَا لَكُمْ نَاصِحٌ اَمِيْنٌ۝

"(હું) તમને મારા રબનો પૈગામ પહોંચાડુ છું અને તમારો વિશ્વસનીય ખૈરખ્વાહ છું."

*–(સૂરએ અઅ્રાફ, આ. ૬૮)*

હઝરત સાલેહ علیہ السلامએ ફર્માવ્યું હતું :–

فَتَوَلّٰى عَنْهُمْ وَقَالَ يٰقَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ رِسَالَةَ رَبِّيْ وَنَصَحْتُ لَكُمْ وَلٰكِنْ لَّا تُحِبُّوْنَ النّٰصِحِيْنَ۝

"તો સાલેહે તેમનાથી મોઢું ફેરવ્યું અને કહ્યું, હે મારી કૌમ ! બેશક ! મેં તમને મારા રબનો પૈગામ પહોંચાડી આપ્યો અને તમારું ભલુ ચાહ્યું, પરંતુ તમે ભલુ ચાહવાવાળાઓને પસંદ નથી કરતા."

*–(સૂરએ અઅ્રાફ, આ. ૭૯)*

આ આયતોથી જણાયું કે ખૈર ખ્વાહી કોઈ સામાન્ય કાર્ય નથી બલ્કે આ એક એવું કાર્ય છે જેને દરેક જમાનામાં અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامએ અપનાવ્યું છે. માટે આપણે પણ આ મહાન ગુણથી પોતાને સજ્જ કરવા જોઈએ અને અલ્લાહ, તેની કિતાબ, તેના રસૂલ, મુસલમાનોના આગેવાનો, અને આમ મુસલમાનો માટે ખૈરખ્વાહીનો જઝબો એ જ અર્થોમાં પોતાના દિલમાં રાખવો જોઈએ જે પાછલા પાનાઓમાં વર્ણન થયા. કારણ કે આપણા દીનની તા'લીમાતમાં એ જ છે અને આ જ ગુણને અપનાવી આપણે ખુદાએ કુદ્દૂસો જબ્બારની રહમતના પાત્ર થઈશું. જો આપણે તેને ત્યજી દઈએ તો પછી સૈયદે આલમ ﷺના તરીકાને છોડનાર કહેવાઈશું. *(ક્રમશઃ)*

# ભારતના મુસ્લિમો સ્પેનના ઈતિહાસથી બોધ લે

❑ લેખક : વી. ટી. રાજ શેખર ❑ ઉદ્દૂકર્તા : મુહમ્મદ ગઝાલીખાં
❑ અનુવાદક : મૌલાના અબ્દુર્રહમાન મિસ્બાહી–પારખેત

***પ્રસ્તૂત લેખ દલિત વોઈસ, મે–૧૯૯૯માં પ્રસિધ્ધ થયો હતો. તે સમયના સંજોગોને અનુરૂપ એની માહિતી રજૂ થયેલી છે. જેમાંના અમુક સંજોગો હાલ પણ ઉપસ્થિત છે, છતાં લેખની સર્વ વાતોથી અમો સહમત છીએ એમ માનવાની જરૂર નથી. અત્રે આ લેખ કન્ઝુલ ઈમાન–ઉર્દૂ મંથલી, દિલ્હી, સપ્ટે. ૨૦૧૯માંથી લીધો છે.***

*–તંત્રી : બરકાતે ખ્વાજા*

આ આંખો ખોલનારો હિંદી લેખ દલિત વોઈસ– મે, ૧૯૯૯માં પ્રકાશિત થયો હતો જેમાં પ્રખ્યાત પત્રકાર વી.ટી. રાજશેખરે લખ્યું હતું :

"અત્યારે તો ફક્ત બીજ વાવવામાં આવી રહ્યાં છે, ફસલ કાપવાનો સમય તો હજુ આવવાનો છે, અને કાપણી સમયે ભારતમાં જે કાંઈ કપાઈ રહ્યું હશે તે તે જ હશે જે સ્પેનમાં થઈ ચૂક્યું છે."

મુસલમાનોએ સ્પેનમાં ૭૨૧ ઈ.સ. થી ૧૫૮૦ ઈ.સ. સુધી શાસન કર્યું છતાં પણ આજે સ્પેનમાં મુસલમાનોનું અસ્તિત્વ નથી ! જો કે ત્યાં જીવનના દરેક ક્ષેત્રો પર ઈસ્લામની છાપ છે. સ્પેનની ભાષામાં બીજી યૂરોપી ભાષાઓના હિસાબે અરબીના શબ્દો વધુ છે, તેના સંગીત પર અરબ સંગીતની અસર છે, તેના સંસ્કારો પર યૂરોપિયન પરંપરાઓને બદલે અરબી પરંપરાઓની છાપ છે, ત્યાં સુધી કે અરબી નામોની જેમ અહીં નામોની શરૂમાં "અલિફ–લામ" લાગેલો હોય છે. જ્યારે ગર્નાટામાં મુસ્લિમ રાજકારણનો છેલ્લો કિલ્લો ધરાશયી થયો હતો, સ્પેનમાં મુસલમાનોની પડતીની શરૂઆત થઈ ગઈ હતી, અને ૧૨૦ વર્ષ બાદ આ પડતી અહીંથી બાઅમલ મુસલમાનોના છેલ્લા ગ્રુપની રવાનગી સાથે છેલ્લી હદે પહોંચી ગઈ હતી. તે વર્ષ બાદ સ્પેનના ક્ષિતિજમાંથી ઈસ્લામ સંપૂર્ણપણે અદશ્ય થઈ ગયો. એક વિચારવા જેવી વાત એ છે કે સ્પેનમાં ઈસ્લામના પતનના તે દોરમાં સમગ્ર સંસ્કારી દુનિયા પર મુસલમાનોનું શાસન હતું ! તુર્કીની ઉષ્માની ખિલાફત કુસ્તુન્તુનિયા પર ઈ.સ. ૧૫૫૩માં કબ્જો કરી ચૂકી હતી, અને બુલકાનના ટાપુનો આખો વિસ્તાર તેના શાસન હેઠળ હતો. મિસ્રમાં તાકતવર ગુલામોની હુકૂમત હતી. અબ્બાસીઓના શાસન હેઠળ ઈરાન તરકકી પર હતું, અને ભારતમાં મુગલ શાસન હતું છતાંય સ્પેનનના મુસલમાનોને બચાવવા માટે તે વિશાળ સેનાઓએ કાંઈ ન કર્યું.

સ્પેનમાં ઈસ્લામનું પતન કેવી રીતે થયું ? આ (પાછલી) સદીના ૩૦ અને ૪૦ના દશકમાં ભારતના કટ્ટરપંથી હિંદુઓએ આ વિષયે ઊંડાઈપૂર્વક દિલચસ્પી લીધી હતી. તેમણે એનું અધ્યયન એ હેતુથી કર્યું હતું કે ભારતમાં તેને કોપી કરી શકાય. સાથો સાથ જ ભારતમાં સ્પેનની ઘટના ફરીવાર થવાથી રોકવા માટે મુસલમાનોએ પોતાના હિસાબે તેનું અધ્યયન કર્યું હતું, કેમ કે સૌથી મોટી લઘુમતી હોવાના કારણે (૧૯૮૧ની જન સંખ્યા ગણતરીના આધારે બીજી મોટી બહુમતી) તેઓ ઉચ્ચ–પ્રજાતિના (કટ્ટરવાદી) હિંદુઓ માટે માથાનો દુઃખાવો બની ગયા છે પણ ભારતના મુસ્લિમો સ્પેનના ઈતિહાસ અને તેના આધારે બનાવવામાં આવી રહેલ ષડયંત્રોથી અજાણ છે. અહીં અમારો હેતુ આ વિષય પર થોડી રોશની નાખવાનો છે જેથી મુસલમાનોનો

વિચારશીલ વર્ગ અને તેમની સાથે હમદર્દી રાખનારા લોકો આ વિશે વધુ અધ્યયન કરી લે.

ભારતની જેમ સ્પેનના મુસલમાનો પણ ત્રણ પ્રકારના હતા : (૧) અસલ અરબ વંશના (૨) અરબ પિતા અને સ્પેની માતાની સંતાનો (૩) ઈસાઈયત છોડીને ઈસ્લામ સ્વીકાર કરનારાઓ. ગરનાટાના ધારાશયી થયા બાદ પોતાનો જીવ (દોલત નહીં, કેમ કે સંપત્તિ લઈ જવાની પરવાનગી ન હતી) બચાવવા માટે અસલ અરબ લોકો ટયુનિશિયા અને મોરોક્કો જતા રહ્યા, ઘણા ઈસાઈ આક્રમણ કર્તાઓના હાથે માર્યા ગયા. તે અરબો જેમણે સ્પેનમાં રહેવાનું પસંદ કર્યું તેમને છેવટે "વિદેશી" અને સ્પેનને બર્બાદ કરનારા ઠરાવવામાં આવ્યા. (જેવું કે ભારતમાં થઈ રહ્યું છે.) બીજા મુસલમાનો એટલે કે મુસ્લિમ પિતા અને ઈસાઈ માતાનાં સંતાનો અથવા ઈસાઈયત છોડીને ઈસ્લામ સ્વીકાર કરનારાઓએ સંપૂર્ણ ધાર્મિક આઝાદી આપવાના શાહ ફ્રેર્નેડેન્ડના એલાન પર ભરોસો કરી સ્પેનમાં રોકાવાનો નિર્ણય લીધો. (ભારતમાં પણ તો આપણને એમ જ કહેવામાં આવે છે કે મુસલમાનોને સંપૂર્ણ ધાર્મિક આઝાદી અને લઘુમતીના હકકો હાંસલ છે) શરૂના વર્ષોમાં તેમના જાન તથા માલ પર હુમલાને સંજોગવસાત વલણ ઠરાવીને માફ કરી દેવામાં આવતો હતો. આની સરખામણી ૧૯૪૭માં ભાગલાની સ્થિતિ જોડે કરો. (આ લેખ ૧૯૯૯માં લખવામાં આવ્યો હતો સ્પેનમાં મુસલમાનો પર હુમ્લા અને કતલ તથા ગુંડાગર્દી કરનારાઓની સરખામણી ગુજરાત, મુઝફફરનગર અને માલેગાંવમાં મુસલમાનોના હત્યારાઓનું એક પછી એક છૂટી જવું અને હાલની ગવર્નમેન્ટ દ્વારા તેમના થઈ રહેલા સન્માન સાથે કરો. –ઉર્દૂ અનુવાદક)

સ્પેનમાં મુસલમાનો પર હુમ્લા ફકત તે વખતે જ શરૂ ન થયા બલ્કે ૫૦ વર્ષ બાદ સુધી તેનાથી ઓછી ક્રૂરતા સાથે સમયે સમયે થતા રહ્યા. ભારતમાં જે રીતે આજે થઈ રહ્યા છે. ભાગલા પછી શરૂના વર્ષોમાં ભારતીય મુસલમાનોએ મુકાબલો કર્યો અને હુમ્લાખોરોને જવાબ આપ્યો. રસ્તાઓ પર નાની મોટી અથડામણો થઈ, પરંતું ધીરે ધીરે આ એક તરફી હુમલામાં બદલાઈ ગયું અને પરાજય મુસલમાનોનો થયો. સ્પેનમાં જે સમયે સંગઠિત ઈસાઈ ટોળીઓ કત્લેઆમ કરી રહી હતી ત્યારે ફ્રેન્ડન્ડની ગવર્નમેન્ટ મુસલમાનોનો નોકરીઓમાંથી સફાયો કરવા માટે નીચે મુજબના તરીકાઓ પર અમલ કરી રહી હતી :

(૧) સરકારી વ્યવસ્થામાંથી અરબી ભાષાને કાઢી નાખી જે સ્કૂલો મસ્જિદો સાથે જોડાયેલી હતી, તેમના પર પાબંદી લગાડી દેવામાં આવી કે ગેર મઝહબી વિષયો જેમ કે સાયન્સ, ઈતિહાસ, ગણિત અને ફિલોસોફી ન ભણાવે. તે ફક્ત ધાર્મિક તાલીમ આપી શકતા હતા. (૨) ઈતિહાસની તાલીમ જૂઠા પ્રસંગો દ્વારા આપવાનું શરૂ થઈ ગયું, જેમાં મુસલમાનોના શાસનકાળને જુલમ તથા ક્રૂરતાનો કાળ બતાવવામાં આવ્યો. સ્પેનની તામીરમાં મુસલમાનોનો રોલ તદન ભૂલાવી દેવામાં આવ્યો. (૩) હથિયાર ભેગા કરવા અને ગુપ્ત મીટિંગો કરવાના આરોપોના બહાને મુસલમાનોના ઘરોની અવાન નવાર તલાશી લેવામાં આવતી હતી. (૪) અસલી અરબ વંશના લોકો વિશે મશહૂર કરી દેવામાં આવ્યું હતું કે તેઓ દેશદ્રોહી છે અને એ કે તેઓએ સ્પેનને બર્બાદ કર્યું છે. જે ઈસાઈઓએ ઈસ્લામ કબૂલ કરી લીધો હતો, તેમને એમ કહીને ફરીથી ઈસાઈ બનવાની લાલસા આપવામાં આવી કે તેમના પૂર્વજોને બળજબરીથી મુસલમાન બનાવી લેવામાં આવ્યા હતા, હવે કેમ કે કોઈ દબાવ નથી, એટલા માટે તેઓએ ઈસાઈયત અંગીકાર કરી લેવો જોઈએ. જે મુસલમાનોના પૂર્વજો ઈસાઈ અને મુસલમાન હતા તેમને હરામી ઠરવવામાં આવતા, તેમની મજાક ઊડાવવામાં આવતી અને

ઈસાઈયત સ્વીકાર કરવા માટે તેમના પર દબાણ નાખવામાં આવતુ હતુ. (૫) ઈસ્લામી પધ્ધતિથી થનારા લગ્નોનું કોર્ટમાં રજિસ્ટ્રેશન જરૂરી કરી દેવામાં આવ્યુ અને ઈસ્લામી કાયદાઓને ગૈર કાનૂની ઠરાવી દેવામાં આવ્યા.

સ્પેનમાં વાપરવામાં આવેલી દરેક રીત આ હાલમાં ભારતમાં ઘણી હોશિયારી અને યોજનાબધ્ધ રૂપે અજમાવવામાં આવી રહી છે. સ્પેનમાં મુસલમાનોનું મજાક ઊડાવવામાં આવ્યું, તેમનું અપમાન કરવામાં આવ્યું, અને એમના પર લગાતાર હુમ્લા થતા રહ્યા. મુસલમાનોને આર્થિક રીતે બર્બાદ કરવા માટે તેમની દુકાનો અને મકાનોને સળગાવવા સ્પેનના લોકોને ઉશ્કેરવામાં આવ્યા, મુસલમાનોના ઈસાઈયત સ્વીકારવાના નિર્દેશનરૂપી પ્રોગામો ગોઠવી તેમને મશ્હૂર કરવામાં આવ્યા. ભારતમાં દરેક પ્રકારના કટ્ટરપંથી હિંદુઓ આર્ય સમાજ, રામા–ક્રિષ્ના મિશન, વિશ્વ હિંદુ પરિષદ વગેરે બિલકુલ આ જ કામ કરી રહ્યા છે.

સ્પેનની પ્રથમ બે પેઢીઓએ પોતાના બાળકોને ઘરોમાં અને મસ્જિદોમાં અરબી પઢાવીને મૌખિક રીતે તેમને હકીકતથી માહિતગાર કરાવી પોતાના ધર્મની રક્ષાનો બિન અસરકારક માર્ગ પસંદ કર્યો, પરંતુ ધીરે ધીરે તેમનો જઝબો ઠંડો પડતો ગયો. જ્યારે એ હુકમ લાગુ થયો કે શાદી ફકત સરકારી કાર્યાલયો દ્વારા જ કરી શકાશે તો શરૂમાં મુસલમાનો બે પ્રસંગોનુ આયોજન કરતા રહ્યા. એક સરકારી કાર્યાલયમાં અને બીજુ પોતાના ઘરમાં ઈસ્લામી તરીકાથી. ધીરે ધીરે બીજા આયોજન પર પાબંદી લગાડી દેવામાં આવી, અને ઘરોમાં યોજાનારો આ પ્રસંગ પણ ગાયબ થઈ ગયો. આ દરમિયાન મુસ્લિમ લીડરશીપ સાથે મુસલમાનોનો સંબંધ ખતમ થઈ ગયો, અને મુસ્લિમ આગેવાનોએ (ઈલ્મી એતેબારથી હોય કે માલી એતેબારથી) મોટી સંખ્યામાં તુર્કી, ટયુનિશિયા, મોરોકકો અને મિસ્રની તરફ હિજરત કરી લીધી, જ્યાં હમદર્દી સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું. સ્પેનના ગરીબ મુસલમાનોને તેમના હાલ પર છોડી દેવામાં આવ્યા.

સંપૂર્ણપણે આ જ બધું ભારતમાં થઈ રહ્યું છે. માલદાર અને અંગ્રેજી તા'લીમી રાખનાર મુસલમાન બ્રાહમણવાદ કબૂલ કરતો જઈ રહ્યો છે. તેણે ઉચ્ચ જાતિના હિંદુઓની કોપી કરવાનું શરૂ કરી દીધું. કેમ કે તે ગરીબ મુસ્લિમો (જે ૯૫% છે) બદહાલ વસ્તીઓમાં રહે છે અને ખુશહાલ વર્ગના મુકાબલામાં તેઓ ઈસ્લામ પર વધુ અમલ કરે છે. મુસ્લિમ વિરોધી રમખાણોમાં આ જ લોકો મૃત્યુ પામે છે.

સ્પેનમાં જે બીજી અર્ધ સદીના પહેલા ભાગમાં વાવવામાં આવ્યું હતું, અડધી સદી બાદ તેની ખેતી સારી રીતે પાકીને તૈયાર થઈ ગઈ હતી. હવે મુસલમાનોની રક્ષા માટે ન કોઈ લીડરશીપ રહી ગઈ હતી, ન તો આ પરિસ્થિતિનો મુકાબલો કરવાવાળી કોઈ બુદ્ધિમાન વ્યક્તિ રહી ગઈ હતી. ધાર્મિક ગુરૂઓ જેમને દીનિયાત સિવાય બીજી કોઈ વસ્તુનો ઈલ્મ ન હતો, તેમણે એ પરિસ્થિતિ સામે લડવાની ભરપૂર કોશિશ કરી, પરંતુ સરકારી સંસ્થાઓના પ્રોપેગન્ડા, તેની તરફથી આપવામાં આવતી લાલચ, ઈસાઈયત કબૂલ કરવાના બદલામાં મોટા મોટા ઈનામો, ઈસ્લામી પરંપરાઓથી અવામની જહાલત અને તેમના મનમાં યોજનાબદ્ધ રીતે પેદા કરવામાં આવેલા પછાત હોવાના એહસાસ સામે ઉલમાની કોશિશો બહુ કમજોર હતી.

આ પરિસ્થિતિ સામે લડવા માટે રાજનૈતિક લીડરશીપ અને એવી સંસ્થાઓની જરૂરત હતી જેનાથી સંજોગો સામે લડવા માટે માધ્યમો ઉપલબ્ધ થાય. જે મુસલમાનોએ તુર્કી અને મિસ્રની મુસ્લિમ સત્તાઓથી મદદ લેવાની વાત કરી, બીજા

મુસલમાનોએ પોતે જ ગવર્મેન્ટને તેમની બાતમી આપી. મુસલમાનોમાં લડવાની ઈચ્છા ખતમ થઈ જવાના કારણે કોઈ પણ મુસ્લિમ દેશ તેમની મદદ ન કરી શક્યો. જે મુસ્લિમો તુર્કી અને મિસ્રમાં હિજરત કરી ચૂક્યા હતા તેમણે આ હુકૂમતોને સ્પેનના મુસલમાનોની મદદ કરવાનો ખ્યાલ દિલમાંથી કાઢી નાખવાની સલાહ આપી, કેમ કે તેમના વિચાર પ્રમાણે આનાથી મુસલમાનો પર થનારો અત્યાચાર વધી જતો. તેમને એક અહમદશાહ અબ્દાલીની જરૂરત હતી, પણ ત્યાં એનું કોઈ અસ્તિત્વ ન હતું. સામાન્ય મુસ્લિમો સ્પેનના કૌમી પ્રવાહમાં સામેલ થઈ ગયા, અને બેરોજગારીના કારણે ઉલમા સ્પેન છોડીને ચાલ્યા ગયા. જે મુસલમાનોને અકીદાના આધારે સખત સમજવામાં આવતા હતા તેમનો છેલ્લો કાફલો સ્પેનને અલવિદા કહી ૧૬૧૨માં ત્યાંથી રવાના થઈ ગયો.

ભારતમાં પણ રાજનૈતિક લીડરશીપ તે પાર્ટીઓની ગુલામ થઈ ગઈ જેની સત્તા ઉચ્ચ પ્રજાતિના હિંદુઓના હાથમાં છે. ફકત અમુક સંવેદનશીલ દીની આલિમોએ ભારતીય મુસ્લિમોની પરંપરાગત છાપની રક્ષા કરવાની કોશિશ કરી. ભારતમાં "સ્પેનનો અનુભવ" પૂરી તાકત અને પ્રવૃત્તિ સાથે લાગુ થઈ રહ્યો છે. ઉર્દૂ ભાષા જે ભારતમાં એટલી જ ઈસ્લામી છે જેટલી સ્પેનમાં અરબી ભાષા ઈસ્લામી હતી તેને ખતમ કરવામાં આવી રહી છે. ...........*(દલિત વોઈસ ૧૫ માર્ચ, ૧૯૮૫)*

આ લોકો પબ્લિકમાં પહોંચવાના બદલે સાયકોલોજિકલ અને ફીઝિકલ એકાંતનો સહારો લઈ રહ્યા છે. મુસલમાનોના જાન અને માલની રક્ષા માટે લેવામાં આવતા દરેક પગલાંને કોમવાદનું નામ આપી દેવામાં આવે છે, કોઈ મુસલમાન ઉચ્ચ પ્રજાતિના હિંદુઓનું સમર્થન પણ કરી રહ્યો હોય બલ્કે તેમના પ્રેમનો ઢોંગ પણ કરતો હોય તો તેને "દેશભક્ત મુસ્લિમ" સમજવામાં આવે છે. મુસ્લિમ અવામ અને એજ્યુકેટેડ માલદાર મુસલમાનો દરમિયાન અંતર દિવસે દિવસે વધી રહ્યું છે. મુસ્લિમ લીડરશીપ પોતે પણ મુસલમાનોના કત્લેઆમને સામાન્ય વાત સમજે છે. જ્યારે પણ આ પ્રકારની સમસ્યાઓ આંતરરાષ્ટ્રીય ઈસ્લામી પ્લેટફોર્મ પર ઉઠાવવામાં આવે છે તો તેને ભારતના આંત્રિક મામલામાં દખલગીરી ઠરાવવામાં આવે છે.

તા'લીમી સિલેબસમાંથી મુસ્લિમ ઈતિહાસ કાઢી નાખવામાં આવ્યો છે. નામવાર મુસ્લિમો જેમનું નિધન ભારતમાં અને ભારત માટે થયું તેમનાં નામો લેવાથી બચવામાં આવે છે. ટીપુ સુલ્તાન જેમની શહાદત ભારતના માટે થઈ, નવી પેઢી તેમના નામથી પણ બેખબર છે. તેની જગ્યાએ તાત્યાટોપે, જેણે ભારત માટે નહીં બલ્કે પોતાના પેન્શન માટે જંગ કરી હતી અને રાણી લક્ષ્મીબાઈ જે પોતાના સોતેલા પુત્રને પોતાના તખ્તનો માલિક બનાવવા માટે લડી હતી, તેમના નામ દરેક ભારતીયના મોઢે છે. સાયન્સ, મેડિકલ, સંગીત, આર્ટની ખિદમત અથવા બહાદુરી માટે કોઈ મુસલમાનને ઈનામ નથી આપવામાં આવતુ. હદ તો એ છે કે મૌલાના આઝાદ, કીડવાઈ, સૈયદ મહમૂદ, હુમાયુ, કબીર વગેરે જેમણે સત્તાધારી પાર્ટી કોંગ્રેસના ધ્વજ હેઠળ આઝાદીની લડાઈ લડી, તેમના નામો પર કોઈ માર્ગનું નામ નથી રાખવામાં આવતું. ઈતિહાસ ફરીથી લખવામાં આવી રહ્યો છે. (Falsifying Indian History) એટલે કે ભારતીય ઈતિહાસમાં જૂઠની મિલાવટનો અમલ, દલિત વોઈસ, ૧૬ એપ્રિલ ૧૯૮૫)

મુસલમાનોને રોજ કતલ કરવામાં આવે છે અને તેમના મકાનો તથા પ્રોપર્ટી સળગાવવામાં આવી રહ્યા છે. સેના, પોલિસ, અને ગવર્નમેન્ટના દરવાજા એમના માટે બંધ છે. આ બધુ હોવા છતાંય ઈસ્લામની રક્ષાના

હેતુએ મુસ્લિમ સંગઠનો જંગલી ઘાસ જેમ અસ્તિત્વમાં આવતાં જઈ રહ્યાં છે. દરેક ઈસ્લામની રક્ષા માટે ચિંતામાં છે, કોઈ પણ મુસલમાનોની સુરક્ષા નથી કરવા માગતું અમે આ વિશે ખરેખર ચિંતિત છીએ. સત્તાધારી વર્ગની પોલીસીઓના અધ્યયનથી આ વાત સામે આવે છે કે આમાં અને સ્પેનમાં ફેન્ડેન્ડ અને ઈઝાબેલની પોલીસીઓમાં ઘણી સમાનતા છે. ફરક ફક્ત એટલો છે કે વીસમી સદીમાં યુનાઈટેડ નેશનના માનવતાના હકકોનો મેનિફેસ્ટો અને આંતરરાષ્ટ્રીય ફોરમના કારણે ઉચ્ચ–પ્રજાતિના હિંદુઓ વધુ પ્રવૃત્તિમય અને ચાલાકીમાં વધુ હોશિયાર છે. રોજીંદા યોજનાબધ્ધ મુસ્લિમ વિરોધી તોફાનોમાં જાન માલનું નુકસાન, સૌથી વધીને એ કે મુસલમાનોમાં ભયનો માહોલ, ડિફેન્સ, પોલીસ અને સેનામાં મુસલમાનોનો સફાયો કરી તે વિભાગોમાં બ્રાહ્મણવાદી વિચારધારાને પ્રોત્સાહન આપવું, સરકારી સંસ્થાઓ અને નોકરીઓમાં નિયુક્તિના દરવાજા મુસલમાનો માટે બંધ કરી દેવા, તાલીમ અને મીડિયા જેમ કે રેડિયો, ટી.વી. વગેરેમાં બ્રાહ્મણ વિચારધારાનો ફેલાવ, ૧૯૪૭–૪૮માં પંજાબ, હરિયાણા, યુપી, બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને કર્ણાટકના અમુક વિસ્તારોમાંથી ઉર્દૂ ભાષાનો સફાયો, ધીરે ધીરે ઉર્દૂ સ્કૂલોને બંધ કરી દેવામાં આવવું, આ બધુ મુસ્લિમ વિરોધી પોલિસીઓનું ખુલ્લુ ઉદાહરણ છે.

સાયકોલોજીકલ જંગના રૂપે મુસ્લિમ પર્સનલ લો, જેને હવે યુનિફોર્મ સિવિલ કોડના નામ પર ખતમ કરવાની કોશિશ કરવામાં આવી રહી છે, હિંદુ સંસ્કૃતિની શ્રેષ્ઠતાની બૂમો બચ્ચે દેશની તરક્કી અને તામીરમાં મુસલમાનોની કુર્બાની તુચ્છ દેખાડવા માટે કુખ્યાત મુસ્લિમ વિરોધી શખ્સિયતોને હીરો બનાવીને પેશ કરવી, ભારતનો ઈતિહાસ ફરીથી લખવો, જે ધંધો મુસલમાનોના હાથનો છે જેમ કે ગોશતનો ધંધો, તેને અપરાધ ગણાવી ગાયની રક્ષાની યોજનાઓનો ફેલાવો કરવો, અને મુસલમાનો દ્વારા આયત તથા નિકાસના કારોબારને સ્મગલિંગ બતાવવું આ તે પ્રવૃત્તિઓ છે જેના દ્વારા ભારતના ભોળા નાગરિકોને ગુમરાહ કરવામાં આવે છે, જેનાથી મુસલમાનો પ્રત્યે નફરત પેદા થાય છે. મુસ્લિમ બહુમૂલ્ય વિસ્તારને જુદી જુદી રીતે વહેંચવામાં આવે છે જેથી મુસ્લિમોનો વોટ બેકાર થઈ જાય અને તે વિસ્તારોમાં એવા કટ્ટર સેક્યુલર મુસ્લિમ લીડરો થોપી દેવામાં આવે છે જેમણે ગાયની પૂજા શરૂ કરી દીધી છે અને એ કૃત્યો કાયદેસર ટી.વી. પર દેખાડવામાં આવે છે. દુર્ભાગ્યે ગવન્મેન્ટથી હતાશ મુસ્લિમ લીડરો હિંદુઓ પર વધુ નિર્ભર થઈ જાય છે અને એ વાતને ભૂલી જાય છે કે હિંદુ અવામ (દલિત) આ પ્રોપેગેન્ડાના સૌથી વધુ શિકાર છે.

હમણા તો ફક્ત બિયારણની વાવણી થઈ રહી છે, પાક કાપવાનો સમય તો હજુ આવવાનો છે. અને પાકની કાપણી સમયે ભારતમાં જે કાંઈ કાપવામાં આવશે તે એ જ હશે જે સ્પેનમાં થઈ ચૂક્યું છે, સિવાય એ કે મુસલમાનો જલ્દીથી જવાબી પગલાં લેવાની તૈયારી કરી લે. આ જ સમય છે જ્યારે મુસલમાનો અથવા તેમના બુધ્ધિજીવીઓ ઊભા થઈ જાય અને ભારતમાં સ્પેનના ઈતિહાસના પુનરાગમનને રોકી છે. ઈસ્લામની રક્ષા હમેશાં અવામે કરી છે, ઊંચા વર્ગથી સબંધ રાખનારાઓએ નહીં. માલદાર મુસલમાનોની તુલના (અમુકને છોડીને) પાંચ ટકા પણ નથી જે જુલમ કરનારા ઉચ્ચ જાતિવાળાઓ સાથે સામેલ થઈ રહ્યા છે. શક્ય છે આ વર્ગ ઈસ્લામની વાતો કરતો હોય અને મુસલમાનોને ભૂલી ગયો હોય. મહેરબાની કરીને એ વાત ધ્યાનમાં રાખો કે ધર્મ પોતાના માનવાવાળાઓની રક્ષા નથી કરતો બલ્કે ધર્મને માનનારા ધર્મની રક્ષા કરે છે. યાદ રાખો કે ભારતમાં ઈસ્લામને બચાવવા માટે મુસલમાનોને બચાવવા પડશે.

# ઈસ્લામમાં માનવ હક્કો

## હિંદુ લેખકોની દૃષ્ટિએ

:: રજૂકર્તા ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*

જ્યારે પણ દુનિયામાં ક્યાંક માનવ હક્કોની વાત થાય છે તો એક સમાન અવાજો દરેક બાજુથી આવે છે. એકબીજાની મદદ કરવી અને તેમની ઈજ્જતનો ખયાલ રાખવો, એકબીજાની ભાવનાઓની કદર કરવી, તેમના હક્કો અદા કરવા, આ સર્વ વાતો કહેવામાં આવે છે. માનવ હક્કોને લઈને દરેક ધર્મમાં ખુલ્લા દિલથી વાત કરવામાં આવી છે. માનવ હક્કોનો મતલબ એવા હક્કો જે આપણી જિંદગી તથા આપણી ઈજ્જત આબરૂ સાથે જોડાયેલા હોય. વિવિધ ધર્મોમાં વિવિધ ચીજોમાં વિવિધ મંતવ્યો હોય શકે છે, પરંતુ માનવ હક્કોના સંબંધે લગભગ સૌ એક સમાન વાત કહે છે. મહાભારતમાં કહેવામાં આવ્યું છે કે, "જે અહિંસાથી મુક્ત થયો તે જ ધર્મ છે." તો પયગંબર મુહમ્મદ મુસ્તફા ﷺની એક હદીષ છે કે, "કોઈ પણ ત્યાં સુધી સાચો ઈમાનવાળો નથી થઈ શકતો જ્યાં સુધી તે બીજાના માટે પણ તે જ પસંદ ન કરે જે પોતાના માટે પસંદ કરે છે." *(સહીહ બુખારી)*

ઈસ્લામમાં માનવ હક્કો સંબંધે શું કહેવામાં આવ્યું છે, માનવ હક્કો તથા માનવતાને ઈસ્લામમાં કેટલુ મહત્વ આપવામાં આવ્યું છે એના પર ઘણી બધી કિતાબો લખવામાં આવી છે. અને સૌથી મહત્વની વાત એ છે કે ન કેવળ મુસલમાનોએ બલ્કે ઘણા બધા ગૈર મુસ્લિમ લેખકો થકી પણ ઈસ્લામમાં માનવ હક્કોનું શું મહત્વ છે તેના પર કેટલીયે કિતાબો વિવિધ ભાષાઓમાં લખવામાં આવી છે. કહે છે કે ભાષા ખુદાના મોજિઝાઓમાંથી એક મોજિઝો છે. ભાષા ન કેવળ એકબીજાની વાતો સમજવામાં મદદ કરે છે બલ્કે માણસોને એકબીજા સાથે જોડે પણ છે. એ જ ભાષાઓમાંથી એક હિંદી ભાષા જે કરોડો લોકોની બોલી છે, એમાં કેટલાય હિંદુ લેખકોએ હઝરત મુહમ્મદ ﷺની જિંદગી તથા ઈસ્લામમાં ઈન્સાના હક્કોના મહત્વ વિશે લખ્યું છે.

મશહૂર હિંદુ લેખક પંડિત સુંદરલાલ જે સ્વતંત્ર્ય સેનાની પણ હતા. ૨૬ સપ્ટેમ્બર ૧૮૮૫માં તેમનો જન્મ યુ.પી.ના મુઝફ્ફરનગર જિલ્લામાં થયો હતો. પોતાના પુસ્તક "હઝરત મુહમ્મદ ﷺ ઔર ઈસ્લામ"માં લખે છે કે, સંસારના અન્ય ધર્મ સંસ્થાપકોની જેમ અસત્યને મિટાવીને સત્યની સ્થાપ્ના કરવું જ ઈસ્લામના પયગંબરને સમસ્ત સંસારિક એટલે કે દુનિયવી તથા આખેરત (આલોક તથા પરલોક)ની ઉન્નતિની કુંજી નજર આવી. મુહમ્મદ સાહબની શિક્ષાનો સાર વિવિધ દેવી દેવતાઓની પૂજાના બદલે એક "વહદહૂ લા શરીક"ની ઈબાદત કરવી. એક અલ્લાહના બંદાઓની હૈસિયતથી સમસ્ત માનવ જાતીમાં પરસ્પર પ્રેમ તથા ભાઈચારાનો પાયો નાખવો અને સૌને આ દુનિયામાં નેક (ભલાઈનાં) કામોની તરફ લાવવાં.

*(સુંદરલાલ પંડિત, હઝરત મુહમ્મદ ઔર ઈસ્લામ, નવેમ્બર-૧૯૪૧, વિશ્વાણી પ્રેસ, ઈલાહાબાદ, પેજ-૧૧)*

પંડિત સુંદરલાલ પોતાની કિતાબમાં લખે છે કે, "માનવજાતીની સેવા, જીવ માત્રની દયા, ઈમાનદારી, ઈન્સાફ, સત્ય, સદ્વર્તન, બીજાની ભૂલને માફ કરવી,

ગુલામોને આઝાદ કરવા, સ્ત્રી અધિકાર, અનાથો, લાચારો તથા વિધવાઓનું પાલન પોષણ કરવું...............વગેરે વગેરે, આ સર્વ વિશે સેંકડો આયતો તથા હદીષો રજૂ કરી શકાય છે.

*(હવાલો ઉપર મુજબ, પેજ : ૧૫)*

એક અન્ય હિંદીના કવિ તથા ઈતિહાસકાર ડો. બી. એન. પાંડે જે લાંબા સમય સુધી રાજ્ય સભાના સભ્ય રહ્યા. ઈ.સ. ૧૯૮૩થી ૧૯૮૮ સુધી ઓડિસાના ગવર્નર રહ્યા. ડો. પાંડે પોતાની કિતાબ "પયગંબર મુહમ્મદ કુર્આન, હદીષ ઈસ્લામી દર્શન"માં લખે છે કે, "માનવની સામાજિક જિંદગીનો પ્રથમ ફરજ કુર્આનમાં ગરીબો, લાચારો, દુ:ખીઓ તથા પછાત લોકોથી સહાનુભૂતિ તથા તેમની મદદ કરવા વિશે બતાવવામાં આવ્યો છે. કુર્આને માનવોના સામાજિક જીવનનો પાયો એકશ્વરવાદ અને માનવ ભાઈચારા પર રાખ્યો છે. કુર્આનની સૌથી મોટી ખૂબી એ છે કે તે ઈન્સાનિયતની માનવતાના ટુકડા નથી કરતો. ઈસ્લામના માનવ ભાઈચારાના વર્તુળમાં સર્વ માનવજાતી સર્વ ઈન્સાનો સામેલ છે, અને સમસ્ત માનવજાતીના સર્વ ઈન્સાનો સામેલ છે, અને સમસ્ત માનવ જાતની ભલાઈ, બેહતરી (વિકાસ)ના હેતુને એ સામે રાખવા ચાહે છે."

*(ડો. બી. એન. પાંડે, પયંગબર મુહમ્મદ કુર્આન, હદીષ, ઈસ્લામી આદર્શ, ૧૯૯૪, ગાંધી સ્મૃર્તિ તથા દર્શન સમિતિ, ૩૦–જાન્યુઆરી, નવી દિલ્હી–૧૧, પેજ–૧૬૬)*

એ જ પ્રમાણે મૈસૂર રાજ્ય નકિયા વિદ્યાલયના હેડ પ્રોફેસર એસ. રામ કિશનરાવ પોતાના પુસ્તક "ઈસ્લામકે પયગંબર હઝરત મુહમ્મદ ﷺ"માં લખે છે, યુનિવર્સલ ભાઈચારગી તથા માનવ એકતાનો સિદ્ધાંત જેનું એલાન આપે કર્યું છે તે મહાન યોગદાનની ઓળખ છે જે હઝરત મુહમ્મદ (ﷺ) માવતાના સામાજિક ઉત્થાનના માટે આપ્યું. આમ તો દરેક મોટા ધર્મોએ એક જ તરીકાનું એલાન કર્યું છે, પરંતુ ઈસ્લામના પયગંબરે સિદ્ધાંતને અમલી સ્વરૂપ આપીને રજૂ કર્યો. આ યોગદાનનું મૂલ્ય કદાચ એ સમયે પૂર્ણપણે સ્વીકાર્ય બની શકશે જ્યારે બહારના દેશોમાં ચેતના જાગી જશે, જાતીવાદ, આભડછેડ, ભેદભાવ, પૂર્વગ્રહ સંપૂર્ણપણે નષ્ટ થઈ જશે અને માનવ ભાઈચારાની એક મજબૂત ભાવના વાસ્તવિક્તા બનીને સામે આવી જશે." *(રાવ કે. એસ. રામક્રિશ્ના, ઈસ્લામકે પયગંબર હઝરત મુહમ્મદ ﷺ, મધુર સંદેશ સંગમ, નવી દિલ્હી–૨૫, પેજ : ૧૨)*

વિજય ગોપાલ મંગલ કે જે ભારત સરકારના પેટ્રોલિયમ વિભાગમાં એક મહત્વના હોદ્દા પર કામ કરી ચૂક્યા છે, તે પોતાની કિતાબ "પવિત્ર કુર્આનમેં માનવતાકી શિક્ષા"માં લખે છે કે, "કુર્આન ધનની સમાન વહેંચણીના બદલે ન્યાય મુજબ વહેંચણીને જોર આપે છે. કેમ કે કુદરતમાં ક્યાંય પણ સમાન રૂપમાં વહેંચણી જોવા નથી મળતી. કુર્આન સર્વ માનવ જીવનની સામે એક એવું બંધારણ રજૂ કરે છે જેમાં જિંદગીના આધ્યાત્મિક, સામાજિક તથા નૈતિક પાસાં આવી જાય છે. માનવ જીવનનું કોઈપણ એવું પાસુ નથી જે એના વર્તુળની બહાર હોય. કુર્આન તમારો ધર્મ તમારા માટે અને મારો ધર્મ મારા માટે જેવી હિદાયત કરીને ધાર્મિક સ્વતંત્રતા પર જોર આપે છે."

*(મંગલ વિજય ગોપાલ, પવિત્ર કુર્આનમેં માનવતાકી શિક્ષા, મધુરમ સંદેશ, નવી દિલ્હી–૨૫, પેજ–૨૧)*

લેખક અમરપાલ કે જે સુલ્તાનપુર યુ.પી.ના રહેવાસી છે. જોનપુરની રાજા હરપાલસિંઘ કોલેજમાં અર્થશાસ્ત્ર (Economics)ના ટીચર રહ્યા છે, તેમણે "ઈસ્લામકી નૈતિક ચેતના" નામથી એક પુસ્તક લખ્યું છે જેમાં એ લખે છે કે, "ઈસ્લામ ધર્મએ નૈતિક્તાને

જ જીવનના આધારના રૂપમાં સ્વીકારેલ છે. શ્રદ્ધા, જ્ઞાન અને વ્યવહાર ઈસ્લામ ધર્મના ત્રણ મહાન રત્નો છે. વ્યવહારની વિવેચના એ પોતે પોતાનામાં એક સંપૂર્ણ નીતિ શાસ્ત્ર છે. ઈસ્લામ ધર્મ સ્પષ્ટપણે કહે છે કે પાકી (પવિત્રતા) એમાં નથી કે આપણે પૂર્વની તરફ મોં કરીને અલ્લાહની ઈબાદત કરીએ છીએ કે પશ્ચિમની તરફ, બલ્કે પાકી એ વાતમાં છે કે આપણે જરૂરતમંદો, ગરીબો, મોહતાજો, મુસાફરો, મહેમાનો, પડોશીઓ, સગાં સંબંધીઓ તથા દુનિયાના અન્ય લોકોની કેટલી મદદ કરીએ છીએ."

*(સિંઘ અમરપાલ, ઈસ્લામકી નૈતિક ચેતના, મધુરમ સંદેશ સંગમ, નવી દિલ્હી–૨૫, પેજ : ૧૨)*

ડો. વિરેન્દ્ર સિંઘ યાદવ જેમણે ઘણા પુસ્તકો લખ્યાં છે. તે પોતાના પુસ્તક "ઈક્કીસવીં સદીમેં મુસલમાન ચિંતન ઔર સરોકાર" ભાગ–૨માં લખે છે કે, "ઈસ્લામ ધર્મના મૂળ ગ્રંથ કુર્આનમાં ઠેક ઠેકાણે આપણને માનવ એકતાની શિક્ષા (તા'લીમ) મળે છે. ઈસ્લામે માનવ એકતાની મહાન તથા યુનિવર્સલ સ્પષ્ટ ભાવના રજૂ કરી છે. પ્રથમ : સર્વ માનવો એક અલ્લાહના બનાવેલા બંદાઓ છે. બીજુ તેમનું મૂલ્ય એક છે એટલા માટે તે પોતાના સર્વ બાહ્ય આદર્શોના હોવા છતાં એક એકલા છે. ઈસ્લામ આ હક્કો પર સંપૂર્ણ માનવ વંશના સર્વ વર્ગોને જોડે છે. સાથોસાથ ઈસ્લામ એ પણ કહે છે કે સર્વ માનવો એક જ મા બાપની ઔલાદ છે."

*(ડો. યાદવ વિરેન્દ્ર સિંઘ, ઈક્કીસવીં સદીમેં મુસલમાન ચિંતન ઔર સરોકાર, ભાગ–૨, ઓમેગા પબ્લિકેશન્સ, નવી દિલ્હી–૨)*

આગળ જતાં તે પોતાના પુસ્તકમાં લખે છે કે, "ઈસ્લામ દરેકની સાથે સમાનતાના વહેવાર તથા ન્યાયની તા'લીમ આપે છે. અલ્લાહના રસૂલે બતાવ્યું કે ધર્મ તથા આચાર વિચારમાં કોઈના પર જોર જબરદસ્તી ન કરવામાં આવે, માનવ સ્વતંત્રતા પર કોઈ પાબંદી ન લગાડવામાં આવે. એટલે કે ધર્મ અપનાવવા માટે દરેકને પૂરી આઝાદી હોવી જોઈએ." *(ઉપર મુજબ)*

ઈસ્લામમાં માનવતા તથા માનવ અધિકારના સંબંધે અન્ય પણ ઘણી બધી કિતાબો લખવામાં આવી છે. જે કિતાબનો ઉલ્લેખ હમણા કર્યો તે સંપૂર્ણપણે દર્શાવે છે કે ઈસ્લામમાં જેટલુ મહત્વ ઈબાદતનું છે તેના કરતાં વિશેષ અખ્લાક઼ તથા માનવ અધિકારોને મહત્વ આપવામાં આવેલ છે. એની સાથોસાથ ઘણા બધા એવો લેખકો પણ છે જેમણે ઈસ્લામમાં ઈસ્લામને માનવતાની વિરૂધ્ધ બતાવતાં ઘણી કિતાબો લખી છે. ડો. કે.ડી. પાલીવાલ કે જે હિંદુ રાઈટર્સ ફોરમ, રાજૂરી ગાર્ડન–નવી દિલ્હીથી જોડાયેલા છે, તે પોતાના પુસ્તક "ઈસ્લામ : મુસલમાન ઔર ગૈર મુસલમાન"માં લખે છે, "કુર્આન માનવજીવન માટે ભાઈચારગીના વિધાનની અપેક્ષા એક યુધ્ધ સંબંધી વિધાનનો ગ્રંથ જોવા મળે છે. કુર્આનનો અન્ય ધર્મવાળાઓ વિરૂધ્ધ જેહાદ અથવા અસ્થાયી લડાઈનો હુકમ પહેલાં પણ હતો અને આજે પણ છે. ઈસ્લામ અન્ય ધર્મો વિરૂધ્ધ જેહાદ કે સતત લડાઈ કરવા કે તેમને કેદ કરવા, બાંધવા, ક઼ત્લ કરવા અને તેમને જહન્નમની આગમાં સળગાવવાની સિફારિશ કરે છે, એનાથી ઈસ્લામ એક આતંકવાદી ધાર્મિક પંથ બની જાય છે જેવો કે તે પોતાના જન્મથી રહ્યો છે.

*(ડો. પાલીવાલ કે.વી. મુસલમાન ઔર ગૈર મુસલમાન, હિંદુ રાઈટર્સ ફોરમ, નવી દિલ્હી–૨૭, પેજ–૨)*

એ જ પ્રમાણે ઈસ્લામ પર હિંદીમાં લખનારા એક અન્ય લેખક સ્વામી લક્ષ્મી શંકરાચાર્ય છે. તેમનો જન્મ ૧૯૫૩માં યુ.પી.ના કાનપુર જિલ્લામાં એક

બ્રાહમણ પરીવારમાં થયો હતો. સ્વામી લક્ષ્મી શંકરાચાર્યએ એક પુસ્તક "ઈસ્લામિક આતંકવાદનો ઈતિહાસ" લખ્યું જેનો The History of Islamic Terrorisumના નામથી અંગ્રેજીમાં અનુવાદ પણ થયો હતો. એ પુસ્તકને લખ્યા બાદ સ્વામી લક્ષ્મી શંકરાર્ચાએ પુસ્તક "ઈસ્લામ : આતંક યા આદર્શ ?" લખ્યું જે ૨૦૧૩માં પ્રકાશિત થયું. પોતાના આ પુસ્તકમાં સ્વામી લક્ષ્મી શંકરાચાર્ય લખે છે કે, મારા મનમાં એ ગલત ધારણા બની કે આજના તોફાનો અને આતંકવાદનું કારણ ઈસ્લામ છે. દિમાગ ભરમાય ગયું હતું જેથી દરેક આતંકવાદી ઘટના મને ઈસ્લામથી જોડાયેલી જણાતી હતી. ઈસ્લામી ઈતિહાસ અને હાલની ઘટનાઓને જોડતાં મેં એક પુસ્તક "ઈસ્લામી આતંકવાદકા ઈતિહાસ" લખી નાખ્યું.

લેખક આગળ લખે છે કે, "હાલમાં જ મેં ઈસ્લામ ધર્મના વિદ્વાન (આલિમો)ના બયાનોને વાંચ્યાં કે ઈસ્લામ મહોબ્બત, પ્યાર તથા ભાઈચારાનો મઝહબ છે. કોઈ નિર્દોષને મારવું ઈસ્લામની વિરૂધ્ધ છે." ત્યારબાદ સ્વામી લક્ષ્મી શંકરાચાર્યએ કુર્આન મજીદમાં જેહાદના માટે આયતોના બારામાં જાણવાના માટે મુસ્લિમ ઉલમા સાથે મુલાકાત કરી. ઉલમાએ તેમને બતાવ્યું કે કુર્આન મજીદની આયતો અલગ અલગ સમય તથા સંજોગોના હિસાબથી ઉતરી છે. એટલા માટે કુર્આનનો કેવળ તર્જુમો (અનુવાદ) જોવા ઉપરાંત એ જોવું પણ જરૂરી છે કે કઈ આયત કયા સંજોગોમાં ઉતરી છે, ત્યારે જ તેનો સાચો મતલબ તથા હેતુ જાણી શકાશે. ત્યારબાદ સ્વામી લક્ષ્મી શંકરાચાર્યએ વ્યવસ્થિત રીતે ઈસ્લામના બારામાં વાંચવાનુ શરૂ કર્યું.

તે લખે છે કે, "મુસ્લિમ ઉલમાના સમજાવ્યા બાદ મેં સૌ પ્રથમ પયગંબર ﷺની જીવન કથા વાંચી. તેમનું જીવન ચરિત્ર વાંચ્યા પછી, એ જ પ્રમાણે મનની પાકીની સાથે કુર્આન મજીદ શરૂથી અંત સુધી પઢયું તો મને કુર્આન મજીદની આયતોનો સાચો મતલબ તથા હેતુ સમજમાં આવવા લાગ્યો." સ્વામી આગળ લખે છે કે, "સત્ય સામે આવ્યા બાદ મને મારી ભૂલનો એહસાસ થયો કે હું અજાણતામાં ખોટા ભ્રમમાં હતો અને એ જ કારણે મેં પોતાના પુસ્તક "ઈસ્લામિક આતંકવાદ કા ઈતિહાસ"માં આતંકવાદને ઈસ્લામ સાથે જોડયો છે, જેનો મને બેહદ અફસોસ છે."

*(લક્ષ્મી શંકરાચાર્ય સ્વામી, ઈસ્લામ આતંક યા આદર્શ?, ભારજન સેવા, પ્રકાશ, લખનૌ–૦૭, પેજ : ૫,૬)*

સમયની સાથે સંજોગો પણ બદલાયા કરે છે, પરંતુ કેટલીક વાતો તથા કેટલીક ચીજો એવી છે જે બદલાતી નથી. એ જ પ્રમાણે માનવ હક્કોના બારામાં પણ એ કહી શકાય છે, કેમ કે એ અધિકાર માનવ રૂપમાં પેદા થનારા દરેક શખ્સને ખુદ હાંસલ છે. માનવનો અન્ય મખ્લૂકની સાથે શો વર્તાવ હોવો જોઈએ એના બારામાં લગભગ દરેક ધર્મમાં ઘણુ બધુ કહેવા તથા લખવામાં આવ્યું છે. ઈસ્લામમાં માનવ અધિકારોના બારામાં જે કિતાબો તથા લેખકોનો ઉલ્લેખ મેં કર્યો એનાથી સ્પષ્ટ થાય છે કે **ઈસ્લામમાં માનવ હક્કની રક્ષા કરવું પણ ઈબાદતમાં ગણાય છે.** અહીં એક વાત ઘણી જ વિચારવા પાત્ર છે કે આ લેખમાં જે કિતાબો તથા લેખકોનો ઉલ્લેખ છે તે સૌનું કહેવું છે કે કુર્આન તથા હદીષની રોશનીમાં ઈસ્લામમાં માનવ અધિકારોને લઈને વાત કહેવામાં આવી છે. મોટાભાગના લેખકો જેઓ તા'લીમ સાથે અથવા કોઈ પણ ભણવા ગણવાની સંસ્થાઓ સાથે જોડાયેલા છે તેમના લખવાના કામમાં એક ચીજ જોવા મળે છે કે તેમણે ખુલ્લા દિલ તથા ખુલ્લી આંખો વડે ઈસ્લામમાં

માનવ હક્કોની પ્રશંસા કરી છે, એ જ પ્રમાણે કેટલાક લેખકો એવા પણ છે જેમણે કુર્આન તથા હદીષનો ઉલ્લેખ કરીને ઈસ્લામને માનવ હક્કોની વિરુદ્ધ બતાવ્યો છે.

પરંતુ જેવી રીતે સ્વામી શંકરાચાર્ય પોતાની કિતાબ "ઈસ્લામ આંતકવાદ યા આદર્શ ?"માં લખે છે કે, "જ્યારે તેમણે ઊંડાણપૂર્વક તથા ગંભીરતાથી કુર્આન તથા હદીષની કિતાબોને વાંચી તો સર્વ વાતો તેમની સમજમાં આવી ગઈ." તેમણે પ્રથમ એક કિતાબ "ઈસ્લામી આંતકવાદ કા ઈતિહાસ"માં ઘણી બધી એવી વાતોનો ઉલ્લેખ કર્યો છે જેને દૂર દૂર સુધી ઈસ્લામ સાથે કોઈ સંબંધ નથી. અને આ પ્રકારની ઘણી બધી કિતાબો લખવામાં આવી છે જેવી રીતે સ્વામી શંકરાચાર્યએ કહ્યું કે સત્ય સામે આવ્યા બાદ મને મારી ભૂલનો એહસાસ થયો કે અજાણતામાં ગલત ભ્રમમાં હતો.

આ વાત એના પ્રતિ નિર્દેશ કરે છે કે જ્યારે પણ કોઈ ધર્મના બારામાં અથવા એ ધર્મમાં કોઈ પ્રકારના અધિકારોના બારામાં લખવામાં આવે તો એ ધર્મ સાથે જોડાયેલી કિતાબોને જ ન વાંચવામાં આવે બલ્કે એ તરફના જાણકાર લોકો સાથે પણ વાત કરીને જાણકારી હાંસલ કરવામાં આવે, ભલે મઝહબ કોઈ પણ હોય. એ જ પ્રમાણે બીજી બાજુ કોઈ ધર્મના બારામાં એ ધર્મના ન માનનારાઓ તરફથી જે લખવામાં આવે છે તેની પણ અસર હોય છે. આજે પોત પોતાના ધર્મને લઈને જેટલી વાતો કરવામાં આવી રહી છે, મને લાગે છે કે એનાથી વધુ વર્તમાન સમયમાં જરૂરત છે કે ધાર્મિક સદ્ભાવના માટે અન્ય મઝહબના ધર્મની તે તા'લીમના બારામાં લોકોને બતાવવામાં આવે જે સર્વ ઈન્સાનિયતના માટે લાભકારક છે.

*(કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી–દિલ્હી, સપ્ટે–૨૦૧૯)*

પેજ 11 નું ચાલુ.. એમની પત્નીઓ સાથે નિકાહ જાઈઝ છે. અને દૂધપુત્રની પત્ની હરામ છે કે તે તો વંશના પુત્રના હુકમમાં છે. પૌત્રો અને પ્રપૌત્રો પુત્રોમાં સમાવિષ્ટ થાય છે.

**૨૯૦ :** આ પણ હરામ છે, ભલે પછી બન્ને બહેનોને નિકાહ દ્વારા એકઠી કરવામાં આવે કે બાંદીઓ (માલિકીની) બનાવીને સંભોગવામાં એકત્ર કરવામાં આવે, (બન્ને રીતે હરામ છે).

અને હદીષ શરીફમાં ફોઈ ભત્રીજીને અને માસી ભાણકીને પણ એક (માણસ)ના નિકાહમાં (એક સાથે) રાખવાની મના થએલી છે. અને આ બાબત નિયમ એવો છે કે નિકાહમાં દરકે એવી બે સ્ત્રીઓને ભેગી કરવી હરામ છે કે જો તે બેમાંથી એકને પુરૂષ ધારી લેવામાં આવે તો બીજી તેના માટે હરામ ઠરતી હોય, દા.ત. ફોઈ ભત્રીજી કે જો ફોઈને પુરૂષ ધારવામાં આવે તો તે કાકો થાય અને ફોઈ તેના માટે હરામ છે, અને ભત્રીજી કે જો ફોઈને પુરૂષ ધારવામાં આવે તો ભત્રીજો થાય અને ફોઈ તેના માટે હરામ ઠરે, બન્ને તરફથી હરામ હોવાનું લાગુ પડે છે. અને જો માત્ર (પુરૂષ ધારતાં) એક જ તરફથી હરામ હોવાનું લાગુ પડતું હોય તો એવી બે સ્ત્રીઓને નિકાહમાં એકત્ર કરવી હરામ નથી. જેમ કે ઔરત અને એના આગલા પતિની પુત્રી (જે બીજી ઔરતના પેટની હોય) બન્નેને એકત્ર કરવી હલાલ છે, કારણ કે આગલા પતિની પુત્રીને પુરૂષ ધારવામાં આવે તો પેલી સ્ત્રી તેના માટે પોતાના બાપની પત્ની બને છે, જે હરામ છે, પણ પેલી ઔરતને પુરૂષ ધારતાં પુત્રી સાથે કશી સગાઈ રહેતી નથી. અજાણી સ્ત્રી રહે છે. (તો એવી બે સ્ત્રીઓ એક માણસના નિકાહમાં એકી સાથે રહી શકે છે). *(ક્રમશઃ)*

# યુ. કે. માં ૨૪મો વાર્ષિક સુન્ની ઈજતેમા યોજાયો

**કાર્યાલય**

આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો ૨૪મો સુન્ની તબ્લીગી ઈલ્મી રૂહાની ઈજતેમા પ્રેસ્ટન–નૂર હોલ ખાતે ૩૦–૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બર ૨૦૧૯ જુમ્આ, શનિ, રવિ ત્રિદિવસીય યોજાયો. નાચીઝ (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)ને પણ આ ઈજતેમામાં હાજરીનો શરફ નસીબ થયો. ઈ.સ. ૧૯૯૭માં નાચીઝની હાજરી થઈ હતી જ્યારે મોહસિને અહલે સુન્નત હઝરત સૈયદ મુહમ્મદ નૂરાની બાવા પેટલાદી رحمۃ اللہ علیہની સરપરસ્તીમાં ઈજતેમા યોજાયો હતો. આજે ૨૩ વરસો બાદ તે મન્ઝરની યાદ તાજી થઈ હતી. ૩૦મીએ જુમ્આની નમાઝ બાદ બહેનો માટે ઈજતેમા યોજાયો હતો. તિલાવત, નઅત બાદ દીની સવાલો જવાબનો ક્રમ ચાલુ રહ્યો. ખાસ બયાન અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ "તોવહ્હુમ પરસ્તીસે નજાત ઔર અલ્લાહ પર તવક્કુલકી અહમિયત" પર અસર અંગેઝ બયાન કર્યુ હતું. આ ક્રમ બીજા દિવસે મર્દોના ઈજતેમામાં જારી રહ્યો. બાળકોમાં પણ ખૂબ જ ઉત્સાહ જોવા મળતો હતો. બયાનોનો ક્રમ પૂર્ણ થયા બાદ પણ રાત્રે બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબે બાળકો નવયુનાનોની મોડે સુધી તર્બિયત કરી હતી. ત્રીજા દિવસે રવિવારે અંગ્રેજી ભાષામાં ઉલમાએ કિરામનાં તથા મુબલ્લિગોનાં બયાનો તથા તર્બિયતી નસીહતો જારી રહી. નાચીઝ (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)ને પણ ગુજરાતીમાં બયાનનો મોકો આપ્યો હતો, જેનાથી ૧૯૯૭ના ઈજતેમાની યાદ તાજી થઈ ગઈ હતી. ગુજરાતી બયાન બાદ ૧૯૯૭ના તે રૂહાની ઈજતેમાની યાદો સ્ક્રીન પર હાઈ લાઈટ કરવામાં આવી હતી. રવિવારે આ ઉપરાંત મકામી ઉલમા મૌલાના યૂનુસ મિસ્બાહી, મૌલાના ખૈરુદ્દીન રઝવી, મૌલાના ઈર્શાદ નજમી અઝહરી, મૌલાના અઝમતુલ્લાહ નજમી, મૌલાના અર્શદ મિસ્બાહી, મૌલાના નિઝામુદ્દીન, મૌલાના અશ્ફાક઼ મિસ્બાહી, મૌલાના કલીમ વગરેએ બયાનો ઉર્દૂ અંગ્રેજીમાં કરી ઈલ્મના દરિયા વહાવ્યા હતા, અને તેહરીકનાં કામોની પ્રશંસા કરી હતી જેમાં આપે ૨૪ વરસમાં યુ.કે.ની ચાર પેઢી એક સાથે જોડાયેલી જોવા મળી રહી હતી. આરિફ પટેલ પણ સમય સમયે અંગ્રેજીમાં તર્બિયત કરતા રહ્યા. તેમજ ડો. તાહિર હુસૈન અઝહરી જેમનું અંગ્રેજીમાં બેહતરીન બયાન **Mental Health and Spritual Health**ના વિષયે શાનદાર બયાન કર્યુ હતું. મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી સાહબે મુસલમાનોની પડતીના સબબો અને તેનો ઈલાજ એ વિષયે ફિક્રઅંગેઝ દિલ પીગળાવનારુ બયાન કર્યું હતું. તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ "હમ કમઝોર કર્યૂં ઔર અવલિયા તાક઼તવર કયૂં ?" એ વિષયે દિલની દુનિયા બદલનારું બયાન કર્યું હતું. છેવટમાં અશ્રુમય આંખે ઈસ્તિગફાર, ઝિક્ર, દુઆ થઈ હતી.

**ભૂલ સુધારો (કિતાબ) પયગંબરે રહમત صلی اللہ علیہ وسلم અને તેમની તા'લીમાત ભૂલ સુધારો**

| પેજ અને લીટી નંબર | ભૂલ | સુધારો |
|---|---|---|
| પેજ નં. ૨૬૩, લીટી નં. ૧૦ | હઝરત અબૂ દર્દા صلی اللہ علیہ وسلم | હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ |
| પેજ નં. ૨૬૪, લીટી નં. ૨૩ | હઝરત અમીર મુઆવિયહ صلی اللہ علیہ وسلم | હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ |
| પેજ નં. ૨૬૫, લીટી નં. ૦૭ | હઝરત અબૂ દર્દા صلی اللہ علیہ وسلم | હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ |

અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)ના મેમ્બર બનો અને બનાવો
સંપર્ક કરો
M.9427464411

## અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું જાંબિયા આગમન !

**લુસાકા** : ખાતે જાંબિયા સ્થિત ભરૂચી નવયુવાનો ઈરફાન હવેલીવાળા, હુસૈન પટેલ તથા વિવિધ ગામોના સાથીઓ વડીલોના સહકારથી દાઈએ કબીર, અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ના બયાનનો પ્રોગ્રામ તા. ૭–૯–૨૦૧૯ "કાદરીયા મસ્જિદ" ખાતે ગોઠવાયો જેમાં ભરપુર સંખ્યામાં સુન્ની ભાઈઓએ ખૂબ જ ઉસ્તાહભેર હાજરી આપી હતી. અઝહરુદીન મુન્શી વાગરાવાળાના રિપોર્ટ પ્રમાણે ઘણી વાતો શીખવાની મળી. કેટલીક મહત્વની વાતો એ દર્શાવી કે દીને ઈસ્લામ શું છે ? ★ લોકોનું ભલુ કરવું. ★ અલ્લાહ ﷻનું ભલુ કરવું એટલે કે શિર્ક ન કરવું. ★ કુર્આનનું ભલુ કરવાથી મુરાદ કુર્આનને સમજીને તેના પર અમલ કરવો. ★ હુઝૂર ﷺના ભલાથી મુરાદ તેમની સુન્નતો તથા તેમનાં ફર્માનો પર અમલ કરવો. ★ જયારે મક્કાવાસીઓએ હુઝૂર ﷺની દીનની દાવત પર દલીલ માગી તો આપે પોતાની ૪૦ વરસની જિંદગીને દલીલ રૂપે રજૂ કરી. ★ હુઝૂર ﷺના ખલીફાઓએ પોતાની ખિલાફતના સમયમાં ખુદ સાદગીની સાથે તથા સંપૂર્ણ દીન પર ચાલીને દષ્ટાંત રજૂ કર્યા. ★ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہના શહીદ થવાનો હેતુ : હુઝૂર ﷺના આગમન બાદ સૌથી પ્રથમ દાઢી મૂંડાવનાર યઝીદ હતો. નાચગાનનો શોખિન, મેહરમો સાથે નિકાહ હલાલ કરનાર, વગેરે કામો કરનાર ફાસિક ફાજિર હતો. એનાથી ઉમ્મતને બચાવવા માટે ઈમામ હુસૈને ખાનદાન સહિત શહાદત વહોરી. આજે આપણે હુસૈની કિરદાર પર છીએ કે યઝીદી ? વગેરે વાતોથી ગંભીર માહોલ ખડો કર્યો હતો. અલ્લાહ પાક તેના હબીબે પાક ﷺના સદકામાં અમલની તૌફીક સૌને આવે. *–તંત્રી*

## હઝરત મૌલાના સૈયદ અમીનુલ કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)નો આફ્રિકાનો તબ્લીગી દૌરો અતિ કામયાબ !

**સા. આફ્રિકા** : ખાતેના સુન્ની મુજાહિદો ફયઝાન મરીન, મુનાફ ખલીફા, શબ્બીર સેગવાવાલા, સાદિકભાઈ ચાપડીયા, મુહમ્મદશાહિદ મકસૂદી, તેહસીન મરીન, અખ્તર રંગૂનીની કોશિશોથી "મિન્હાજુસ્સુન્નહ ટ્રસ્ટ" થકી નવયુવાનોના દિલની ધડકન, ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)નો તા. ૨૪–૮–૨૦૧૯થી ૧–૯–૨૦૧૯ સુધી સા. આફ્રિકા તથા ૨–૯–૨૦૧૯ થી ૪–૯–૨૦૧૯ સુધી જાંબિયા–લુસાકાનો તબ્લીગી દૌરો યોજાયો હતો જે ખૂબ જ કામયાબ રહ્યો. પ્રિટોરીયા, ખાનકાહે મકસૂદી–પેગવ્યું, સુલ્તાન બાહુ મસ્જિદ, મસ્જિદે સિદીકે અકબર–વીટબેક, સાબરી ચિશ્તી સોસાયટી–લેનાસિયી, નોર્થડેલ સુન્ની મસ્જિદ–પીટર મેરીટઝબર્ગ, ચિશ્તી નિઝામી હબીબી ખાનકાહ–ડર્બન, મસ્જિદે હસ્નૈન ઈરાસમીયા–પ્રિટોરીયા, મસ્જિદે યા રસૂલલ્લાહ–મોકોપેન, મસ્જિદે ચિશ્તિયા અશરફિયા– વેન્ડા, મસ્જિદે ગૌષિયા–લઈસટ્રીચાર્ડ ખાતે તથા બે દિવસ માટે જાંબિયા–લુસાકા ખાતે જનાબ ઈરફાન હવેલીવાળા તથા હુસૈન પટેલ તેમજ દયાદરાના નવ યુવાનોની કોશિશોથી ગૌષિયા મસ્જિદ તથા અન્ય ઠેકાણે આપનાં ઈન્કિલાબી બયાનો થયાં જેમાં આપે ઈમાનની મજબૂતી તથા અમલી ઈસ્લાહ કરતાં વલવલાઅંગેઝ બયાનો કર્યા હતાં.

*–તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક (દયાદરા)*

## લેસ્ટર (યુ.કે.) ખાતે યાદે કર્બલાના પ્રોગ્રામો

**લેસ્ટર :** મુહર્રમ શરીફના પ્રથમ ચાંદથી દસ મુહર્રમ સુધી પૂરા યુ.કે.માં શોહદાએ કર્બલાની યાદમાં દસ દિવસો સુધી વિવિધ પ્રોગ્રામોનું આયોજન વિવિધ મસ્જિદોમાં થયું હતું. અત્રે લેસ્ટર ખાતે સેન્ટ્રલ મસ્જિદમાં દરરોજ મગરિબ બાદ નઅત, મન્કૃતબ, બયાનો થયાં, જેમાં **મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી દયાદરવી**એ ખુલફાએ રાશિદીન, ઈમામ હસનો હુસૈન, હઝરત ફાતિમા ઝહરા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના જીવન ચરિત્ર પર, ફઝાઈલ પર ઉર્દૂ તથા વિશેષત : અંગ્રેજીમાં ઈમાન અફરોઝ બયાનો ક્રમે ક્રમે કર્યા હતાં. છેવટમાં કર્બલાનો મન્ઝર તથા ઈમામ હુસૈનની શહાદતનો વાકિઆ બયાન કર્યો હતો અને યઝીદની ખરાબીઓ દર્શાવીને યઝીદી કિરદારવાળા નહીં પણ હુસૈની કિરદાર અપનાવવા નસીહતો કરી હતી. મૌલાના શોએબ સાહબ, હાફિઝ સુલેમાન હલદરવી, હાફિઝ સાદિક મકામી ઈમામ કારી ઝિયાઉદ્દીન સાહબ વગેરે ઉપરાંત યુવાનો વડીલો તેમજ સુન્ની બહેનોએ હાજરી આપી હતી તેમજ અનેક લોકોએ રેડીયો FM પર ઘરે બયાનો સાંભળ્યાં હતાં.

તેમજ મસ્જિદે ઉષ્માની–લેસ્ટર ખાતે ૧૦ મુહર્રમના ઝોહર બાદ દુઆએ આશૂરા મૌલાના નસિરુદ્દીન સાહબ થકી પઢાવવામાં આવી હતી તેમજ ૧૪ મુહર્રમ શનિવારે મગરિબ બાદ મસ્જિદે ઉષ્માનીના "સુન્ની દા'વતે ઈસ્લામી"ના હફતાવારી ઈજતેમામાં "કર્બલાકે બાદ કે વાકિઆત" પર મુફતી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહીએ બયાન કર્યું હતું. *–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

**લેસ્ટર :** ખાતે ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના અબુલ કલામ રઝવી સાહબના ઘરે ૧૪ મુહર્રમના રોજ ઉર્સે મુફતીએ આ'ઝમના નૂરાની અવસરે નઅત, મન્કબત પઢવામાં આવી. છેવટમાં કારી અબુલ કલામ સાહબે તેમને હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ ના બાલ મુબારક કેવી રીતે નસીબ થયા તે દર્શાવી તેની ઝિયારત સૌને કરાવી અમુક કરામતો પણ વર્ણવી હતી. મૌલાના ખાલિદ સાહબના બયાન બાદ સલાતો સલામ, દુઆ બાદ હાજરજનોને ન્યાઝ જમાડવામાં આવી હતી. *તંત્રી : બરકતે ખ્વાજા માસિક–દયાદરા*

## દારુલ ઉલૂમ ગુલશને અજમેર ભરૂચમાં તકરીરી મુકાબલો

**ભરૂચ :** ઉર્સે મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની (رحمۃ اللہ علیہ) તેમજ ઉર્સે આ'લા હઝરત (رحمۃ اللہ علیہ)ના મોકા પર ચોથો તકરીરી મુકાબલો તારીખ ૨૨ ઓકટોબર ૨૦૧૯ના રોજ **"દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ"**ના તલ્બા વચ્ચે યોજાયેલ જેમાં પ્રથમ નંબર મુહમ્મદઅતીફ–રાજસ્થાન, બીજો નંબર મુહમ્મદકામરાન અને ત્રીજો નંબર મુહમ્મદઓસામાએ હાંસલ કર્યો. "દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ" તેમજ "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા" તરફથી તમામ હિસ્સો લેનાર અને પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનારને ઈનામ આપવામાં આવેલ. મુમ્તહીન તરીકે જંબુસરથી જનાબ મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી), જનાબ મૌલાના સાજિદ અશરફી–બંબુસર અને જનાબ મૌલાના નૌમાન સાહબ–અંકલેશ્વર તશરીફ લાવેલ. અંતમાં સર્વ મુમતહીનોએ તલ્બાની મહેનત તથા ઉસ્તાદોને મહેનતને ખૂબ બિરદાવી હતી અને તરક્કીની દુઆઓ આપી હતી.

## છે કોઈ ઈલ્મના પ્રચારમાં અમને સાથ આપે ?!

અલ્હમ્દુલિલ્લાહ ! **બરકાતે ખ્વાજા (માસિક)** અહલે સુન્નત વ જમાઅતનું અનોખુ ઈન્કિલાબી માસિક ઈ.સ. ૨૦૦૪ થી આજે ૨૦૧૯ ડિસેમ્બર સુધીમાં સતત ૧૭ વરસથી ઈલ્મે દીનના પ્રચારમાં તથા અહલે સુન્નતની ખિદમતમાં લાગેલુ છે. દીનો સુન્નિયતના વિરોધીઓનાં સુન્નિયત વિરૂધ્ધના વાંધાઓ તથા તેમની બદઅકીદાઓની કુર્આન હદીષની રોશનીમાં પોલ ખોલીને મઝહબે હક્કનો "મસ્લકે આ'લા હઝરત"નો ડંકો વગાડી રહેલ છે. સર્વ બાતિલ ફિર્કાઓ "વહાબી, દેવબંદી, અહલે ખબીષ, મૌદૂદી, શીઆ, રાફઝી, ખારજી... વગેરે" સૌને સતત મોકાસર રદિયો આપતુ રહી અહલે સુન્નતની હક્કાનિયતને રોશન કરતુ રહ્યું છે. તે ઉપરાંત કરન્ટ ઈસ્યુ પર સતત નજર રાખી ઈસ્લામ પર ઉઠતા વિરોધીઓના વાંધાઓનો સતત જવાબ આપતુ રહી ઈસ્લામની સુન્નિયતની હક્કાનિયતને જાહેર કરતું રહ્યું છે.

બરકાતે ખ્વાજા (માસિક)નું મહત્વ જો આપ સમજતા હોવ તો આ **મોબાઈલની બદીઓની આંધીના યુગમાં** દીને હક્કના પ્રચાર ખાતર અમને જરૂર સાથ આપશો. **દરેક વ્યક્તિ ફક્ત ૧૦-૧૦ ગ્રાહકોના વધારવા માટે કોશિશ કરે** તો ગ્રાહકોની કમી પૂરી થઈ શકે. તો સુન્નિયતના હમદર્દોને આજીજીભરી વિનંતિ કે અલ્લાહને ખાતર તેના હબીબ ﷺને ખુશ કરવાની નિય્યતે ગ્રાહકો કરીને મોકલવા નમ્ર ગુઝારિશ છે.

*તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

**બરકાતે ખ્વાજા (માસિક)નું લવાજમ ફક્ત રૂ. ૨૦૦/- છે.**

Masoom
Tours & Travels
www.masoomtours.com

**૨૭ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ**

| ઉમરાનું બુકીગ ચાલુ છે | દિવસ |
|---|---|
| ૨૯ ઓક્ટોબર-૨૦૧૯ | ૧૫ |
| ઈદે મીલાદ મદીના શરીફમાં | |
| નવેમ્બર - ૨૦૧૯ | ૧૫ |
| ડિસેમ્બર - ૨૦૧૯ થી માર્ચ - ૨૦૨૦ | ૧૫ |
| એપ્રિલ - ૨૦૨૦ થી રમઝાન ઉમરાહ - ૨૦૨૦ | ૩૨ દિવસ |

**અમારી સુવિધાઓ...**

- ઉમરાહ પ્રોગ્રામ ડાયરેકટ ફલાઈટ સાઉદી અરબીયન એરલાઈન્સમાં રહેશે.
- ભરૂચથી લકઝરી બસની સગવડ
- લોન્ડ્રી ફ્રી
- સવારમાં ચા-નાસ્તો, બપોરે લંચ, સાંજે ચા, રાત્રે ડિનર.
- (ભરૂચના ભઠીયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ જમણ)
- મકકા-મદીના શરીફની જીયારતો ફ્રી માં કરાવવામાં આવશે.
- હોટલ-હરમ શરીફથી ફકત ૮ થી ૧૦ મિનીટના અંતરે
- મકકા શરીફમાં ૪/૫/૬/ રૂમ શેરીંગ- મદીના શરીફમાં ૪/૫ શેરીંગ

**ચાલો બગદાદ**

**૧૧ મી શરીફ બગદાદ શરીફમાં**

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
૪,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ

ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨ | સુહેલ મોટલી : ૯૫૫૮૬ ૮૬૦૯૨
ઐયુબ મોટલી (હાફેઝી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **પારખેત** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. ૧૪–૮–૨૦૧૯, ચાંદ ૧૪ ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૪૦ શનિવારના રોજ જનાબ યૂનુસ આદમ બોરડીવાલાના વાલિદા મર્હૂમા અમીનાબેન આદમ બોરડીવાલાનો ઈન્તેક઼ાલ થઈ ગયો છે. મર્હૂમાના ઈસાલે સવાબ અર્થે તેમના નેક ફરઝંદ જનાબ યૂનુસ આદમ બોરડીવાલા તરફથી રૂા. ૧૦૦૦/– ''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ'' તથા રૂા. ૫૦૦/– ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'' તથા રૂા. ૫૦૦/– ''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા'' તથા રૂા. ૧૦૦૦/– ''દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ''ને લિલ્લાહ મળ્યા છે. અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર ﷺના સદક઼ામાં મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **ભાવનગર** : ખાતે તા. ૧૮–૮–૨૦૧૯, મુ. ચાંદ ૧૮ ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૪૦ સોમવારના રોજ જનાબ અબ્દુર્રહીમ હાસમમિયાં કાઝી અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમ અબ્દુર્રહીમ હાસમમિયાં કાઝીના ઈસાલે સવાબ અર્થે રૂા. ૧૦,૦૦૦/– ''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''ને તેમનાં એહલિયા મુમતાઝ એ. કાઝી તરફથી મળ્યા છે. અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર ﷺના સદક઼ામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. ૨૬–૮–૨૦૧૯, મુ. ચાંદ ૨૫ ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૪૦ સોમવારના રોજ જનાબ ઈમરાનભાઈ શબ્બીર ઘંટીવાલા અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમ ઈમરાન શબ્બીર ઘંટીવાલાના ઈસાલે સવાબ અર્થે તેમના મોટા બા તરફથી જનાબ હાજી અલ્લી માસ્તર ઘંટીવાલા (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા) તરફથી રૂા. ૫૦૦/– ''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા'' તથા રૂા. ૧૦૦૦/– ''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ'' તથા રૂા. ૧૦૦૦/– ''દારુલ ઉલુમ ગુલશને અજમેર–ભરૂચ''ને લિલ્લાહ મળ્યા છે. અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર ﷺના સદક઼ામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. તા. ૩૦–૮–૨૦૧૯, ચાંદ ૩૦ ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૪૦ જુમ્આના રોજ હજીયાણી મુલખબહેન મુહમ્મદ બરેડીયા અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમા હજીયાણી મુલખબહેન મુહમ્મદ બરેડીયાના ઈસાલે સવાબ અર્થે રૂા. ૨૫૦૦/– ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા''ને તેમના નેક ફરઝંદ જનાબ હાજી અબ્દુલ મજીદ મુહમ્મદ બરેડીયા તરફથી મળ્યા છે. અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર ﷺના સદક઼ામાં મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **હલદરવા** : (જિ. ભરૂચ) ખાતે તા. ૧૨–૦૯–૨૦૧૯ ચાંદ ૧૨ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૧ જુમેરાતના રોજ જનાબ હાફેઝ હસન હલદરવી (હાલ : યુ.કે., ભતપૂર્વ : સદર મુદર્રિસ : મદ્રસાએ

મઝાહેરુલ ઉલૂમ–દયાદરા)નાં વાલિદા હજીયાણી ફાતિમા અલી આદમનો ઈન્તેકાલ થઈ ગયો છે. અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર ﷺના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

- ❑ **કુરચણ** : (જિ. ભરૂચ) ખાતે તા. ૧૫–૦૯–૨૦૧૯ ચાંદ ૧૫ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૧ શનિવારની રાત્રે જનાબ હાફેઝ અ. મજીદ મક્કન (ઉસ્તાદ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)નાં વાલિદા ફાતિમાબેન અલી મક્કન અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર ﷺના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- ❑ **બોલ્ટન** : ખાતે દયાદરા નિવાસી દીની કામોમાં અમારા ખાસ સહાયક વડીલ હાજી ઈબ્રાહીમભાઈ જીવાના વાલિદા મોહતરમા હજીયાણી ફાતિમા અલી જીવાનો તા. ૧૬–૮–૨૦૧૯ જુમેરાત, મુ. ચાંદ ૧૩–ઝિલ હજ્જ હિ.સ. ૧૪૪૦ના રોજ લગભગ ૯૬ વરસની વયે ઈન્તેકાલ થયો છે. મર્હૂમા નમાઝના પાબંદ તથા વિર્દો વઝાઈફના પાબંદ અને નેક સીરત હતા. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- ❑ **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. તા. ૨૮–૯–૨૦૧૯, મુ. ચાંદ ૨૮–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૪૧ શનિવારના રોજ હજીયાણી અમીનાબહેન અબ્દુલ મજીદ સારોદીયાનો ઈન્તેકાલ થઈ ગયો છે. તથા રફીક આદમભાઈ કાપડીયાનો તા. ૨૯–૯–૨૦૧૯ના, મુ. ચાંદ ૨૯–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૧ રવિવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. તથા તા. ૦૯–૧૦–૨૦૧૯, મુા. ચાંદ ૯ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૧ બુધવારના રોજ હાજી ઉમરજી યૂસુફ છેલાઘરવાલાનો લગભગ ૮૪ વર્ષની વયે ઈન્તેકાલ થઈ ગયો છે. અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર ﷺના સદકામાં મર્હૂમા તથા મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**ઈસ્લામના અમ્નના પૈગામને પ્રદર્શિત કરતી કિતાબ**

**પયગંબરે રહમત ﷺ**
**અને આપની તાલીમાત**
:: લેખક ::
**મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
:: અનુવાદક ::
**પટેલ શબ્બીર અલી રઝવી**
**કિંમત રૂા. ૨૫૦/–**

ઈસ્લામનો સાચા અર્થમાં અભ્યાસ કર્યા વિના કેટલાક વિરોધીઓ ઈસ્લામની તાલીમાત વિશે ગલત પ્રોપેગન્ડા કરી નાઈન્સાફીની રીતે ઈસ્લામને બદનામ કરવા કોશિશ કરતા રહે છે. તો ઈસ્લામમાં સ્ત્રી અધિકાર, ગરીબો તથા અનાથો, વિધવાઓ, ગુલામો, ખાદિમો, પાડોશીઓ, મા બાપ, ભાઈ તથા વડીલો તેમજ બાળકો, ત્યાં સુધી કે જાનવરોના શું હક્કો છે અને હુઝૂર ﷺએ કેવા અખ્લાક પ્રદર્શિત કરી વિરોધીઓનાં દિલ મોહી લીધાં તેને વાંચો, વંચાવો અને ગલતફહમીઓ દૂર કરો–કરાવો. લાયબ્રેરીઓ, ગૈર મુસ્લિમ, ભાઈ બહેનોને પણ વંચાવો.

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા** C/o. ફૈઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા.જિ. ભરૂચ. મો. ૯૪૨૭૪૬૪૪૧૧